॥ श्री कृष्णायनमः ॥



विविध धोळ तथा पद संग्रह.

भाग २ जो.

લલ્લુભાઈ છગનલાલ દેસાઈ,
ચંગપોળ ખત્રીપોળ—અમદાવાદ.
કીંમત ૦—૮—૦

॥ श्री कृष्णायनमः ॥

જ્ઞાન અને ભક્તિરસથી ભરપુર.

વિવિધ ધોળ તથા પદ સંગ્રહ.

ભાગ ૨ જો.

બહોળા સુધારા વધારા સાથે.

(ઘણાં અપ્રગટિત ધોળ પદનો અપૂર્વ સંગ્રહ.)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને મા

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

લલ્લુભાઈ છગનલાલ દેસાઇ,

ચંગપોળ, ખતરીપોળ—અમદાવાદ.

શ્રી કૃષ્ણાબ્દ ૫૧૪૨ શ્રી વલ્લભાબ્દ ૪૩૮

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

અમદાવાદ—શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરિવલ્લભદાસે છાપ્યું. ઠે. કાળુપુર, ટંકશાળની પોળ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૧૦૦

કીંમત ૦—૮—૦

પ્રસ્તાવના.

વૈષ્ણુવ બન્ધુઓ ! આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પડયો છે ને તેની પ્રસ્તાવના તે વખતે થઇ ગયેલી છે. તેજ પુસ્તકનો આ દ્વિતિય ભાગ છે. માટે તેની પ્રસ્તાવનાની જરૂર નથી એમ કદાચ લેખાશે ખરૂ ' ! ! પણ, ના, જરૂર છે ? તે નીચેનાં કારણોથી આપની ધ્યાનમા આવશે કે—

૧ ધોળ પદનાં જે જે પુસ્તકો અત્યાર સુધીમાં બહાર પડયાં છે તેમાં જોઇએ તેવી સરળતા તથા પ્રાચિન (અપ્રગટિત) ધોળ પદ બહાર પડેલાં જોવામાં નહિ આવેલા હોવાથી તત્સબંધે મારા મનમા ઘણા વખત પૂર્વેની આકાંક્ષા ચાલુજ હતી, તદનુસાર ક્રમશઃ ઘણાં પ્રાચીન ધોળ પદનો આ સગ્રહ એકત્ર કરી જોઇએ તેવી સમવડ પ્રમાણે આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પાડયો છે. ને જેને મારા ઉત્સાહી વૈષ્ણવ ભાઇઓએ સહર્ષ સ્વીકાર કર્યો છે. ઉક્ત ગ્રથ બહાર પાડતી વખતે મારી લેશ પણ ઇચ્છા નહોતી કે આ બીજો ભાગ કરવાની જરૂર પડશે પણ પ્રભુ કૃપાથી અને મારા પ્રેમીને ઉત્સાહી બન્ધુઓની સલાહ, સુચના ને સંગ્રહ મેળવી આપવાની મદદ મળતા પ્રથમ ભાગ બહાર પડયા પછી કેટલોક સગ્રહ મારીપાસે બાકી રહેલો હોવાથી આ દ્વિતિય ભાગમા તેનો સમાવેશ કર્યો છે.

૨ આ પુસ્તકના પ્રથમ ભાગમાં વૈષ્ણવોનુ નિત્ય નૈમિત્તિક કર્મ આપેલુ હોવાથી (જુઓ વિ. ધોળ પદ. ભા. ૧ પ્ર. ૧ લુ) આબીજા ભાગમાં શ્રી ઠાકોરજીની નિત્યની સેવા, શૃગાર કરવા સંબધે કઇક હકીકત લખવાની જરૂર જણાયાથી મારા મિત્ર શ્રીયુત્ શાસ્ત્રીજી જ્યેષ્ટરામ હરિજીવન જોશી, અધ્યાપક-પુષ્ટિ સાપ્રદાયિક સંસ્કૃત પાઠશાળા, પાટણ. અને વૈષ્ણવ્ સુબોધિની

સંસ્કૃત પાઠશાળા, ઉમરેઠ. એમને વિનંતી કરતાં તેઓશ્રીએ. સેવા પ્રકાર લખી આપ્યો છે. જેથી ઉક્ત શાસ્ત્રીશ્રીનો આ તકે અંતઃકરણ પૂર્વક આભાર માનુ છું.

૩ મારા કેટલાક ઉત્સાહી બન્ધુઓની સુચનાથી આ પુસ્તકમા "બાર-માસિક ઉત્સવનાં કીર્તનો" દાખલ કરેલાં છે. (જુઓ. પ્ર. ૨ જું પૃષ્ટ. ૨૬થી) જોકે તેવાં કીર્તનોનો વિસ્તાર ઘણો મોટો છે ને તે બહાર પડી ગયેલો પણ છે. જેથી આ સ્થળે તો તે "પિષ્ટ પેષણ" જેવું લખાશે; છતાં પણ સેવા શૃંગારના કાર્ય ક્રમસાથે આ પણ એક જરૂરનું છે. તેથી યોગ્યજ લેખાશે.

૪ શ્રી યમુનાજીનાં, તથા શ્રી નાથજી આદિ સાતે સ્વરૂપના કેટલાક અપ્રગટિત ધોળ પદ, વસંતના રસિયા, તથા સુરદાસ આદિઅષ્ટસખાનાં ધોળ વગેરે કે જે અત્યાર સુધીમાં પ્રગટમા આવ્યાં નથી એવો સગ્રહ વૈષ્ણવ બન્ધુઓ પ્રત્યેનો ઉચ્ચભાવ દરશાવી મારા જે જે વૈષ્ણવ મિત્રોએ મને મોકલી આપી કૃતાર્થ કર્યા છે. તેમનો આ સ્થળે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

૫ આ પુસ્તકના પાછળના ભાગમા શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી આદિ બાળકોનાં સેવ્ય શ્રી ઠાકોરજીના સ્વરૂપ કયાથી પ્રાગટ્ય થયાં, કોના સેવ્ય, પ્રથમ કોણે સેવા કરી, હાલ કયા ને કોને માથે બિરાજે છે, વગેરે સબંધી સવિસ્તર હકીકત આપેલી છે, જેથી વૈષ્ણવ બન્ધુઓના હૃદયમાં કંઇ નવોજ પ્રકાશ પડશે. (જુઓ પાછળ પૃષ્ટ ૩૩૩ થી) આવા પ્રકારની હકીકતનો વૈષ્ણવ વર્ગમા બહોળો ફેલાવો થવાથી ખાસ જરૂર છે કારણકે યાત્રાએ જનાર દરેક વૈષ્ણવોએ જાણવુ જોઇએ કે યાત્રા શાને માટે કરવી ? પવિત્ર ભગવદીઓનો સમાગમ, પવિત્ર સ્થળનાં દરશન, પવિત્ર પ્રભુનાં દરશન, તે પ્રભુએ કરેલી લીલાઓનુ અવલોકનને ભાવના વિચારવા માટેજ. તે જાણવા માટે અમુક સ્થળે આપણે ગયા ત્યાં અમુક શ્રી......પ્રભુસ્વ-બિરાજે છે, તે આવી યાદી હોય તો જાણવામાં આવી શકે. અત્યાર સુધીમાં આવા પ્રકારની યાદી કોઇ ઠેકાણે જોવામાં નહિ આવેલી હોવાથી

હું પોતે મારા પુજય" પિતાશ્રી તથા માતુશ્રીની સાથે બે વખત યાત્રાર્થે ગયેલો પણુ દીલગીરી સાથે ખમવુ પડેલુ ને આવો અલભ્ય લાભ લેવાનો વખત મળી શકેલો નહિને આકાક્ષા ચાલુ રહેલી. આ પુસ્તકના ધોળ પદનો સંગ્રહ એકત્ર કરતા કોઈ કોઇ ઠેકાણેથી હસ્ત લીખીત પ્રતોમાથી યત્કિચીત્ વર્ણન મળી આવતા તે સબધે ઉત્કંઠા વધતા કેટલાક મહાનુભાવી ભગવદીઓ સાથે વાર્તાલાપ કરી બનતા પ્રયાસે આ યાદી શુદ્ધ કરી છે જેને મારા પ્રેમાળ બન્ધુઓ સ્વાકારી આ દાસ ને આભારી કરી લેખકની લેખીની સફળ કરશે. કદાચ જાણુ બહારથી વખતે કટલીક હકીકત અપૂર્ણ અથવા ભુલ ભરેલી જણાય અથવા ફેરફાર લાગે તો અમને કૃપા કરી જણાવશો તો બીજી આવૃત્તિ વખતે સુધારો કરી શકાશે.

૬ જ્યારે આ પુસ્તકનો પ્રથમ ભાગ બહાર પડ્યો ત્યારે મારા કેટલાક પ્રેમી બન્ધુઓ તરફથી સૂચના થયેલી કે તેમા જો શ્રીમદ્‌વલભાચાર્યજીનો ફોટો આપવામા આવશે તો વૈષ્ણવોને દરશનનો ઘણો લાભ મળશે. જે ઉપરથી તે માટે શ્રી વલ્લભાચાર્યજીનો એક ફોટો ક જેને પુષ્ટિ ભક્તિ સુધા માસિકના કાર્ય વાહકોએ સતત્ પ્રયત્ને તૈયાર કરાવી વૈષ્ણવોની સેવામા મૂકયો હતો, તેની એક પ્રતિ મારા જોવામાં આવી જેથી તે ઉપરથી તેનો બ્લોક કરાવાને વૈષ્ણવ વર્ગની સેવામા મૂકવો ધારી આ સ્થળે તે ફોટો આપ્યો છે. તેનો ભાવ એવો છે કે—આપણામા સુપ્રમાણને ભાવ નાનો મુખ્ય ગ્રન્થ શ્રી સુબોધિનિજી મનાય છે તે શ્રી માહાપ્રભુજી પોતે માધવભટ્ટજીને સામા બેસાડી લખાવે છે, તેમજ આપણા સપ્રદાયના આદ્ય સેવક શ્રી દામોદરદાસજી કે જેમને માટે શ્રી માહાપ્રભુજી પોતે પણ એમ આજ્ઞા કરે છે કે "દમલા તેરે લીયે યહ માર્ગ પ્રગટ કીયોહે" તે શ્રી દામોદરદાસજી સામા બે હાથ જોડી બિરાજી રહ્યા છે અને કૃષ્ણદાસ મેઘન " તે શ્રી નાચરણ કમળમાં સાષ્ટાંગ દડવત કરી રહ્યા છે.

આ ફોટો આ પુસ્તકના મુખ પૃષ્ટે આપ્યો છે. તથા પ્ર. ૪ થા આગળ • શ્રી યમુનાજીનો સુદર ફોટો. એમ બે ફોટા વૈષ્ણવોની સેવામાં મુકતાં મને આનદ થાય છે. પ્રિય વાંચક આ ફોટા સંબધે કંઇ નવિન પણું ભાસે તો તેથી મળતુ માન મને પોતાને નથી પણ ઉકત માસિકના કાર્યવાહક શ્રીયુત્ વાડીલાલભાઇ તથા શ્રીયુત્ મુળચન્દ તેલીવાળાને છે. વૈષ્ણુવ બન્ધુઓ પ્રત્યે મારી વિનંતી છે કે દરશન કરતી વખતે આ દાસને સંભારી સેવામાં શુધ કરશો તો મારો આ થયેલો શ્રમ સફળ થયો માનીશ.

૭ આ પુસ્તક પ્રગટ કરવામા મારા તરફની તો લેશ માત્ર પણ કૃતી નથી તેમજ ખાસ નવિનપણું પણ નથી. માત્ર વૈષ્ણુવ બન્ધુઓની કૃપાથીજ આ સેવકના નિમિત્ત દ્વારા કંઇક થયુ છે.

૮ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. તેથી પ્રેસ દોષથી અગર દૃષ્ટિ દોષથી આ ગ્રથમાં રહેલી અશુદ્ધિ તરફ લક્ષ નહિ આપતાં "हंसोयथा क्षीर मिवाम्बु मध्यात् " હસ જેમ જળમાંથી દૂધ ગ્રહણુ કરે છે તેમ આ ગ્રથમાંથી સાર ગ્રહણુ કરવા સુજ્ઞ જનોને વિનતી છે.

૯ આવા પ્રકારનું પુસ્તક બહાર પાડવાની ઘણા દિવસની મારી આકાંક્ષા આજે પૂર્ણ થયેલી જોઈ મને અત્યાનંદ થાય છે તેથી તે આનદના મુળ રૂપ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના ચરણુસરોજમાં આ મારી અલ્પકૃતિ સપ્રેમ સહર્ષ નિવેદન કરૂ છું

ચંગ પોળ, ખતરી પોળ
અમદાવાદ.
દેવદિવાળી. ૧૯૭૨

લી. આપનો દાસાનુદાસ
કૃપાકાંક્ષી વૈષ્ણુવ.

લલ્લુભાઇ છગનલાલ દેસાઇના
દીનતાપુર્વક જયશ્રીકૃષ્ણુ.

અનુક્રમણીકા.

શ્રી રામનોમીનાં પદ.

અક્ષય તૃતિયાનાં પદ.

શ્રી નૃસિંહ ચતુદશીનાં પદ.

ગંગા દશમોનાં પદ

સ્નાન યાત્રાનાં પદ.

રથ યાત્રાનાં પદ.

મલ્હારનાં પદ.

હિંડોરાનાં પદ.

પવિત્રાનાં પદ.

રક્ષા બંધનનાં પદ.

પ્રકરણ ૩ જું.

નવ વલ્લભાખ્યાન

પ્રકરણ ૪ થું.

શ્રીયમુનાજીનાં ૪૦ પદ.

શ્રીયમુનાજીનાં પદ.

પ્રકરણ ૫ મું.

શ્રીનાથજીઆદિસાતસ્વરૂપનાં પદ

શ્રીનાથજીનાં પદ.

શ્રી નવનીત પ્રિયાજીનાં પદ.

શ્રી મથુરાનાથજીનાં પદ

શ્રી વિઠ્ઠલનાથજીનાં પદ.

શ્રી દ્વારકાનાથજીનાં પદ.

શ્રી ગોકુલનાથજીનાં પદ.

શ્રી ગોકુલચંદ્રમાજીનાં પદ.

શ્રી મદન મોહનજીનાં પદ.

શ્રી બાલકૃષ્ણજીનાં પદ.

શ્રી નટવરલાલનાં પદ.

પ્રકરણ ૬ ઠું.

રાસ પંચધ્યાઇનાં ધોળ.

પ્રકરણ ૭ મું.

વસંત, ધમાર, ડોળ વગેરે.

ધમારથી ડોલ સુધીનાં પદ.

પાનાના નંબરમાં ભુલ થવાથી તેના તેજ નંબર ફરીથી આવ્યા છે માટે ધ્યાન દેઈ વાંચવું.

ધમારનાં પદ.

ડોલનાં પદ.

હોરીનાં પદ.

હોરીના રસીયા, ખ્યાલ.

પ્રકરણ ૮ મું.

વૈષ્ણવ મહાત્મ્યનાં પદ.


અષ્ટસખાનાં ધોળ.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦ મું.

॥ श्रीमद्वल्लभाचार्यजी ॥

માધવભટ્ટજી (કાશ્મીરી)



દામોદરદાસજી (હરસાની)

તિરોધાન (કાશીહનુમાનઘાટ) સં० ૧૫૮૭ આષાઢ શુક્લ ૨

પ્રાદુર્ભાવ (ચંપારણ્ય) સં० ૧૫૩૫ ચૈત્ર કૃષ્ણ ૧૧

કૃષ્ણદાસજી (મેઘન)



॥ श्री कृष्णाय नम' ॥

॥ श्री द्वारिकेशो जयति ॥

વિવિધ ધોળ તથા પદ સંગ્રહ.

ભાગ ૨ જો.

मंगलाचरण.

॥ श्री कृष्णाय नमः ॥

श्रीमद् बालमुकुंद मिन्दु वदनं वृन्दावनाऽऽनन्दिनं ।
वन्दे सुन्दर मेक मेव न परान्निन्दामि वृन्दारकान् ॥
वर्तन्ताम चिरंतना दिविष दोऽनन्ता अनन्ता तले ।
मन्तु ते गणयन्तु माऽय मितरान्मूर्ध्ना न नन्तु क्षमः ॥ १ ॥

अज्ञान तिमिरांधस्य ज्ञानां जन शलाकया ।
चक्षुरुन्मीलितंये न तस्मै श्री गुरुवे नमः ॥ २ ॥
नमामि हृदये शेषे लीला क्षिराब्धि शायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभि सेव्यमानं कलानिधिम् ॥ ३ ॥
चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा ।
षड्भिर्विराजतेयोऽसौ पञ्चधा हृदये मम ॥ ॥ ४ ॥



પ્રકરણ ૧ લું.

भगवत्सेवा प्रकार[1]

વૈષ્ણવોએ ઉષઃકાલે બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લાના પ્રકરણ ૧ લામાં" બતાવ્યા પ્રમાણે સ્નાનાદિ ક્રિયા કરી તિલક મુદ્રા ધારણ કરી ભગવત્સેવા હમેશાં કરવી જોઇએ. સ્થૂલ સૂક્ષ્મદેહ વિશિષ્ટ ચેતનનું નામ જીવ છે તે જીવ.

ममैवांशो जीवलोके जीवभूतः सनातन ॥

ઇત્યાદિ શ્રી ગીતાજીના વાકયાનુસાર ભગવાનનો અંશ છે, માટે તેને પરબ્રહ્મની સાથે અંશાંશિ ભાવ, જન્યજનક ભાવ, તથા સેવ્ય સેવક ભાવ, વગેરે નિત્ય સંબંધ છે. એ પ્રકારે જીવોને ભગવાનનું સહજદાસત્વ હોવાથી ભગવાનની સેવા કરવી એ અત્યાવશ્યક છે શ્રુતિમાં કહ્યુ છે કે—

---

૧ લેખક—કમરેઠ નિવાસી શાસ્ત્રી જયેષ્ઠારામ હરિજીવન જોશી. અધ્યાપક-પુષ્ટિ સાંપ્રદાયિક સંસ્કૃત પાઠશાળા, પાટણ.

यो यदंशः सतं भजेत् ।

જે જેનો અંશ હોય તે તેને ભજે, એજ અભિપ્રાયથી શ્રી આચાર્ય ચરણે સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રન્થમા આજ્ઞા કરી છે કે—

कृष्णसेवा सदाकार्या मानसी सा परा मता ।
चेत स्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ॥

શ્રી કૃષ્ણ ભગવાનની સેવા હમેશા અવશ્ય કરવી તે સેવા **માનસી, તનુજા** તથા **વિત્તજા** એ પ્રમાણે ત્રણ પ્રકારની છે, તેમાં માનસી સેવા મુખ્ય છે, તે માનસી સેવાનુ લક્ષણ આચાર્ય ચરણે એ પ્રમાણે કહ્યું છે કે-**માનસી**-શ્રી કૃષ્ણમા મનની એકાગ્રતા કરવી, ચિત્ત પરોવવુ તેનુ નામ **માનસી** સેવા છે અર્થાત્ જેવી રીતે શ્રાવણ માસમા ગંગાજીનો પ્રવાહ સર્વ કાલમાં વ્યવધાન રહિત સમુદ્રમાં પડયા કરે છે, તેવીજ રીતે પોતાના સેવ્યસ્વરૂપમાં વ્યવધાન રહિત મનનો વિનિયોગ થાય, એટલે મન સેવ્યસ્વરૂપ શિવાય ઇતર કોઇપણ સ્થાને પરોવાય નહિ તેનુ નામ **માનસી** સેવા છે. જેવી રીતે વ્રજભક્તો ગોપીજનોનુ મન એક પ્રભુમાંજ પરોવાયું હતું, તન્મય, તલ્લીન, થઈ ગયું હતું કે જેથી કરી તેમને સગા સંબંધીનું કે પોતાના દેહ સંબંધીનું પણ ભાન રહ્યુ ન હતું તેવી રીતે પ્રભુમાં ચિત્ત પરોવવુ તેનુજ નામ **માનસી** સેવા છે.

તનુજા તથા **વિત્તજા** એ બે પ્રકારની સેવા ફલરૂપા માનસી સેવાની સિદ્ધિને માટે સાધન રૂપા છે.

તનુજા-તનુ એટલે દેહ તેનાથી જે સેવા થાય તેનુ નામ **તનુજા** અર્થાત્ જેવી રીત લૌકિકમા નોકર પોતાના માલિકની

પ્રસન્નતા માટે પ્રાતઃકાલથી ઉઠી સાંઝ સુધી તેની ચાકરી કરે છે, તેવીજ રીતે સંપૂર્ણ બ્રહ્માંડના અધિપતિ શ્રીકૃષ્ણની પ્રસન્નતાને માટે ચિત્તને એકાગ્ર રાખી સર્વેન્દ્રિયોથી તત્પર થવું તેનું નામ તનુજા સેવા છે અર્થાત્ મુખથી પ્રભુના ગુણ ગાવા, નેત્રથી દર્શન કરવાં, કર્ણથી કથા શ્રવણ કરવી, જીભ્હાથી અન્ય રસોને ત્યાગ કરી ભગવત્પ્રસાદ દેહનિર્વાહ પૂરતો ગ્રહણ કરવો, હસ્તથી ભગવન્મંદિરમાં બુહારી વગેરે કરવી, ભગવાન્‌ને શૃંગાર ધારણ કરાવવા, પગથી દર્શનાર્થે પવિત્ર ધામોમા જવુ અર્થાત્ યાત્રા કરવી, વગેરે વધુ વિગત માટે અમારા ત૨ ી પ્રકટ થયેલ "[૧]બ્રહ્મ સંબંધ કાવ્ય" નામનો ગ્રન્થ વાંચી જુઓ

વિત્તજા-વિત્ત એટલે ધન, એ ધનથી જે સેવા થાય તેનું નામ **વિત્તજા**, અર્થાત્ ભગવદ્ ઇચ્છાથી પોતાને પ્રાપ્ત થયેલી ધનાદિ સમ્પત્તિનો પ્રભુમાં વિનિયોગ કરવો તેનુ નામ વિત્તજા સેવા છે. વિત્તજા સેવા બે પ્રકારની છે, એક નો પોતાના ધનથી મંદિર, આભરણ, પાત્ર, સાજ, ભોગ. વગેરે કરાવી પોતાના દેહથી સેવા કરવી તે અને બીજી પોતે ધન ખરચી અન્ય મનુષ્યો ([૨]મુખીયા--ભિતરીયા) દ્વારા સેવા કરાવવી તે. પરંતુ આ

---

૧ આ પુસ્તક ઘણુ લોકપ્રિય હોવાથી હમણા તેની બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે સચિત્ર બહાર પડી છે, ને તે અમારે ત્યાથી મળશે.

૨. કેવળ પૈસા આપી નોકર (મુખીઆ-ભીતરીઆ) પાસે સેવા કરાવવી એ તો કેવળ પ્રમાદનુંજ કારણ છે પોતે તેમા જરાપણ ચિત્તના રાખે તો તેવી સેવા માનસી સેવામા સાધનરૂપ થતી નથી, કારણ તનુજા સાથે વિતજા સેવા હોય તો જ તેથી માનસી સેવા ફળરૂપ થાય છે.

બે પ્રકારમાં પ્રથમ પક્ષજ ઉત્તમ છે, અને તેજ માનસી ફલરૂપા સેવા સિદ્ધ કરી શકે છે બીજો પક્ષ ગૌણ છે અને તેથી ફલરૂપા માનસી સેવા ઘણાજ વિલંબે સિદ્ધ થાય છે

વૈષ્ણવ માત્રનુ મુખ્ય કર્તવ્ય એ છે કે પોતાના ઘરમાં પુષ્ટિમાર્ગીય આચાર્ય ગુરૂદ્વારા પોતાના [1]મનોભિલષિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવીને અર્થાત્ તેમા ભગવદાવિર્ભાવ કરાવી સ્વરૂપ સેવા પધરાવવી અને તે સ્વરુપમાં મૂર્તિભાવ નહિ રાખતાં સાક્ષાત્પુરુષોત્તમ ભાવરાખીને પરમ પ્રીતિ પૂર્વક સાંપ્રદાયિક રીતિથી ઋતુ અનુસાર સેવા કરવી

---

૧. મનોભિલષિત–એટલે ગૌર, શ્યામ, દ્વિભુજ, ચતુર્ભુજ, વગેરે, અથવા શ્રીભાગવત એકાદશ સ્કંધ અધ્યાય ૨૭ શ્લોક ૧૨ મા કહ્યું છે કે–

शैली दारु मयी लौही, लेप्या लेख्या च सैकती ॥

मनोमयी मणिमयी, प्रतिमाष्टविधास्मृता ॥१॥

અર્થ—શૈલી (શિલાની) દારૂમયી (ચંદનાદિક કાષ્ટની) લૌહી (સુવર્ણાદિ ધાતુની) લેપ્યા (મૃત્તિકાની અથવા ઘસેલા ચંદનની) લેખ્યા (ચિત્ર પુસ્તકાદિરૂપ) સૈકતી (રેતની) મનોમયી (ધ્યાન કરેલી) મણિમયી (હીરા મણિ વગેરેની) આ પ્રમાણે આઠ પ્રકારના સ્વરૂપની સેવા કરવાનુ વર્ણવ્યુ છે તો જે સ્વરૂપ ઉપર પોતાને વિશેષ આશક્તિ હોય તે સ્વરૂપની સેવા કરવી

નિત્યનો સેવા પ્રકાર.

(મંગલાથી શયન પર્યંત સંક્ષેપ)

સેવા કરનારે એક પહેરેલું વસ્ત્ર તથા બીજું ઉપવસ્ત્ર સાથે રાખી હમેશાં બે વસ્ત્રયુક્ત સેવા કરવી. પ્રથમ મૃતિકા લઇ ખાસા (ભગવદ્-ઉપયોગી) જલથી હાથ ધોઇને અંગુછાથી કોરા કરવા, ત્યારપછી મંદિર પાસે આવી પોતાના પગનો સ્પર્શ થવા માટે વિનંતી કરી મંદિરને દંડવત્ કરી જય-વિજયની ભાવના કરી ધીરેથી મંદિર ખોલવું, ત્યારબાદ મંદિરમાં જઇ બુહારી કરી હાથ ધોઇ જલ છીરકી મંદિર વસ્ત્ર કરવુ બુહારી કરવાથી મનને વિક્ષેપ કરાવનાર રજ નાશ પામે છે, અને મંદિરવસ્ત્રથી અજ્ઞાનરૂપી પાપ નાશ પામે છે. ત્યારબાદ સિંહાસન ઝટકીને ફરીથી બિછાવવુ તે પછીથી શય્યા પાસેથી ઝારી, બંટા, તસ્ટી, ઉઠાવી લેવાં. બંટો પ્રસાદી વસ્તુમાં ઠલવવો, તથા ઝારી પોતાને ઉપયોગી જલની મથનીમા જળ ગળીને તે પછી તેમા ઠલવવી, તે પછી મૃતિકા લેઇને ઝારી, બંટો, તસ્ટી વગેરે પાત્રો માજવા. ઝારીનુ વસ્ત્ર ધોવુ, પછી ઝારી ભરી નેવડો ચઢાવી એક તસ્ટીમાં સિંહાસન ઉપર ધરવી, પછી મંગલભોગ માટે મગજના લાડુ-૨, દૂધની, દહીંની, સંધાણાની અને માખણ મિશ્રીની કટોરી, વગેરે એ પ્રકારે સાજીને પોતનું કરી

---

૧ તસ્ટી એટલે તંબકડી અથવા તરભાણી

પડઘા ઉપર ધરવું, પછી હાથ ધોવા. શય્યા પાસે જઇ વિજ્ઞપ્તિ કરવી, પ્રથમ ત્રણ વખત ઘટાનાદ કરવા. પછી શ્રીમહાપ્રભુજી શ્રીવિઠ્ઠલનાથજી, વ્રજભકતોની ભાવના કરી વિનંતી પૂર્વક શ્રી ઠાકુરજીને જગાડવા, તેમા પ્રથમ મુખ તરફથી ચાદર ઉઠાવવી, શીતકાલ હોય તો હાથ શેકીને દુલાઇ–રજાઇ જે હોય તે ઉઠાવી શ્રીમુખના દર્શન કરી દંડવત્ કરવા. ત્યારબાદ શ્રીઠાકુરજીને સિંહાસન ઉપર પધરાવી શીતકાળ હોય તો અંગીઠી પાસે રાખવી, ઋતુ અનુસાર વસ્ત્ર ધરવા, બસી શય્યાથી લેઈ ગાદી ઉપર ધરવાં, મુખ વસ્ત્ર પીઠના તકીયા ઉપર વામ ભાગે ધરવુ શય્યા પણ શ્રીઠાકુરજીની વામ બાજુએ રહે, પછી મગલભોગ સમર્પી હાથ જોડી દીનતા પૂર્વક શ્રીની પ્રાર્થના કરવી કે–" હે પ્રભો ! શ્રીમહાચાર્યચરણ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીની કાનિથી, શ્રીગુરૂદેવની કાનિથી કૃપા કરી આરોગો. " બાદ બહાર આવી બ્રાહ્મણ વૈષ્ણવે તથા ક્ષત્રિય વૈશ્યોએ યજ્ઞોપવીત ધારણ કરેલી હોય તેમણે પ્રાતઃ સધ્યા કરવી

પછી રસોઈ ગૃહમા જઇ ખાસાના જલઘરાની સેવા જલ ગાળવું, પાત્ર માંજવા, વગેરે પ્રથમ કરી રસોઈ કરનારને મદદ કરવી, રસોઇ કરનાર બીજો મનુષ્ય ન હોય તો પ્રથમ થોડી રસોઇ કરી લેઇ તે પછી શ્રી ઠાકુરજીને જગાડવા, મગલ ભોગનો સમય એક ઘડીનો રાખવો, સમય થાય એટલે ભોગ સરાવવો, આચમન મુખવસ્ત્ર કરાવવુ બીડી બે ધરવી મગલ ભોગ ધરેલો ઉઠાવી પ્રસાદી વસ્તુમા ઠલવવો, વાસણ માંજવાં, પડઘો ધોઇ તેની નીચે પોતનુ કરી હાથ ધોઈ ઝારી ઠલવવી, પછી ઝારી

ખગાળી ફેર ભરવી, ઝારીનો નેવડો ધોવાની જરૂર નહી, બની શકે તો અવશ્ય આરતી કરવી નહી તો ભાવના કરવી, હાથ ધોવા ટેરો આવ્યા પછીથી—

અભ્યંગ સ્નાન તથા શ્રૃંગાર.

સ્વરૂપ સેવા બિરાજતી હોય તો સ્નાનને માટે એકપાત્રમાં જલ ઉષ્ણ (તાતુ) કરવુ, ઉત્સવ અથવા વાર હોય તો [૧]અભ્યંગનો સાજ તૈયાર રાખવો, એક કટોરીમા સુકો અથવા લીલો મેવો દુધઘર વગેરે સામગ્રી પણ પાસે ધરવી પછી એક થાળીમાં એક ચોકી ધરી તેના ઉપર સફેત વસ્ત્ર બિછાવી તે ઉપર શ્રીઠાકુરજીને પધરાવવા, શીતકાલ હોય તો અંગીઠી પાસે રાખવી, અને શ્રી ઠાકુરજીના રાત્રિના શ્રૃંગાર વસ્ત્ર હોય તે વિજય કરવા, તે પછી ફુલેલ લગાવવું, અને શીતોષ્ણ સોહાતા જલથી સ્નાન કરાવી અંગવસ્ત્ર કરવુ, ત્યાર બાદ અત્તર લગાવી ઋતુ અનુસાર વસ્ત્રો ધરવાં.

વસ્ત્ર ધરવાની રીતિ

કાર્તિક શુકલ એકાદશીથી ઉત્તરાયણ (મકર સંક્રાંતી) ના આગલા દીવસ સુધી રેશમી, ઉત્તરાયણથી પૌષકૃષ્ણ ૧૪ સૂધી છીટનાં, પૌષકૃષ્ણ અમાવાસ્યાથી માઘ શુકલ ૪ સુધી જરી વગેરેના, માઘ શુકલ છઠથી માઘ શુકલ ૧૪ સુધી રેશમી પુરાણાં, માઘ શુકલ પૂર્ણિમાથી ફાલ્ગુન શુકલ પૂર્ણિમા સુધી સુતરાઉ રંગ બે રંગી, તથા સફેત, ફાગણ વદ બીજથી ફાલ્ગુન કૃષ્ણ અમાવાસ્યા સુધી જરી તથા રેશમી વગેરે, ચૈત્ર શુકલ પ્રતિપદાથી

---

૧ અભ્યંગનો પ્રકાર આગળ પાના ૧૯ મા જુઓ.

ચૈત્ર શુકલ અષ્ટમી સુધી છાપાનાં, ચૈત્ર શુકલ દશમીથી વૈશાખ શુકલ દ્વિતીયા સુધી રંગ બેરંગી મલમલનાં, વૈશાખ શુકલ ૪ થો આષાઢ શુકલ ૫ સુધી ફીકારંગની મલમલોના તથા સફેત વિના કિનારીનાં,આષાઢ શુકલ છઠથી ભાદ્રપદ અમાવાસ્યા સુધી રંગ બેરંગી કિનારી વાળા મલમલના,આશ્વિન શુકલ ૧ થી આશ્વિન શુકલ નવમી પર્યંત છાપનાં, આશ્વિન શુકલ એકાદશીથી કાર્તિક શુકલ દશમી સુધી તાસ તથા જરી વગેરેનાં, કાર્તિક શુકલ ૧૨ થી ફાલ્ગુન શુકલ ૧૫ સુધી આત્મસુખ વાગો રહે, શ્યામ મલમલનો, તથા રાજભોગ સમયે [1]તેહ બીછે, પેડો નહિ, શય્યાની નીચે તેહ બીછા વીએ તો સદા બીછાવી રાખવી નહિ.પણ શય્યાની સેવા કરતી વખતે બુહારી કરવા માટે ઉઠાવવી અને વસંતપંચમી સુધી સિંહાસન નીચે રાજભોગ સમયે તેહ બીછે તે ઉત્થાપન પર્યંત રહે. શય્યામા આત્મસુખની ચાદર રૂ ભરેલી રાતી મલમલની કાર્તિક શુકલ ૧૧ થી ગાદી ઉપર બીછે, તેના ઉપર સફેત ચાદર આવે, શય્યાના કશના પ્રબોધિનીથી વસંતપંચમી સૂધી છુટાં જાય. સવારે તથા સાજે શ્રી ઠાકુરજી પાસે અગીઠી રહે અનુસરમા બહાર કાઢવી. શ્રીઅંગે આત્મસુખ વાગો કાર્તિક શુકલ એકાદશીથી ડોલોત્સવ પર્યન્ત રહે, ફક્ત સ્નાન સમયે વડો કરવો. આત્મસુખ વાગામાં ઉપરના ભાગમાં શ્યામ મલમલ અને અસ્તર ગુલાબી મલમલનુ રહે, તથા ઉત્સવના આત્મસુખ વાગાના ઉપર કેસરી મલમલ સુતરાઉ રહે.

૧ નિજ મન્દિરમા તથા શય્યા મન્દિરમા સિંહાસન તથા શય્યા નીચે રૂઇની ગાદી બીછાવે છે તેને તહ કહે છે.

શ્રૃંગાર કરવાની રીતિ.

ચરણારવિન્દમા-નેપૂર, કડા, સાકલા કેડમા-કટિમેખલા. શ્રીહસ્તમાં-કડા, સાકળા, પોચી, બાજુબંધ કુંદના સહીત ધરવા. હૃદયમા-રત્નની જડેલી વૈજયન્તી, તારાગણની માલા, સોનાના મણકાની માલા, સાકળી, કંઠા ભરણ, સર્વે ઉપર ગુંજા. શ્રીમુખારવિન્દ ઉપર-ચિબુક, નકવેસર, તિલક કર્ણમા-કુન્ડલ, મત્સ્યાકૃતિ (મકરાકૃતી) અથવા મયુરાકૃતિ, તથા કર્ણફુલ. શ્રીમસ્તક ઉપર-શિરપેચ, શીશફુલ, તિલકની લડો, પાઘની લડો, તોરા, વેણી, ઉષ્ણકાલમા ઉપર પ્રમાણે મોતીના શ્રૃંગાર, શીરપેચ સહિત કર્ણફુલ, ચન્દ્રિકા શ્રી મસ્તકે ધરવા હોય તો ધરવા, અને મુકુટ અગર ટીપારો અથવા શેરાના શ્રૃંગાર હોય, ઉત્સવના દિવસે કુંડલ ધરવા, ઉત્સવમાં શ્રી કંઠે હાસ ધરાય, ઉત્સવ વિના કંઠાભરણ ધરાય. ફાલ્ગુન સુદિ બીજથી વૈશાખસુદ બીજ સુધીમાં સુદ તથા વદ બને પક્ષની બીજ, પાંચમ, અષ્ટમી, એકાદશી, તથા સુદ પૂનમે મુકુટ ધરાય, (અઢીમાસ ઉષ્ણકાલમાં ન ધરાય) પાછો અષાડ સુદ પૂનમથી કાર્તિક સુદ પૂનમ સુધી ઉપર લખેલી તિથિયોમાં મુકુટ ધરાય. કાર્તિક વદ ૧૧ થી માહાવદ ૭ સુધી મુકુટ ન ધરાય. ઉત્સવનો શ્રૃંગાર હોય ત્યારે મુકુટનો આગ્રહ નહિ. રાત્રિના અનુસરમા કર્ણફુલ, તથા પાઘ, પોચી, તિલક, નકવેસર, ચિબુક, કંઠાભરણ શ્રીહસ્તમાં કડા, સાકળા, ચરણારવિંદમાં નેપૂર, કડાં, સાંકળા એ પ્રમાણે શ્રૃંગાર રહે, શીતકાલમા સોનાનું કંઠાભરણ અને ઉષ્ણકાલમા તથા ચોમાસામા મોતીનુ ધરાય, તેમજ શ્રૃંગાર પણ ઘણે ભાગે મોતીના ધરવા.

શ્રીમસ્તક ઉપર નવ તરેહના શ્રૃંગાર થાય છે તેની વિગત.

કુલ્હેપાગ—જોડ મોર પીછનો તથા કામનો જોડ, મુકુટ-ક્રીટ મુકુટ, કલીનો મુકુટ, તથા સાદા મુકુટ તે પાઘ વિના ધરાય છે. ટીપારો–ટીપારાની ટોપી ઉપર શીખાને આજુબાજુ બે કતરા ધરવાથી ટીપારો થાય છે તે પાઘ વિના ધરાય છે. શેરો–જડાવનો, મોતીનો, ભરેલો. પાગ અગર દુમાલો ધરી ઉપર ધરાય. દુમાલાનો શ્રૃંગાર–બે તોરા તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય. ફેંટો–એક તોરો તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય પગાનો શ્રૃંગાર–પાછળ તોરાનો તેના ઉપર ચન્દ્રિકા અગર કતરો ધરાય. પાઘ ચન્દ્રિકા–મોર પીછની ચન્દ્રિકા રેશમી, બાદલાની અથવા ઝીકની. ટોપી–આડી, ગોળ, ટોપો વગેરે. ઉપર પ્રમાણે ઋતુ અનુસાર શૃંગાર કરવો પછી ટેરો ખોલી દર્પણ દેખાડવુ.

વૈષ્ણવ વર્ગને દર્શન કરાવવા, પલનાના વખતમા શ્રીને પલને ઝુલાવવા. ગ્વાલભોગ વૈષ્ણવને ત્યા ધરાતો નથી.

રાજભોગની રીતી

જ્યારે રાજભોગ આવે ત્યારે શ્રૃંગારમા ધરેલી ભોગની કટોરી, તથા ઝારી ઠલાવવી.

રાજભોગ સાજવાની વિધિ—હમેશા જે જગા રાજભોગ ધરવા માટે મુકરર કરી રાખી હોય તે જગાએ પ્રથમ નીચે પાતળો બીછાવવી. તેને પનવારો કહે છે તે ઉપર સઘળી સામગ્રીના થાળ તથા કટોરા ધરવા. શ્રી ઠાકોરજીના આગળ સખડીનો

થાળ, તેમાં દાળ તથા ઘી મેળવી ગ્રાસ (કોળ) કરવો. થાળની એક તરફ દાળનો ડબરો, શાકનો કટોરો, થાળમા જગ્યા હોય તો રોટી ધરવી. અગર જુદી ધરવી દૂધ ભાત ધરવો, શ્રીઠાકોરજીના જમણા શ્રીહસ્ત તરફ સધાણુ (અથાણુ) તથા લુણ ધરવુ. દૂધ દહીં, ધરવું. બે ઝારા ભરીને ધરવી, પછીથી શ્રીને રાજભોગમાં પધરાવવા ગદ્ય એટલે બ્રહ્મસંબધના નિવેદન મંત્રથી શ્રી ઠાકોરજીના ચર્ણારવિંદમા તુલસી સમર્પવા. ધુપ દીપ કરવો. ઘંટાનાદ સહ તુલસી શંખોદક કરવા, પછી દંડવત્ પ્રણામ કરી હાથ જોડી દીનતા પૂર્વક પ્રાર્થના કરવી કે "હે પ્રભો ! શ્રીમદાચાર્યચરણ શ્રી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઈજી તથા શ્રી ગુરૂદેવની કાનિથી કૃપા કરી આરોગો" એ પ્રમાણે કાની દેઈ વિજ્ઞપ્તિ કરી બહાર આવી બ્રાહ્મણ વૈષ્ણવે અથવા યજ્ઞોપવિત ધારણ કરેલા ક્ષત્રિય વૈશ્યોએ મધ્યાન્હ કર્મ, મધ્યાન્હ સંધ્યા, બ્રહ્મયજ્ઞ, તર્પણ, જપ વગેરે કરવું.

તે પછી રસોઇના વાસણ માજવા, તથા રસોઇ ઘરમા પોતવું; બાદ મંદિરમા સિંહાસન ઉપર ખંડપાટ બિછાવવા ખિલૌનાં ધરવાં ચોપટ માડવી, ગેંદ, ગેડી, વગેરે ધરવા. હંસ, ગાયો, હાથી, સિંહ, ઘોડા, કબુતર, તથા ચકલીઓ, ઘુઘરા, ચુસણી, ટાચકા વગેરે ધરવા રાજભોગનો સમય બે ઘડીનો રાખવો. સમય થયો જાણી ભોગસરાવવો આચમન-મુખવસ્ત્ર કરાવવુ બીડાં ચાર ધરવા, ચરણારવિંદમાથી તુલસી વડા કરવા, અને મોટા સિંહાસન ઉપર શ્રીને પધરાવવા બગલ તકીયા ઉપર મુખ વસ્ત્ર ગડીવાળી ધરવું. મંદિર ખોલી દર્શનાર્થ વૈષ્ણવોને દરશન કરાવવાં, દર્પણ

દેખાડવું. ઠાડું સ્વરૂપ હોય તો વેણુ વેત્ર ધરવુ, શ્રીબાલકૃષ્ણજી બિરાજતા હોય તો વેત્ર નહિ રાજભોગ આરતી કરી હાથ ધોવા, અછવાવાની તસ્ટી પાટ પાસે પડઘા ઉપર ઉત્થાપન સુધી રહે દર્પણ દેખાડવુ નિકટથી તથા દૂરથી,પછી વેણુ વેત્ર વડુ કરવુ, ફુલની માલા વડી કરવી. શય્યાની સેવા પહેલા કરી હોય તો ઠીક ન કરી હોય તો કરવી; શય્યા પાસે ઝારી તસ્ટીમા ધરવી. બંટામાં ભોગ ધરવો. તબકડીમા બે બીડા સિંહાસન ઉપર, ધરવા. પછી દંડવત્પ્રણામ કરી મદીર મંગલ કરવા ત્યાર પછી બ્રાહ્મણ વૈષ્ણવ હોયતો વૈશ્વદેવ કરવો. ત્યાર બાદ સ્વશક્ત્યાનુસાર બને તો વૈષ્ણવને પ્રસાદ લેવડાવવો. અને શક્તિ ન હોય તો નિત્ય નિયમ પ્રમાણે ગૌ ગ્રાસ કાઢીને પછીથી મહાપ્રસાદ લેવો.

મહાપ્રસાદ લેવાનો વિધિ.

પ્રસાદ લેતી વખતે પૂર્વ અગર પશ્ચિમ દિશા તરફ મુખ-રાખી બેસવુ. જલનુ પાત્ર ચાદી અગર તાબાનુ [1]ઉપપાત્ર સહિત જમણી તરફ મુકવુ. પૃથ્વી ઉપર ગોમય (ગોબર) સહિત જલથી પોતનુ કરી પાતલ ધરવી (પાતલ કેળ, આબો, જાબુ, ફણસ, ચંપો, તથા ખાખરાના પાદડાની ઉત્તમ ગણેલી છે. પાત્રમા પ્રસાદ લેવો હોય તો ચાદીના પાત્રમા ઉત્તમ છે અને પિત્તલના પાત્રમાં મધ્યમ છે. ત્રાબા તથા લોઢાના પાત્રમાં લેવુ શાસ્ત્રથી નિષિદ્ધ છે, માટે તેમાં પ્રસાદ લેવો નહિ.) પછી શ્રી હરિસ્મરણ પૂર્વક પ્રસાદ લેવો. પ્રસાદ લેતી વખતે મોન રાખવુ. મહાપ્રસાદની નિંદા

૧ ઉપપાત્ર એટલે નાની ચોળી

સર્વથા ન કરવી. "પ્રભૂના અર્થે બગડયા સુધર્યાની ફક્ત સૂચના કરવામા દોષ નથી" મહાપ્રસાદ લેતી વખતે જલ લેવુ હોય તો ડાબા હાથે ઉપપાત્ર (નાની લોટી) લેઇ જમણા હાથનો ટેકો લેઇ જલ લેવું, કેમકે ડાબા હાથથી જલ લેવાનો શાસ્રમા દોષ કહ્યો છે. પ્રસાદ લેઈ રહ્યા પછી મૃતિકા લેઇને હાથમાં ચિકાશ ન રહે તેવી રીતે બને હાથ ભેગા કરી ધોવા તે પછી મુખ ધોઇને બાર અગર સોળ કોગળા કરવા. તેથી પણ મુખમા જુઠણનો સંદેહ હોય તો અધિક કરવા પછી પ્રસાદી બીડી અગર વિધવા સ્રિઓએ પ્રસાદી સોપારી લેવી જુઠણનુ પોતનુ ત્રણ વખત કરવુ, ત્યાર બાદ સો ડગલા ટહેલવું ત્યાર બાદ આજીવીકાર્થ એક પ્રહર વ્યાવહારિક ઉદ્યમ નીતિ પૂર્વક સત્યતાથી કરવો. બાદ ચતુર્થ પ્રહર થાય એટલે.

ઉત્થાપનનો વિધિ.

શુદ્ધ જલથી સ્નાન કરી શુદ્ધ (અસ્પૃશ્ય-અપરસનું) વસ્ર ધારણ કરી શ્રીજીનું ચરણામૃત લેઈ (વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લામા લખેલી વિધીથી) તિલક મુદ્રા ધારણ કરી હાથ ધોવા. ઉત્થાપન ભોગ માટે લીલો મેવો પ્રથમથી સિદ્ધ કરી રાખવો, તે પછી ત્રણ વખત ઘંટાનાદ કરવો; બાદ પાચ મિનિટ ઠેરી મંદિરને દંડવત્ કરી ધીરેથી મંદીરના કમાડ ખોલી દરશન કરાવવા, પેડો ઉઠાવવો ચોગાન (ગેદ ગેડી) ઉઠાવવા. શય્યા પાસેના ઝારી બંટા પ્રસાદી વસ્તુમા ઠલવવા, સિંહાસન ઉપરના ઝારી બંટા ઠલવવા. ઝારી ખંગાળી ફેર ભરવી લીલો મેવો ખાસા કરી ઉત્થાપન ભોગમાં ધરવો. અડધી ઘડીનો સમય રાખવો. સમય થયો

જાણી ભોગ સરાવવો. આચમન મુખવસ્ત્ર કરાવવુ પછીથી ભોગના દર્શન કરાવવા. સંધ્યા આર્તિ ને ગ્વાલ વૈષ્ણવને ઘેર થતા નથી.

શયનનો વિધિ

પછી શ્રીઠાકુરજીને છોટા સિંહાસન ઉપર પધરાવી શ્રૃંગાર વિજય કરવા. (અનુસરમા કયા કયા શ્રૃંગાર રહે તે શ્રૃંગારના પ્રકારમા પ્રથમ લખ્યુ છે ત્યા જોઇ લેવુ) (દશરાથી પ્રબોધિની સુધી શયન માં વાગો રહે, પ્રબોધિનીથી તે ડોલ સૂધી આત્મસુખ વાગો શયન તથા અનુસરમા રહે દ્વિતીયાપાટથી રામનવમી સુધી શીત માલુમ પડે તો વૈશાખ સુદ બીજ સુધી શયનમા વાગો રહે પોઢતી વખતે વડો કરવો) પછી ઝારી બદલીને શયન ભોગ ધરવો. શયન ભોગમાં અન્નસખડીમા પૂરી તથા શાક ધરવુ, અને અડધો સમય થાય એટલે દૂધની કટોરી ધરવી એકંદર ઘડી એકનો સમય રાખવો, બહાર આવી વૈષ્ણવ બ્રાહ્મણે અગર ઉપવીત લીધેલા ક્ષત્રિય તથા વૈશ્યોએ સાયસંધ્યા તથા જપ કરવો સમય થયો જાણી ભોગ સરાવી આચમન મુખવસ્ત્ર કરાવવુ, બીડાં બે ધરવા. ઝારી બદલવી, શય્યા પાસે ઝારી બંટા ધરવા બંટા ભોગમાં બે નંગ ધરવાં, બીડાનો બંટો ધરવા, પછી શયનના દરશન ખુલે, બની શકે તો શયન આરતિ કરવી, અથવા ભાવના કરવી. પછી સિંહાસન ઉપર ઝારી હોય તે શય્યા આગળ પધરાવવી અનુસરમા ઝારી બે ધરવા, શૈયાની સેવા પ્રથમથી કરી રાખવી. પછી શ્રી ઠાકોરજીને પોઢાવવા વેણુ તથા મુખવસ્ત્ર શય્યામા ધરવાં. ચાદર ઓઢાવવી. શીતકાલ હોય તો ફુલાઈ રજાઈ ઓઢા-

વવી. શયનની માલા હોય તે શય્યા પાસે તસ્ટીમા પડઘા ઉપર ધરવી. પછી શયન ભોગના બોડા અને રાજભોગની માલા હોય તે લઇ બહાર આવવુ, મદિર તાલામગલ કરી મદિરને દંડવત્ કરવા. દિવસ અને રાત્રિમાં બે વખત ભોજન કરવાનું વિધાન છે. માટે ક્ષુધા હોય તો પ્રથમ લખેલી વિધિ પ્રમાણે મહાપ્રસાદ લેવો. પ્રસાદ લીધા પછી પ્રથમ લખ્યા પ્રમાણે હાથ તથા મુખની શુદ્ધિ કરી પ્રસાદી સોપારી લેઈ નિશ્ચિત થઇ સત્સંગ કરવો

સત્સગ

ત્યાર બાદ ગામમા જો પુષ્ટિ સપ્રદાયનુ ભગવન્મદિર હોય તો ત્યા અથવા જ્યાં વૈષ્ણવ મડલી વા સત્સમાગમ થતો હોય ત્યાં [1]વૈષ્ણવ બ્રાહ્મણના મુખથી શ્રીમદ્ ભાગવત, શ્રી સુબોધિનીજી તત્વદીપ નિબધ, ષોડશ ગ્રથોની ટીકા, તથા શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, તથા મહાનુભાવિ શ્રી હરિરાયજી, તથા શ્રી પુરષોત્તમજી વગેરે આચાર્યોના કરેલા સસ્કૃત સિદ્ધાત ગ્રથોનું એકાગ્ર ચિત્તથી શ્રવણ કરવુ જો સસ્કૃત ગ્રન્થો શ્રવણ કરાવનાર ન મળે તો તે ગ્રન્થોના ભાષાન્તર તથા ચોરાશી, બસો બાવન વૈષ્ણવોની વાર્ત્તા વગેરે સાપ્રદાયિક ગ્રન્થોનુ અવલોકન કરવુ (સાપ્રદાયિક ગ્રંથો માટે અમારે ત્યા મળતા વૈષ્ણવોપયોગી પુસ્તકોનુ સૂચિપત્ર મગાવો) જો પોતાના ગામમાં તેવો સત્સમાગમ ન મળે તો પોતાના ઘરમાંજ સત્સમાગમ તથા ભગવત્કીર્તન અવશ્ય કરવુ. એક દિવસ

૧ સ્વમાર્ગીય બ્રાહ્મણ શિવાય સ્વ સપ્રદાયના સિદ્ધાતનુ હસ્ય અન્ય સંપ્રદાયના વિદ્વાનો જાણી શકતા નથી.

પણ ભગવત્કથા તથા કીર્તન વિના વૃથા જવા દેવો નહિ. કેમકે નારદપંચરાત્રમા શ્રીશંકરનું વાકય છે કે.

तद्दिनं दुर्दिनं मन्ये मेघाच्छन्नं न दुर्दिनम् ।

यद्दिनं कृष्ण संलाप कथा पीयूष वर्जितम् ॥

અર્થ—મેઘથી આચ્છાદિત દિવસને હું દુર્દિન (ખરાબ દિવસ) માનતો નથી. પરંતુ શ્રીકૃષ્ણ નામોચ્ચારણ વિનાનો તથા તેમની કથા રૂપી અમૃત પાન વિનાનો જે દિવસ છે તે દિવસને જ હું દુર્દિન માનું છું તેમજ શ્રીમદ્ ભાગવતમા કહ્યું છે કે-

तुलयाम लवेनापि, न स्वर्ग ना पुनर्भवम् ॥

भगवत्संगि संगस्य मर्त्यांना किमुताशिष ॥

અર્થઃ-ભગદીયનો ક્ષણમાત્ર સંગ હોય તો તે સંગની સાથે સ્વર્ગસુખની તથા મોક્ષ સુખની પણ તુલના થઇ શક્તી નથી તો મનુષ્યના રાજ્યાદિ ક્ષણિક સુખની તુલનાની તો ગણનાજ શી ! ઇત્યાદિ સત્સંગ માટે અનેક પ્રમાણો વિદ્યમાન છે

સારાંશ એ છે કે આ સંસારના જન્મ મરણ રૂપ દુઃખથી છુટવા સત્સંગજ નિરૂપણ કરેલ છે, માટે સર્વ વૈષ્ણવોએ જેમ બને તેમ લૌકિક કાર્યોથી નિવૃત્ત થઇ સત્સંગ માટે યત્ન કરવો અને દુઃસંગનો સર્વથા ત્યાગ કરવો દુઃસંગથી બચવાની જીજ્ઞાસાવાળાએ શ્રીહરિરાયજીકૃત દુઃસંગ વિજ્ઞાન પ્રકાર નામનો ગ્રન્થ વાચવો.

શયનનો વિધિ.

એ પ્રમાણે રાત્રિનો પ્રથમ પ્રહર સત્સંગમાં વ્યતીત કરી પછી શયન વખતે હાથ પગ ધોઈ શ્રીજીનું ચરણામૃત લેઇ જેટલો બની શકે તેટલો અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચારણ કરીને તથા દીનતાઆશ્રયના કીર્તન બોલી (જુઓ વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો) શ્રીહરિસ્મરણ કરતા કરતાં સુઇ રહેવું.

" પુષ્ટિ ભક્તિ સંપ્રદાય વિષે જાણવા યોગ્ય વિષયો "

કીર્તનનો વિધિ–શ્રી ઠાકોરજીને જગાવવાથી માંડી, પોઢવા સૂધીનાં કીર્તન ઋતુ અનુસાર સમયાનુસાર જે તે વખતે કરવાં ને તે અમારા "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો પ્રકરણમાં" જોઇ લેવા અત્રે સ્થળ સંકોચના લીધે આપી શકયા નથી.

અભ્યંગનો વિધિ–આંબળાને પ્રથમ દિવસે પલાળવાં અને બીજે દિવસે વાટી નાંખવા તેમાં સુકો તુલસીનો ભુકો વાટીને હળદર તથા અત્તર નાખી ગોટી બંધાય છે. એ પ્રમાણે ગોટી બાંધિ રાખવી. અને અભ્યંગ કરાવવાનું હોય ત્યારે ગોટીને ઘશી રાખવી તથા એક કટોરીમાં કેશરીચંદન અને એક કટોરીમાં સફેત ચંદન ઘસી તૈયાર રાખવુ, શીતકાલમા આંબળાં નહિ પણ ફુલેલ તથા અત્તર રાખવુ.

નિત્યપાઠઃ—બ્રાહ્મણ વૈષ્ણવ જો ભણેલો હોય તો તેણે સ્વ શાખીય વેદની સંહિતાનો તથા ઉપનિષદ્‌નો પાઠ કરવો. અને આન્હિક ગ્રંથોમાં [illegible] તેમણે

સ્નાન કરીને શ્રીયમુનાષ્ટકથી પ્રારંભ કરવો ને ભગવત્સેવા કરતાં કરતાં પાઠ કરવા કંઠસ્થ ન હોય તો સેવાથી પહોંચીને પુસ્તકમાં જોઇને શ્રીમદ્ ભાગવત્, ભગવદ્ગીતા, ષોડશગ્રંથ, શ્રીપુરુષોત્તમ સહસ્ત્ર તથા સર્વોત્તમ, વલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, નામરત્ન, તથા મધુરાષ્ટક, અને ગોકુલાષ્ટક વગેરે પાઠ કરવા, તમામ પાઠ ન બને તો યમુનાષ્ટક, સર્વોત્તમ, નવરત્ન, કૃષ્ણાશ્રય, તથા ચતુશ્લોકી એ પાચ પાઠ અવશ્ય કરવા. **તે માટે અમારૂ વૈષ્ણવોપયોગી નિત્ય નિયમના મુખ્ય પાઠ તથા ધોળ મગાવો.**

ભોજન સબંધી જાણવા યોગ્ય વિષય-રજસ્વલા, શ્વાન, (કુતરૂં) કાક, (કાગડો) ચાડાલ, શુદ્ર, વગેરેની દૃષ્ટિ ન પડે એવા એકાંત સ્થાનમાં ભોજન કરવા બેસવુ

ભોજનના આરંભ તથા અતમા ઉદરપૂર્તી અન્નના બે ભાગથી કરવી, ત્રીજો ભાગ જલથી પૂર્ણ કરવો અને ચોથો ભાગ પ્રાણ વાયુના સચાર માટે ખાલી રાખવો ભોજન કરી ઉઠતી વખતે પાતલમાં થોડો થોડો પદાર્થ અવશેષ રાખવો. પાતલ બીલકુલ ખાલી કરી ઉઠવુ નહિ. પ્રાતઃકાલ, સાયંકાલ તથા મધ્ય રાત્રોના અનતર ભોજન કરવું નહિ. પગ ઉપર પગ મુકીને વા પગ ઉપર હાથ મુકીને અથવા પગ લાબા કરીને વા ડાબા હાથે ભોજન કરવુ નહિ શુદ્રશેષ-અર્થાત્ જે પાકમાથી પ્રથમ શુદ્રે ભોજન કર્યું હોય તે પાકમાથી દ્વિજો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો) એ ભોજન કરવુ નહિ. કેમકે તે શુદ્રનુ ઉચ્છિષ્ટ કહેવાય છે. તેવીજ રીતે જે પાત્રથી શુદ્રાદિકને પેય (જલ-દૂધ વગેરે) પાન

કરાવ્યું હોય તેજ પાત્રથી જલ પાનાદિક દ્વિજોએ કરવું નહિ. એક પંક્તિમાંથી જો કોઇ મનુષ્ય ભોજન કરી પ્રથમ ઉઠી જાય તો દ્વિજોએ પાતલમા રહેલું અન્ન ત્યારપછી જમવું નહિ. પરિવેષણ શેષ-એટલે પીરસતાં બાકી રહેલું શેષ ભંડારમાં મૂકવું નહિ. બાલક તથા સ્રીને એક પાતલમાં સાથે બેસાડી ભોજન કરવું નહિ બાલક તથા વૃદ્ધોને ભોજન કરાવ્યા શિવાય ભોજન કરવું નહિ. વર્ણાશ્રમ ધર્મ પાળવા-શ્રીમહાપ્રભુજીની નિબંધમાં સ્પષ્ટ આજ્ઞા હોવાથી પોતાનાથી ઉતરતી વર્ણનો મહાપ્રસાદ સર્વથા લેવો નહિ રજસ્વલા સ્રીને અન્ન તથા પાત્રાદિકને સ્પર્શ કરાવવો નહિ ત્રાબાના પાત્રમા દહીં, દૂધ, કાંસાના પાત્રમાં શેલડીનો રસ, તથા નાળિયેરનું પાણી, અને ગોળની સાથે દહીં, દૂધ તથા આદુ ભક્ષણ કરવું નહિ, કેમકે તેનો શાસ્રમાં નિષેધ છે.

શયન સંબધી જાણવા યોગ્ય વિષયો.

સંધ્યા સમયે, ગૌશાલામાં, દેવ, બ્રાહ્મણ તથા ગુરૂના ઉપસ્ના ભાગમાં, ઉચ્છિષ્ટ સ્થિતિમાં, સ્મશાન સંબંધી સ્થલમાં અર્થાત્ સમાધિવાળા સ્થળમા, મોટા વૃક્ષના મૂળમા, નગ્ન, અથવા કાછડી વિના, શયન કરવું નહિ, પૂર્વ, પશ્ચિમ, તથા દક્ષિણ તરફ મસ્તક રાખી શયન કરવુ નહિ, ગૃહસ્થને ઋતુકાલમા પોતાની સ્રી પાસે જવાનું શાસ્રમા વિધાન છે ઋતુ એટલે રજસ્વલા થાય ત્યારથી સોળ રાત્રિને ઋતુકાલ કહેવામા આવે છે, તેમાં પ્રથમના ચાર દિવસનો ત્યાગ કરવો. ઋતુમતી સ્રી પાસે શરીરની અસ્વસ્થતા વગેરેના કારણ શિવાય ન જાય તો ઉલટો શાસ્રમાં

દોષ કહ્યા છે. માટે ઋતુકાલમાં એકાદશી, અષ્ટમી, અમાવાસ્યા, ચતુર્દશી, પૂર્ણિમા, શ્રાદ્ધ, ષષ્ઠી, વ્રત, તથા પર્વના દિવસો ત્યાગ કરી પોતાની ધર્મપત્ની એટલે શાસ્ત્રવિધિથી વિવાહિતા સ્ત્રી પાસે અવશ્ય ગમન કરવું. તે સમયે વૈષ્ણવોએ ભગવદ્ભકત સુલક્ષણ-વાન્ પુત્ર થવાની ઇચ્છા રાખવી. એ પ્રમાણે ઋતુ ગમન કરનારને શાસ્ત્રમાં બ્રહ્મચારી ગણેલા છે. સ્ત્રી સમીપ જતી વખતે જનોઇ ગળામાં માળાની માફક કરવુ અથવા પીઠ ઉપર રાખવુ. પછી હાથ પગ ધોઇને સોળ કોગળા કરી શ્રીહરિ સ્મરણ પૂર્વક શ્રીજીનું ચરણામૃત લેઇ સુખ પૂર્વક શયન કરવું

નિષિદ્ધ વિષય—વૈષ્ણવોએ ભગવત સેવામાં પ્રતિબંધક કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એ છ શત્રુઓનો સર્વથા ત્યાગજ કરવો. આ છ શત્રુઓમા પણ કામ મુખ્ય છે—

महत्सेवां द्वारमाहु र्विमुक्तेस्तमो द्वारंयोषितां सङ्गि सङ्गम् ॥

મહત્પુરૂષોનો જે સંગ તેનેજ મુક્તિનું દ્વાર કહ્યું છે. અને સ્ત્રિઓનો તથા સ્ત્રિઓનો જે સંગ કરનારા છે તેમનો સંગ નરકનું દ્વાર કહેલું છે. દયારામ ભાઇએ પણ "ભક્તિ નીતિ" માં કહ્યુ છે કે—

" સ્ત્રી એજ મોટી મોહિની, તેથી નવ રહેવુ સ્ત્રિ પાસ, "

ભોળાને ચંચળ કરે, ક્ષણમાં ઘાલે સત્યાનાશ "

વળી શાસ્ત્રમા પણ કહ્યું છે કે—

दर्शनात् हरते चित्तं, स्पर्शनात् हरते धनम् ।

सङ्गमात हरते वीर्यं, कान्ता प्रत्यक्ष राक्षसी ॥

સ્રીને જોવાથી તરતજ પુરૂષના ચિત્તને હરણ કરે છે, અને સ્પર્શ કરવાથી ધનને હરણ કરે છે, સમાગમથી બળને હરે છે માટે સ્રી એજ પ્રત્યક્ષ રાક્ષસી જાણવી.

परयोनौ पतिते बिन्दौ कोटि पूजा विनश्यति ।

जपो हानि स्तपो हानि ब्रह्महत्या पदे पदे ॥

પરસ્રીની યોનિમાં બિંદુ પડવાથી વ્યભિચાર કરનાર પુરૂષના કરોડો જન્મની પૂજા, જપ, તથા તપની હાનિ થાય છે, અને વ્યભિચાર માટે જતાં પગલે પગલે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. એટલુંજ નહિં પણ વ્યભિચાર કરનાર સ્રિ પુરૂષ બન્નેને સાડા ત્રણ કરોડ વર્ષ સુધી કુંભીપાક નામના નરકનું દુઃખ ભોગવવું પડે છે. માટે પરસ્રિ સાથે વ્યભિચાર સર્વથા ત્યાગ કરવો. માનસિક પણ વ્યભિચાર નિષિદ્ધ છે જુઓ ભાગવતમાં માનસિક વ્યભિચાર કરવાથી શ્રીપરશુરામે પોતાની માતાનુ મસ્તક છેદન કરેલું છે. વધુ વિગત માટે " કામાખ્ય દોષ વિવરણ " નામનું પુસ્તક વાંચવુ.

મિથ્યાલાપ, (જુઠું બોલવું) વૃથાલાપ, (કામ વિનાનું બોલવું) ધૂત (જુગાર) ચોરી વગેરે નિદિંત કર્મનો સર્વથા ત્યાગ કરવો. તેવીજ રીતે પરસ્રી, કામી, ચોર, બહિર્મુખ, નાસ્તિક, દુર્જન, વગેરેનો સંગ સર્વથા કરવો નહિં. તેમજ સૂતકીનું અન્ન, અગીઆરમું, બારમું, પ્રેતાન્ન વગેરે તામસી ભોજનનો સર્વથા ત્યાગ કરવો. અને લશુન, (લસણ) ડુંગળી, ગાજર, કાળીંગડું, લાલમૂળો, સફેત વૃંતાક, ઇત્યાદિ શાસ્ત્ર નિષિદ્ધ પદા-

થોનો અવશ્ય ત્યાગ કરવો. તેમજ મદ્ય, ગાંજો, ભાંગ, અફીણ, તમાકુ, વગેરે નિશાવાળા શાસ્ત્ર દૂષિત વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો. મતલબકે શાસ્ત્રવિહિત પદાર્થોનું સેવન કરવુ, અને શાસ્ત્ર નિષિદ્ધ પદાર્થોનો ત્યાગ કરવો. ॥ ઈતિશમ્ ॥

इति श्रीमद्वादीन्द्र वृन्द विध्वंसन प्रचण्डमार्त्तण्ड श्रीमदखण्ड भूमण्ड
लाचार्य चक्र चूडामणि जगद्गुरु श्रीमन्महाप्रभु श्रीमद्व
वल्लभाचार्य चरणानु कंपाका क्षिणा गुर्जर (गुज·
रात) देशान्तर्गत खेडा मण्डलान्तर्वर्त्यु रेठ
ग्राम वास्तव्य ज्योतिर्बिंदुप नामक.
पण्डित हरिजीवनात्मज ज्येष्ठाराम शास्त्रि,
सङ्कलित सेवाप्रकारः

समाप्ति मगमत् ॥

પ્રકરણ ૨ જું.

બાર માસિક ઉત્સવનાં કીર્તનો.

બાર માસિક ઉત્સવનાં કીર્તનો આપતા પહેલાં અમારે વૈષ્ણવ વર્ગને જણાવવું જોઇએ કે શ્રીઠાકોરજીના સન્મુખ કરવાનાં કીર્તનો પ્રાતઃસમયથી સાંજ સુધીનાં પ્રથમ આપવાં જોઇએ. તો તે અમોએ અમારા વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો પ્રકરણ ૨ જામા આપેલાં છે. ત્યાં જોઇ લેવા. તેમજ બાર માસિક ઉત્સવ પ્રથમ જન્માષ્ટમીથી શરૂ થાય છે તો તેનાં કીર્તનો, વધાઈ તથા ધોળ તે પણ એ પુસ્તકના પ્રકરણ પાંચમામાં આપ્યાં છે; ત્યાં જોઇ લેવાં. અત્રે તો ફક્ત શ્રીરાધાષ્ટમીથી શરૂ કરી રક્ષાબંધન સૂધીનાં કીર્તનો આપ્યાં છે

શ્રીરાધાજીની વધાઈ. (ભાદરવા શુદી ૮.)

રાગ દેવગંધાર. પદ ૧ લું.

આજ બરસાને બજત વધાઈ.
પ્રગટ ભઈ વૃષભાન ગોપકે, સબહિનકી સુખદાઇ. ૧
આનંદ મગન કહત જુવતી જન, મહરિ વધાવન આઇ;
બંદીજન માગધ જાચક ગુની, ગાવત ગીત સુહાઇ. ૨
જય જયકાર ભયો ત્રિભુવનમેં, પ્રેમ વેલિ પ્રગટાઈ;
સુરદાસ પ્રભુકી યહ જીવન, જોરી સુભગ બનાઈ. ૩

રાગ ધનાશ્રી પદ ૨ જું.

બરસાને વૃષભાન ગોપકેં, આનંદકી નિધિ આઇ જુ;
ધનિ ધનિ કુખી રાની કીરતિકી, જીન યહ કન્યા જાઇ. ૧
ઇન્દ્રલોક ભુવલોક રસાતલ, દેખી સુની ન ગાઇ;
સિંધુ સુતા ગિરિ સુતા સચી રતી, ઇન સમાન કોઉ નાંઈ. ૨
આનંદ મુદિત જસોદા રાની, લાલકી કરેં સગાઇ;
પ્રભુ કલ્યાણ ગિરિધરકી જોરી, વિધિના ભલી બનાઇ. ૩

રાગ સારંગ. પદ ૩ જું.

આજ રાવલમેં જય જયકાર.
પ્રગટ ભઈ વૃષભાન ગોપકેં, શ્રીરાધા અવતાર. ૧
ભૂષન વસન શોભિત અંગ અંગન, કંઠ મનોહર હાર;
હાટક તન વદનાર્વિંદ છબી; દુહું દિશ ભયો ઉજિયાર. ૨
સબ સખિયન મિલી દ્વારેં આઈ, ગાવત મંગલ ચાર;
નિર્મીત જોરી કુંવર મોહનકી રામદાસ બલિહાર ૩

પદ ૪ થું.

પ્રગટયો સબ વ્રજકો શ્રૃંગાર;
કરતિ કુખિ ઓતરી કન્યા, સુંદરતાકો સાર. ૧
નખ શિખરૂપ કહાલો વરનો, કોટિ મદન બલિહાર;
પરમાનંદ વૃષભાન નંદની, જોરી નંદ દુલાર. ૨

રાગ કાન્હરો. પદ ૫ મું.

આઠેં ભાદોંકી ઉજિયારી;
રાવલમેં વૃષભાન ગોપકેં, પ્રગટી શ્રીરાધા પ્યારી. ૧
શ્રુતિ સ્વરૂપ સબ સંગ કરી લીને, વ્રજપતિ હેત વિચારી;
દાસ ગોપાલ વલ્લભજુકી, સ્વામીની વશકીને ગિરિધારી. ૨

શ્રી રાધાજીની ઢાઢી. રાગ મારૂ પદ ૬ ઠું

યદુવંશી જીજમાન, તિહારો ઢાઢી આયો હે:
કુંવરી જન્મ સુનિકેં હો આયો, રાખી હમારો માન. ૧
એકવાર હોં પહલેં આયો, દેન વધાઈ તાકી;
નંદી સુર વ્રજરાજ ધરનિધર, કુખિ સિરાની જાકી. ૨
અબતો મેરો મનકો ભાયો, દોઉ નેગ ચુકાવો;
નંદરાની કીરતિ દે રાની, ઢાઢોનકો પહરાવો. ૩
બહોત ભાંતિ ઢાઢીન પહરાઈ, ગોપરાય બડદાની;
કિસોરીદાસકોં નિર્ભય કરિકેં, વ્રજ રાખ્યો વ્રજરાની. ૪

શ્રી રાધાજીનાં પાલનાં. રાગ બિલાવલ. પદ ૭ મું.

અહો મેરી લાડિલી કુંવરિ, કંચન પાલને ઝુલે;
મૃદુ મુસિકાની નિરખી નેન, સુખ કીરતિજુ મનહી મન ફુલે ૧

કબહુંક ચટકોરી ચટકાવતિ, કબહુંક બોલન બોલે,
સૂરદાસ મદન મોહન પિયકી, આનંદકી રસ ખાણુ ખોલે. ૨

શ્રી ચંદ્રાવલીજીની વધાઇ (ભાદરવા સુદ ૫)

રાગ સારંગ.

ચંદ્રભાનકેં નવનિધિ આઈ
સુષમા કુખિ અવતરી કન્યા, ઘર ઘર બજત બધાઇ. ૧
નામ ધર્યો ચંદ્રાવલિ સુખનિધિ, કોટિક ચંદ લજાને,
ભાદોં સુદિ પાંચે સુભ વાસર, અરૂણુ હૃદય રસ માને. ૨
સુનિ વૃષભાન નંદ મન હરખે, દેખિ અનુપમ શોભા;
કૃષ્ણદાસ ગિરધરકી જોરી, દેખત રતિપતિ લોભા. ૩

શ્રી લલિતાજીની વંધાઇ (ભાદરવા સુદિ ૬)

રાગ સારંગ.

આજ સખી સારદા કન્યા જાઇ
ભાદો સુદિ ષષ્ઠીહે શુભ દિન, શુભ નક્ષત્ર વરઆઇ. ૧
ભેરિ મૃદંગ દુંદુભી બાજત નંદકુંવર સુખદાઈ;
ગોપીજન પ્રફુલ્લિત ભઇ ગાવત, મંગલગીત વધાઇ. ૨
નામ કરનકો ગર્ગ પરાસર, ગૌતમ વેદ પઢાઈ;
દીને દાન પિતા વિશોકજુ, નારદ બીન બજાઇ. ૩
આભુષન પાટંબર બહુવિધ, ગો ભૂ દાન કરાઈ;
નંદરાય વૃષભાનરાય મિલિ, વિશોક હી દેત વધાઇ. ૪
સકલ સુવાસિની ધરત સાથિયે, કીરતિ પંજીરિ ધાઇ;
વ્રજપતિકી સ્વામિનીયહ પ્રગટી, લલિતા નામ વધાઈ. ૫

શ્રી નવનાગરી. રાગ બિલાવલ.

શ્રી નવનાગરી પ્યારી, તૂ વૃંદાવનકી રાની
વિહારીન લાડલી પ્યારી, તેરી કીરતિ જગત વખાની.
છંદ–જગતમેં જગમગ રહ્યો યશ, વિન કૃપા કયોં બૂઝહી;
અભિમાન અધા લોગ કરમઠ, તાહી કછુબન સૂઝહીં
કરો કૃપા પરમ ઉદારયે, મોહી વાર વાર સુહાવહીં,
બલિજાઉં શ્રી વૃષભાન નદની, સુજશ તિહારો ગાવહી ૧
શ્રી નવનાગરી પ્યારી, તેરી મોતિન માગ સવારી,
બિહારન લાઠલી તેસિ, પહિરે ઝુમક સારી.
છંદ–સારી જો ભીજી કુલેલમે રહી, પ્રગટ બેની દેખિયે,
ધસી શિશ સુમેરતે માનો, ભ્રમર પાતિ બિસેખિયે,
લલિત કટિ પર લાલ લેંહેગો, નીલ કંચુકી કસિતની,
પ્રથમ જોબન જોત તનકી, કયો બને કવિપેં ભની ૨
શ્રી નવનાગરી પ્યારી તું, ચદ વદન મૃગ નયની;
બિહારન લાડિલી તૈસી હે, ચંપક તન પિક બેની.
છંદ–બેની જુ પિક શુક નાસિકા સમ, અધરબિબ વિલાસની;
કનિક કુડલ અલક ઝલક, કપોલમેં મૃદુહાસિની;
લલિત મુખમેં પાન સોહે, નાસિકા મુક્તા ધરે;
ચિંબુક સાવલ બિદુકી છબિ, કોન ત્રિય સરવર કરે. ૩
શ્રી નવનાગરી પ્યારી, તેરી બેદી જગમગ તાઇ;
વિહારન લાડલી યહ છબિ, કવિપેં વરની ન જાઇ.
છંદ–વરની ન યહ છબિ જાય કવિપેં, નિરખી શ્યામ સિરાઇયો;
દસન દામિન અધર રાતે, લાલ અતિ સુખ પાઇયો,

ગૌર ભાલ વિશાલ લોચન, વક્ર અતિ છબિ રાજહીં;
ભોંહ કામ કમાન માને, બાણ મનમથ સાજહીં ૪
શ્રી નવનાગરી પ્યારી તેરી, છોટી લર ગજ મોતી;
વિહારન લાડલી તેસી, બિચ જગાલી પોતી
છંદ-પોતી જો મુજ જડાવ ચોકી, રહી ઉર પર જગમગે;
અંસ પર મખતૂલ ફોદા, દૃષ્ટિ જીન ગુરૂજન લગે,
વરા કંકન બાજૂ પોચી, ચૂરિ ચારૂ બિરાજહી;
રતન જડિત અમોલ મુંદરિ, અગુરિન છબિ છાજહી.
શ્રી નવનાગરી પ્યારી તેરે, પગ નૂપુર ઝનકાર;
બિહારન લાડલી તૈસી, હૈ મથર ચરન વિહાર.
છંદ-મંથર ચરન વિહાર યહ ગતિ, રાજહંસન અરપહી;
જઘન સઘન ઉરોજ ભારી, દેખી સિંઘ ઃટિ ડરપહી.
પૃથુ નિતબની કિંકિણી સમ. નિપટહી નીવી બની;
ઝબા ઝલકે દેખ દોઉ, રીઝી રહે સાવલ ધનિ
શ્રીનવનાગરી પ્યારી તુ, પિય તન મુરિ મુસિકાની;
બિહારન લાડલી તબ ઉન, બસી ગિરત ન જાની.
છંદ-જાની ન બસી ગિરત કરને, પીતપટ ખસિ ભૂ પર્યો;
રહે ઈકટક ચિત્ર જેસે, પગ ન ભૂમિતેં ઠર્યો.
ઝુકી જાત કછુવન ગાતકી, સુધી અગ અંગ સિથિલ ભયે;
પરત જાન સુજાન સુંદર, ભુજા ભર ભામિન લયે. ૭
શ્રીનવનાગરી પ્યારી તેરે, રસવસ હે જુ કન્હાઇ,
વિહારન લાડલો લાલન રહે, અંગ અગ લુભાઇ.

છંદ-અંગ અંગ લાલ લુભાઇ સાખે, રસિક શિર મુકુટમની;
ગુનરૂપ સીલ સુહાગ સુદરિ, ઓર ત્રિયા કબન ગીની.
વ્રજરાજ નવલ કિશોરકે, કોઇ ઓર ચિત્ત ન આવહી;
બલજાઉં વ્રષભાન નંદની, તો હિત વેણુ બજાવહી. ૮
શ્રીનવનાગરી પ્યારી તુ, શ્યામ મનોહર બોલી;
બિહારન લાડલી તુ ઊઠી, ચલ નવલ કિશોરી.
છંદ-ઊઠી ચલી નવલ કિશોરી રાધે, નવલ લાલ બુલાવહી;
સુંદર શ્યામ સુજાન સખીરી, વાર વાર કહાવહી,
છાંડી માન સંભારી, પ્યારી, કહાલો તોહિ બુલાવહી;
બલજાઉં વ્રષભાન નંદની, તો હિત મોહી પઠાવહી. ૯
શ્રી નવનાગરી પ્યારી યશ, તુમારો માહિ ભાવે;
બિહારન લાડલો યહ યશ, આપહી શ્રીમુખ ગાવે.
છંદ-ગાવેજુ શ્રીમુખ સુયશ તુમારો, તુહી તન મન રમ રહી;
તુહી ધન તુહી પ્રાન જીવન, સપથદે મોસો કહી,
કરો વિવિધ વિહાર ભામિન, એતો ગહેરૂન કીજીયે,
બલિ વિષ્ણુદાસ વિચિત્ર જોરી, લોચનન સુખ દીજીયે. ૧૦

દાનનાં પદ. (ભાદરવા સુદિ ૧૧)

રાગ દેવગંધાર. પદ ૧ લું.

હમારો દાન દેહો ગુજરેટી.
બહુત દિનન ચોરી દધિ બેચ્યો, આજ અચાનક ભેટી. ૧
અતિ સતરાત કહાધો કરેગી, બડે ગોપકી બેટી,
કુંભનદાસ પ્રભુ ગોવર્દ્ધનધર, ભુજ ઓઢની લપેટી. ૨

રાગ બિલાવલ. પદ ૨ જું.

અરી યહ કોહેરી જાત મેરેયા ગહવર વનમેં,બાહુબરા બાજુબંદવારી.
લર લટકન લટકત ગજ મોતી, ચલત ચાલ જોબન મતવારી. ૧
દધિકો દાન દેત નહિ સુદરિ, કહેત કુંવર ગિરિધારી,
રસિક સિરોમની નદ લાડીલો, દાન લિયે ઓર સુરત નિવારી. ૨

પદ ૩ જુ.

તુમ નંદ મહરકે લાલ, મોહન જાનદે, રાની જસુમતિ પ્રાન
આધાર, મોહન જાનદે. ધ્રુવ.
શ્રી ગોવર્દ્ધનકી સિખરતેં, મોહન દીની ટેર,
અતરંગસોં કહત હે, સબ ગ્વાલિન રાખો ઘેર. નાગરિ દાનદે. ૧
ગ્વાલિન રોકી ના રહે, ગ્વાલ રહે પચિહાર,
અહો ગિરધારી દોરિયો, કહ્યો ન માનત ગ્વાર. નાગરિ દાનદે. ૨
ચલિજાત ગોરસ મદમાતિ, માનો સુનત નહીં કાન,
દોરી આયે મન ભામતે, સો રોકી અચલ તાન નાગરિ દાનદે.૩
એક ભુજા કંકન ગહે, એક ભુજાગહી ચીર,
દાન લેન ઠાડે ભયે, ગવહર કુંજ કુટિર. મોહન જાન દે. ૪
બહુત દિના તુમ બચી ગઇ હો, દાન હમારો માર;
આજહોં લેહો આપનો, દિન દિનકો દાન સંભાર. નાગરિ દાનદે.૫
રસ નિધાન નવનાગરી, નિરખ બચન મૃદુ બોલ;
કયો મુરિ ઠાડી હોત હે, ઘુઘટ પટ મુખ ખોલ. નાગરિ૰ ૬
હરખ હિયે હરિ કરખિકે, મુખતે નીલ નિચોલ;
પુરન પ્રગટયો દેખિયે, માનો ચન્દ ઘટાકી ઓલ. મોહન૰ ૭

લલિત વચન સમુદિત ભયે, નેતિ નેતિ યહ બેન;
ઉર આનંદ અતિહી બઢયો, સો સુફલ ભયે મિલિ નેન. નાગરિ૦ ૮
યહ મારગ હમ નિત ગઇ, કબહુ સૂન્યો નહિ કાન;
આજ નઈ યહ હોત હે, સો માગત ગોરસ દાન. મોહન૦ ૯
તુમ નવિન નવનાગરી, નૂતન ભૂષણુ અંગ,
નયો દાન હમ માગને, સો નયો બન્યો યહ રંગ. નાગરિ૦ ૧૦
ચંચલ નયન નિહારીયે, અતિ ચંચલ મૃદુ બેન,
કર નહિ ચંચલ કીજીયે, તજી અંચલ ચંચલ નેન. મોહન૦ ૧૧
સુંદરતા સબ અંગકી, વસન ન રાખી ગોય;
નિરખ નિરખ છબિ લાડીલી, મેરો મન આકર્ષિત હોય નાગરિ૦ ૧૨
લે લકુટિ ઠાડે રહે, જાનિ સાંકરી ખોર;
મુસકી ઠગોરી લાયકે, સકત લઇ રતિ જોર. મોહન૦ ૧૩
નેંક દૂરિ ઠાડે રહો, કછુ ઓર સકુચાય,
કહાકીયો મન ભાવતે, મેરે અંચલ પીક લગાય. મોહન૦ ૧૪
કહા ભયો અંચલ લગી, પીક હમારી જાય,
યાકે બદલે ગ્વાલિની, મેરે નયનન પીક લગાય. નાગરિ૦ ૧૫
સૂધે બચનન માગિયે, લાલન ગોરસ દાન;
મોંહન ભેદ જનાઈ કે, સો કહેત આનકી આન. મોહન૦ ૧૬
જેસેં હમ કછુ કહતહે, એસી તુમ કહિ લેહુ,
મન માને સો કીજિયે, યે દાન હમારો દેહુ. નાગરિં૦ ૧૭
કહા ભરે હમ જાત હે, દાનજો માગત લાલ;
ભઇ અવાર મગ જાનદે, યે ગાડો અટપટી ચાલ મોહન૦ ૧૮

ભરે જાતહો શ્રીફલ કંચન, કમલ વસનસો ઢાંક;
દાન જો લાગત તાહીકો, તુમ દેકર જાહુ નિસંક. નાગરિ૦ ૧૯
ઇનની વિનતી માનીયે, માગત ઓલી ઓડ,
ગોરસકો રસ ચાખીયે, લાલન અચલ છોડ મોહન૦ ૨૦
સંગકી સખી સબ ફિર ગઇ, સુનિહે કીરતિ માય;
પ્રીત હીયેમેં રાખીયે, સો પ્રગટ કીયે રસ જાય. મોહન૦ ૨૧
કાલ્હ બહોરિ હમ આઇ હે, ગોરસ લે સબ ગ્વારિ;
નિકી ભાંતિ ચખાઇ હે, મેરે જીવનહો બલિહાર. મોહન૦ ૨૨
સુનિ રાધે નવનાગરિ, હમ ન કરે વિશ્વાસ,
કરકો અમૃત છાડિકે, કો કરે કાહિહકી આશ. નાગરિ૦ ૨૩
તેરો ગોરસ ચાખવે, મેરો મન લલચાય;
પૂરન શશિકર પાયકે, ચકોર ન ધીર ધરાય. નાગરિ૦ ૨૪
મોહન કચન કલસિકા, લિની શિશ ઉતાર;
શ્રમકન વદન નિહારીકેં, સો ગ્વાલિન અતિ સુકુમાર. મોહન૦ ૨૫
નવ વિંજન ગહિ લાલજુ, શ્રીકર દેત ઢુરાય,
શ્રમિત ભઇ ચલો કુંજમેં, નેંક પલોટું પાય. નાગરિ૦ ૨૬
જાનતહો યહ કોન હે, એસી ઢોઠયો દેત,
શ્રીવૃષભાન કુમારહે; તોહિ બીચકો લેત. મોહન૦ ૨૭
ગોરે શ્રી નદરાયજુ, ગોરી જસુમતિ માય;
તુમ યાહીતે સામરે, એસે લછિન પાય. મોહન૦ ૨૮
મન મેરો તારન વસે, ઓર અંજનકી રેખ;
ચોખી પ્રીત હિયે વસે, યાતે સાવલ ભેખ નાગરિ૦ ૨૯

આપ ચાલસો ચાલિયે, યહે બડેનકી રીતિ;
એસી કબહુન કીજીયે, હસે લોગ વિપરિતિ. મોહન૦ ૩૦
ઠાલે ઠુલે ફિરત હો, ઔર કછુ નહિ કામ,
વાટ ઘાટ રોકત ફીરો, આન ન માનત શ્યામ. મોહન૦ ૩૧
યહી હમારો રાજહે, વ્રજમંડલ સબ ઠોર;
તુમ હમારી કુમુદિની, હમ કમલ વદનકે ભૌંર. નાગરિ૦ ૩૨
એસે મેં કોઉ આઇ હૈં, દેખે અદભુત રીતિ;
આજ સબે નંદલાલજુ પ્રગટ હોયગી પ્રીતિ મોહન૦ ૩૩
વ્રજ વૃંદાવન ગિરિ નદી, પશુ પંછી સબ સંગ;
ઇનસો કહા દુરાઇયે, પ્યારી રાધા મેરો અંગ. નાગરિ૦ ૩૪
અંસ ભુજા ધરિ લે ચલે, પ્યારી ચરન નિહોર;
નિરખત લીલા રસિકજુ, જહા દાનકી ઠોર. મોહન૦ ૩૫

પદ ૪ થું.

ગઢ તે ગ્વાલિન ઉતરી, શિશ મહિકો માટ,
આડો કન્હૈયા વ્હે રહ્યા, રોકત વ્રજ વધુ વાટ. નાગરિ૦ ૧
કહાંકી હો તુમ ગ્વાલિની, કહા તિહારો નામ;
બરસાનેકી ગ્વાલિનિ, ચંદ્રાવલિ મેરા નામ. મોહન૦ ૨
વૃંદાવનકી કુંજમેં, અચરા પકર્યો દોર.
નામ દાનકો લેતહો, લાલ ચાહત હો કછુ ઓર. મોહન૦ ૩
તુમ અકેલે હમ અકેલી, વાત નહિ કછુ જોગ;
તુમ તો ચતુર પ્રવીણ હો, કહા કહેંગે લોગ. નાગરિ૦ ૪
સંગકી સખી સબ દૂરિ નિકસી ગઇ, તુમ રોકી વનમાંઝ,

ધરતો દારૂણુ સાસહેં, અબ હોન લગી હે સાઝ મોહન૦ ૫
તુમ ઓઢી હે કામરી, હમ પહેર્યો હે ચીર,
ઉમડિ ઘુમડિ આઈ બાદરી, અબ કહા વરસાવત નીર મોહન૦ ૬
પ્રેમ મગન ગ્વાલિન ભઇ, હરિકો દરશન પાય,
મુખ તેં વચનન આવહી, સો લગી ઠગોરી જાય. મોહન૦ ૭
લે મટુકી આગે ધરી, પરી શ્યામકે પાય,
મન ભાવે સો લીજીયે, બચે સો બેચન જાય મોહન૦ ૮
સુખ બાઢયો આનંદ ભયો, રહી શ્યામ ગુન ગાય,
સુંદર શોભા દેખિકે, સૂરદાસ બલિજાય. મોહન૦ ૯

રાગ ટોડી. પદ ૫ મું

તેરો કોઉ હેરે કહેયા સુનેયા કન્હૈયા
દધિ મેરી ખાય મટુકિયા ફોરી, ઓર પ્રાનનકે લિવૈયા. ૧
હાર મેરો તોર્યો કમલ કર મોરયો, ઓર ફારી હે ઉરકી કંચુકિયા;
ધોંધીકે પ્રભુ તુમ બહુ નાયક, જાનેગી સાસુ નણંદીયા. ૨

રાગ સારંગ પદ ૬ ઠું

કૃપા અવલોકન દાન દેરી, મહાદાન વૃષભાન કુમારી.
તૃષિત લોચન ચકોર મેરે, તુમ વદન ઈંદુ કિરન પાન દેરી. ૧
સબ વિધ સુઘર સુજાન સુંદરિ, સુનિ વિનતી કાનદેરી;
ગોવિંદ પ્રભુ પિય ચરણ પરસ કહે, યાચક કો તૂ માન દેરી. ૨

પદ ૭ મું

આજ દધિ કંચન મોલ ભઈ.
જા દધિકો બ્રહ્માદિક ઇચ્છત, સો ગોપન વાંટી દઈ. ૧

દધિકે પલટે દુલરી દીની, જસુમતિ ખબર ભઇ;
પરમાનંદદાસકો ઠાકુર, વરવટ પ્રીતિ નઇ. ૨

પદ ૮ મું.

ચલન ન દેત હો યહ વટિયાં.
રોકત આય શ્યામ ઘન સુંદર, જબ નિકસત ગિરિ ઘટિયા. ૧
તોરત હાર કચુકી ફારત, માગ નિહારત પટિયાં,
પકરત બાંહ મરોર નદ સુત, ગહિ ફોરત દધિ ચટિયા. ૨
કુંભનદાસ પ્રભુ કબદાન દીનો, નઇ બાત સબ ઠનિયા;
ગિરિધર પાય પૂજિયે તિહારે, જાનત હો સબ ગટિયાં. ૩

પદ ૯ મું.

મોહન મેં ગુજર બારસાનેકી, મોસોં નાહક માંડી રાર. ૧
પાચ ટકાકી કામર ઓઢે, તાપર કરત ગુમાન;
ગૈયા ચરાવે બાબા નંદકી, મોતેં માંગત દધિકો દાન. ૨
રતન જટીત મેરી ઈંડુરી, અરૂ હીરા જડીયા ક્રોડ;
એક હીરા ગીરી જાયગો, તેરી સબ ગૌવનકો મોલ. ૩
કૃષ્ણજીવન લછીરામકે પ્રભુ પ્યારે, ચરન કમલ ચીતલાય;
નેક ચીતે બલ જાઉ સામરે, મેરો વિમલ વિમલ દધિખાય. ૪

રાગ કાન્હરો. પદ ૧૦ મુ.

સમેં છાંડિ દધિ બેચન આઇ, કાહિ સુંદરિ કોનેં વિધિ ઠાટી;
અહો નાગરિ ગોવર્દ્ધનકી, વિન દિયે કયો ઉતરેં ઘાટી. ૧
રસિકરાય ચાખ્યો ચાહતહે, તેરો મટુકીયા મીઠી કે ખાટી;
મારહિ દાન જાત નિસ વાસર, કૃષ્ણદાસ પ્રભુ યોં કહિ ડાટી. ૨

રાગ કેદારો. પદ ૧૧ મું.

ગુજરીયાં તુ ગર્વ ગહેલી ઉત્તર નાહીં દેત
ચલત ગજગતિ ગોરસકી માતી, અતિ રંગ ભરિયાં. ૧
દિન દિન દાન માર ગઇહૈ હમારો, કબહુ પાલે નહિ પરીયાં;
ગોવિંદ પ્રભુ કહત સખનસો, ઘેરો ઘેરો તબ ધાય અંચલ ધરિયાં.૨

રાગ બિહાગરો. પદ ૧૨ મું.

કુંવર કુંવરિ દાન ચુકાઇ.
ચુંબત વદન આઇ દ્વારમે, જસુમતિ રોહિની લેત બલાઇ ૧
લિયે ઉઠાય ગોદ અપનીમેં, બેઠી રાની ભવનમેં જાઇ;
પુછત કો જીતે કો હાર્યો, બોલે સુર મુસકાઇ ૨
યહ વ્યોહાર દાનકો એસો, મેરી રાધિકા ઉમગ્યો ચાહો;
શ્રી વિઠ્ઠલ ગિરિધરન લાલ સંગ, ત્યોહી ખેલો ઇતને ખિલાહો.૩

શ્રી વામનજીનાં પદ રાગ ધનાશ્રી પદ ૧ લું.

પ્રગટે શ્રીવામન અવતાર.
નિરખ અદિતિ મુખ કરત પ્રસંસા, જગજીવન આધાર. ૧
તન ઘનશ્યામ પીત પટ રાજત, શોભિતહે ભુજ ચાર;
કુંડલ મુકુટ કંઠ કૌસ્તુભ મણિ, ઔર ભૃગુ રેખા સાર. ૨
દેખી વદન આનંદિત સુર મુનિ, જય જય કરેં નિગમ ઉચ્ચાર;
ગોવિંદ પ્રભુ બલિ વામન વ્હેકે, ઠાડે બલિકે દ્વાર. ૩

રાગ સારંગ પદ ૨ જું.

બલિરાજાકો સમર્પન સાચો.
બહુત કહ્યો ગુરૂ શુક્ર દેવતા, મન દ્રઢ આપ નહિં કાચો. ૧

યજ્ઞ કરતહેં જાકે કારણ, સો પ્રભુ આપન જાચ્યો,
પરમાનંદ પ્રસન્ન ભયે હરિ, જો જનકો જાનતહે સાચ્યો. ૨

પદ ૩ જું.

કશ્યપ પિતા અદિતી માતા, પ્રકટે વામન રૂપ;
ભાદોં માસ સુભગ સુદી દ્વાદશી, લીનોં રૂપ અનુપ. ૧
સુર તેતીસો હરખન લાગે, હોહિ હમારે કામ;
બટુ સ્વરૂપ ધર દરશન દીયો, આયે બલિકે ધામ. ૨
તબ હસિ રાજા કહ્યો વિપ્રસો, કહો કહાહે કામ;
સુન રાજા હોં અધિકન માગું, રહિવેકોં એક ઠામ. ૩
તબ તુલસી દલ લીનોં કરમેં, શુક્ર કરીહે ઘાત;
પરમાનંદદાસકો ઠાકુર, જાનતહેં સબ બાત. ૪

સાંજીનાં પદ. પદ ૧ લું.

મુરલી વારે સાવરે, નેક મારગ મોહિ બતાવરે;
સંગ ન સહેલી ફીરોં અકેલી, કિત નંદીસુર ગાવરે. ૧
ભૂલી પરી સંકેત સઘન વન, હોં અબલા કિત જાઉં,
મૃગનયની કે વચન સુનતહી, આઈ મિલે તિહિં ઠાઉં. ૨
મારગ મિલે અંક ભરિ ભેટે, ભલો બન્યો હે દાઊં;
કહિ ભગવાન હિત રામરાય પ્રભુ, રાધા રમન જાકો નાઉં. ૩

રાગ જંગલો પદ ૨ જું.

ગઇરી હુંતો ફૂલવા બીનનકું.
નંદગામકી ગેલ બિસર ગઇ, પાઇરી અચાનક પાઇરી પાઇરી. ૧
ચલરી સખી વૃંદાવન જઇયે, ફૂલનકી સરસાંઇ;
શ્રી હરિદાસકી સ્વામિની રાધે, સાંઝી ભલી બનાઇરી-બનાઇ.૨

રાગ જંગલો પદ ૩ જું.

અરી તુમ કોન હોરી બનમે ફૂલવા બીનન હારી;
રતન જટિતકો બન્યો બગીચા, ફૂલ રહી ફૂલવારી. અરી. ૧
કૃષ્ણચંદ બનવારી આયે, મુખ કયોં ન બોલત સકુમારી. અરી. ૨
તુમતો નંદમહરકે ઢોટા, હમ વૃષભાન દુલારી. અરી. ૩
યા બનમેં હમ સદા બસતહેં, હમહી કરત રખવારી અરી. ૪
બીન બૂઝે બીનત હો ફૂલવા, જોબન મદ મતવારી. અરી. ૫
તબ લલિતા એક મતો ઉપાયો, સેન બતાઇ પ્યારી. અરી. ૬
સૂરદાસ પ્રભુ રસ બસ કીને, વિરહ વેદના ટારી. અરી. ૭

પદ ૪ થું

રહેરી દોઉ બદન નીહારી નીહારી
સાજી પૂજત શ્યામ સખી ઇત, ઉત રાધા સકુમાર ૧
લતા સઘનમેં વ્હે ગઇ ઇત ઉત, સકે ન કોઉ નીરવાર;
નાગરીયા મીલ નેન દોઉનકે, બડે ઠગન ઠગવાર. ૨

પદ ૫ મું

એરી આજ સાજ સમે જમુનાકે કુલન, કુલ લેત ફલ પાયોરી;
હેરત હેરત સઘન કુંજમેં, ચિત્તવત ચિત્તહી ચુરાયોરી. ૧
યહ મંગલ વૃષભાન ગોપકે, ગાવત ચલી વધાયોરી;
નાગરીયાં સાંજીકે પૂજન, યહ મનોરથ પાયોરી. ૨

પદ ૬ ઠું

દોઉનકી અખીયાં અખીયનમાંજ.
અખીયાં હુ સાંજીકે ખેલન, અખીયાં ભૂલી સાંજ. ૧

રૂપ બગીયન કરત રંગ ભર, ગરે બહીયાં દે અખીયાં;
અખીયાંહી સાંજીકે ઉરઝન, ઉરઝન નાગર સખીયા. ૨

કુંજ સદન ગિરિવરધરન, હૃદય વસો કૃષ્ણદાસ.

રાગ મલ્હાર. પદ ૨ જું

તેસોઇ વૃંદાવન તેસીયે હરિત ભૂમિ,
તેસીયે વીર વધુ ચલત સુહાઇ માઈ
તેસેઈ કોકિલા કુહુ કુહુ કૂજત, તેસેઈ નાચત મોર;
નિરખત નયના સુખદાઈ. ૧
તેસેઇ નવરંગ નવરંગ બની જોરી,
તેસેઇ ગાવત રાગ મલ્હાર તાન મન ભાઈ,
ગોવિંદ પ્રભુ સુરંગ હિંડોરે ઝુલે, ઝુલેં આછે રંગ ભરે;
ચહુંદિશતેં ઘટા જુરિ આઇ. ૨

રાગ સોરઠ પદ ૩ જું.

ઝુક ઝુક ઝુલો મેરી પ્યારી આજ.
બાંધ્યો હિંડોરો કદમકી ડાંડી, ગાવત સુઘર સમાજ. ૧
ઇત ચિતવત ઠાડે મનમોહન, બલભદ્ર હેમ રસાલ;
પુરુષોત્તમ પ્રભુકી છબી નિરખત, પુરણ મનોરથ કાજ. ૨

રાગ ઇમન પદ ૪ થું.

સેન કામકી લાયો સો સાવન આયો.
ચલ સખી ઝુલિયે સુરંગ હિંડોરે, કીજે શ્યામ મન ભાયો. ૧
હાવ ભાવકે ખંભ મનોહર કચ ઘન ગગન સુહાયો;
કામ નૃપતિ વૃષભાન નંદિની રસિકરાય વરપાયો. ૨

રાગ માલવ. પદ ૫ મું.

ઝુલતહેં રાધા સુંદરવર. સાવન સરસ હિંડોરેહો.
ચહું ઓર રમકત બાઢયો રસ, વ્રજ જુવતીન તન તોરે હો. ૧
વરન વરન પહરેં તન અંબર, પ્રેમ વિવસ દ્રગજોરેહો;
કીલકી હસત પ્રેમરસ લપટે, કામત્રિયા ચિત ચોરેહો. ૨
તીહીં ઓસર બરસત રસ બુંદન, ચહું દિશતે ઘનઘોરેહો;
કુલ્યાનકે પ્રભુ ગિરિધર રિઝે અતિ, દેત પિત પટ છોરેહો. ૩

પદ ૬ ઠું

ઝુલત લાલ ગોવર્ધનધારી, શોભા બરની ન જાઈ
વામ ભાગ વૃષભાન નંદિની, નવસત અંગ બનાઈ. ૧
અતિ સુકુમાર નારિ ડરપતહેં, મોહન ઉરહી લગાઇ,
નીલપીત પટ ફરહરાતહેં, ધન દામિન દુંજાઈ ૨
માનો તરૂણ તમાલ મલ્લિકા, અંગ અંગ અરૂઝાઇ;
ગૌર શ્યામ છબિ મરકત મણિપર, કનક વેલિ લપટાઇ. ૩
સુરત સુધા વિલસત દોઉજન, સખ સહચરી સુખ પાઈ;
ચતુર્ભુજ પ્રભુ લાલ ગિરિધર યશ, સુરનર મુનિમિલ ગાઇ. ૪

રાગ સામેરી. પદ ૭ મું.

અનીહાંરે શ્રાવણ માસ તૃતિયા ઉજીયારી.
બેઠે હીંડોરે શ્યામસંગ પ્યારી,
હીંડોરો નંદ ભવનમેં સોહે, નિરખત સુરનરકો મન મોહે.
ઢાળ–નિરખ સુર નરકો મન મોહે, ગોપી ગુણ ગાવે ખરી.
વાજીત્ર નાના ભાત વાજે, ઝુલાવત સન્મુખ રહી;
ચગ મૃદંગ ઉપગ તાલજુ, ઝાંઝ રૂન ઝુન બાજહી,
વ્રજ મંડલ રનકાર સોહે, શંખ સુર અતિ રાજહી;
તાન માન બંધાન સુરસોં, મુદિત ગોકુલનાથજુ,
કહત કૃષ્ણદાસ ગિરિધર, ઝુલાવત વ્રજસાથજુ.

રાગ ધનાશ્રી પદ ૮ મું.

શ્રી વૃંદાવિપિન સુહાવનો, રંગ છાયો લાલ;
ઝુલત ગિરિધરલાલ, સુરંગ હિંડોરના રંગ છાયો લાલ.
શ્રી યમુનાપુલિન સુહાવનો, રંગ, પ્રપુલીત શ્યામ તમાલ; સુરંગ. ૧
શ્યામ ઘટા ઘન બરખહી, રંગ; બોલત મધુર મરાલ. સુરંગ. ૨
બાજત બીના કીન્નરી, રંગ, ગાવત મિલિ વ્રજબાલ. સુરંગ. ૩
ઇત રાધે નવ નાગરી, રગ; ઉતહી મદન ગોપાલ. સુરંગ. ૪
કટિ લચકત ઝુકરત બદન, રંગ; પટ ફરકત ઉરમાલ. સુરંગ. ૫
હોડ પરસ્પર ઉમગિભરે, રંગ; ઝોટા દેત રસાલ. સુરંગ. ૬
કૃષ્ણકમલ પરસત ચરન, રંગ; નિરખત હોત નિહાલ. સુરંગ. ૭

રાગ મારૂ. પદ ૯ મું.

ઝુલે નવલ બિહારી પ્યારો, લાલ ઝુલાવન આઇયાં;
સુરંગ હિંડોરો લાલકો તહાં, યુગલ કિશોર સુહાઇયાં. ૧
મણિ કંચનકે ખંભ મનોહર, વિદ્રુમ ડાંડી બનાઇયાં;
પચરંગ ડોરી પાટકી તહા, ચોકી હેમ જરાઇયાં ૨
બરન બરનકે કુંદના તહાં, મોતીન માલ બનાઇયાં,
નિરખત શોભા દંપતિ તહાં, કૃષ્ણદાસ બલ જાઇયાં. ૩

રાગ. કાફી પદ ૧૦ મું.

ઝુલે હિંડોરે સાંવરો, વાકી શોભા બરની ન જાય લલના.
જમુનાતીર સુભગ કુંજનમેં, રચ્યોહે હિંડોરો આય લલના. ૧
કંચનકે દ્વે ખંભ બિરાજત, ડાંડી ચાર સોહાય લલના;
ચોકી ખચિત હે પાંચ પિરોજા, હીરા રત્ન જડાય લલના. ૨
પટુલી હેમ જડાવકી જોરી લાલ બનાય લલના;
દાદુર મોર બપૈયા બોલે, થોરી થોરી બુંદ સોહાય લલના. ૩
ગૃહ ગૃહ તેં સબ સુંદરિ ચલિ દેખન નદલાલ લલના;
નિરખી નિરખી મુખ દેત ઝોટીકા, પુષ્પની વૃષ્ટિ કરાય લલના. ૪
આરતિ કરત યશોદા મૈયા, મોતીન ચોક પુરાય લલના,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલકો, શ્રી રાધા ઝુલાવન આઈ લલના. ૫

રાગ કાફી. પદ ૧૧ મું

ઝુલત મોહન રંગ ભરે હો, સખીરી નદ નૃપતિ કે દ્વાર.
કંચન ખંભ રચ્યો હે હિંડોરો, વિદ્રુમ ડાંડી ચાર,
તાપર મોર કલાસી શોભિત અતિ, મરૂવનકી બલિહાર. ૧

શીશ ટીપારો બન્યો અતિ અદ્‌ભુત, અરૂ શોભિત હે સિંગાર;
શામલ વરન કમલ દલ લોચન, મોહીત સબ વ્રજબાલ. ૨
વામભાગ સુકુમારિ રાધિકા, શોભા બઢી અપાર;
કૃષ્ણદાસ ગિરિધર છબિ નિરખત, તન મન ડારત વાર. ૩

પદ ૧૨ મું.

શ્રી યમુના પુલિન હિંડોરો, રોપ્યો કન્હાઇ હે;
ઝુલનકો વ્રજબાલ, સબે મિલ આઇ હે. ૧
લલિતા ચંદ્રાવલી ઓર, રાધા જુ ગોરી હે;
સાજે નવ સત અંગ, પ્રેમ રંગ બોરી હે. ૨
મુદિત અપને ચાહ, સબે મિલ ગાવહી;
હસિ હસિ મદન ગોપાલસો, રગ બઢાવહી. ૩
કેસરિ પાગ કસુભી, ઢરક ઇકઢાર સોં;
વ્રજ વનિતા ન રહી, લખિ અગ સંભારસો ૪
કુચ તની ગઇ ટુટી, હિયે હુલસાની હે,
મદન મોહન પિયકે, ઉરસો લપટાની હે. ૫
પ્રકટ કરત રસ રીત, રસીલી બાલસો;
શ્રી વિઠ્ઠલ ગિરિધર પિય, નેન વિસાલસોં. ૬

રાગ જેજેવંતિ. પદ ૧૩ મું.

માઇ આજ તો હિંડોરે ઝુલે, છૈયા કદંમકી,
ગોપી સબ ઠાડી માનોં, ચિત્ર હે સદનકી. ૧
પીતાંબર મુકતા માલ, બન્યો હે તિલક ભાલ;
કુંડલ મુકુટ છબી, છુટી અલકનકી. ૨

દેખત રંગીલે નેન, બોલત મધુરે બેન;
મોહેહેં કોટિક મેન, શોભા દેખ વદનકી. ૩
બાજત મુરલી ધુની, મોહે સુર નર મુનિ,
શંકરસે મહા જ્ઞાની; તારી છુટી તનકી. ૪
હરિ જશ જેહી ગાવે, તેહી તેહી સુખ પાવે;
ભઈ હેં મગન શોભા, દેખી શ્યામ ઘનકી. ૫

રાગ રાયસો. પદ ૧૪ મું.

ઝુલત મોહન રંગ ભરે, ગોપ વધુ ચહું ઓર;
શ્રી યમુના પુલિન સુહાવનો, વૃંદાવન શુભ ઠોર. ૧
શ્રી રાધાજુ કરે કિલકારીયાં, જયોં ગરજત ઘનઘોર,
તા પાછેં સબ સખીયન, મિલજુ કરત હે સોર. ૨
તેસેઇ રટત પપૈયા, બોલત દાદુર મોર;
નંદદાસ આનંદભરે, નિરખત યુગલ કિશોર. ૩

પદ ૧૫ મું.

લલિત લાલકો શહેરો, ઝગમગ રહ્યોરી ભાય;
દુલહની પ્યારી રાધિકા, દુલ્હે શ્યામ કન્હાઈ. ૧
કુંજ ભવનમે હિંડોરો, બાંધ્યો હે પરમ સોહાય,
ઝુલવત હેં સબ સહચરી, મિલિ સબ ઝુંડન આય. ૨
બોલત મોર પપૈયા, દાદુર શબ્દ સોહાય;
યહ સુખ શોભા દેખિકે, દાસ રસિક બલિજાય. ૩

પદ ૧૬ મું.

ઝુલત રાધા મોહન, કાલિંદિકે કુલ;
સઘન લતા સુહાવની, ચહું દિશ ફુલે ફુલ. ૧

સખી ઝુરી ચહું દીશતેં, કમલ નયનકી ઓર;
બોલત વચન અમૃત મય, નંદદાસ ચિત્ત ચોર. ૨

પદ ૧૭ મુ.

વૃંદાવન કુંજન મેં, ઝુલત જુગલ કિશોર;
મધુર મધુર ઝૂલવત, પ્રેમ સહિત વ્રજ ખોર. ૧
કુસુમ લતા સોહાવની, શુક પીક બોલત મોર,
ભવર ગુંજાર ઉચ્ચારત, દાદુર કરત હે સોર. ૨
મધુરે જલધર બરખહી, મીલી જુ કરત ઝક ઝોર;
ઝુલાવત આનદ સો, સોહાઈ શોભા જોર ૩
રીઝદેત વૃષભાનની, પ્રિયકે પ્રાણુ અકોર,
શોભા દેખત વારત, ગદાધર ચિત્ત ચોર. ૪

રાગ જેજેવતિ. પદ ૧૮ મું

પુલકો હિંડોરો બન્યો, પુલ રહી જમુના
પુલનકે ખભ દોઉ, પુલનકી ડાડી ચાર;
પુલનકી ચોકી બની હીરા જગમગના. ૧
ચહું દીશ સખી પુલી, પુલ્યો બન સઘના;
નંદદાસ પ્રભુ પુલે, પુલી રહ્યો અંગના. ૨

રાગ રાયસો. પદ ૧૯ મુ.

હીંડોરો પુલન રચ્યો, નંદ મહરજુ કે ધામ;
જુવતિ જુથ મિલિ ગાવહી, ઝુલત નંદકુમાર, ૧
પાવસ રીતુ સુહાવની, આયો સાવન માસ;
દાદુર મોર ચકોરહી, કોકીલ કૂંજત પાસ. ૨

પુલન ખંભ દોઉ બને, પુલન ડાંડી ચાર;
પુલનકો મરૂવા બન્યો, પટુલી પરમ રસાલ. ૩

ઝુલવન આઇ પ્યારી રાધિકા, સખી સબ લીને સંગ;
એસી છબિ તબ આવહી, પુલભઇ સબ અંગ. ૪

અરૂ ઝુલવત લલિતા સખી, આનંદ અંગ અપાર;
ચત્રભુજ પ્રભુ ગિરિધરનકો, નિરખ જાત બલિહાર. ૫

રાગ મલ્હાર પદ ૨૦ મું.

હિંડોરે માઇ કુસુમન ભાત બનાઇ;
નવલ કિશોર મનોહર મૂરતિ, ઢિગ રાધા સુખદાઇ. ૧

છાય રહે જીત તીતતે બાદર; બિચ દામિની અધિકાઇ,
દાદુર મોર પંપયા બોલે, ન્હેની ન્હેની બુંદ સુહાઇ. ૨

ઝોટા દેત સકલ વ્રજ સુંદરી, ત્રિવિધ પવન સુખદાઇ;
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલકી, યહ છબિ બરની ન જાઇ. ૩

રાગ અડાનો. પદ ૨૧ મુ.

સાવનકી પૂન્યોં મન ભાવન હરિ આયે ઘર,
ઝુલુંગી પચરંગી ડોરી બાંધ હિંડોરે,
પહરોંગી સુરંગ સારી કંચુકી કસ બાંધો કારી,
હીરાકે આભુષણુ સોહે તન ગોરે. ૧

ધરિ હોં ઉર કુસુમહાર નિરખોગી વારંવાર,
નયન નિહાર નંદલાલ કછુક વેષ થોરેં;

રસિક પ્રીતમ સંગ સુખદ પાવસ ઋતુ,
વિલસોંગી ભેટોંગી આનંદભર કંઠ ભુજા જોરે. ૨

રાગ જંગલો પદ ૨૨ મું.

પ્યારે સંગ ઝુલન હામાનુ ચાય. વાકે સગ ઝુલનાવે જરૂર;
ચંદ સરોવર તિર હિંડોરો, રંગ રગીલી ડાર ૧
કહા કરેગી સાસ નનદીયા, યોહી સબનકું લાય,
પુરુષોત્તમ પ્રભુકી છબિ નિરખત, લાગ લાગ ગરે બાંહ. ૨

પવિત્રાનાં પદ. રાગ સારગ. પદ ૧ લું.

શ્રાવન માસ શુકલ એકાદશી જસોમતી કરત વધાઇ,
અતિ સુગંધ ઉવટનો ઉવટીકેં, સુદર શ્યામ ન્હવાઇ. ૧
કરી સીંગાર બોહોભાંત પરમ રૂચી, મૃગમદ તિલક બનાઈ;
મોર ચાદ્રકા શીશ બિરાજત, દિશ દાહિની ઢરકાઈ. ૨
પચરંગ પાટ બનાય પવિત્રા, કંચન તાર ગુંથાઈ,
કુમકુમ તિલક દીયો અક્ષત ધરી, નદલાલ પહરાઈ. ૩
વિવિધ ભોગ લે આગે રાખત, તનકજુ લીયો કન્હાઇ;
આરતિ વારત અતિ પ્રફુલ્લિત મન, શોભા બરની ન જાઈ. ૪
દેત અશીશ સકલ વ્રજ વનિતા, ચિરજીયો તુમ બલ દોઉ ભાઈ;
શ્રી વિઠ્ઠલ પદરજ પ્રતાપતે, હરજીવન સુખદાઇ ૫

પદ ૨ જું.

પવિત્રા પહરત ગિરિધરલાલ.
સુંદર શ્યામ છબીલો ઢોટા, સકલ ઘોષ પ્રતિપાલ. ૧

હઠ મન હરત હમારો મોહન, સંગ નાગરિ બાલ;
ફુલી ફીરત મત્ત કરિણિ વત, અતિ આનંદ નંદલાલ. ૨
દેખ સ્વરૂપ ઠગીસી ઠાડી, હરખત મગલ ગાવે;
ગોવિંદ પ્રભુ પર સકલ દેવતા, કુસુમાંજલિ બરખાવે. ૩

પદ ૩ જુ

પવિત્રા પહરત વિઠ્ઠલનાથ,
શ્રી ગિરિધર આદિ બાલક સંગ, બેઠે શોભીતહે સબ સાથ. ૧
અપને જન પવિત્ર કીયે હેં, પવિત્રા દીયે હાથ,
ગોવિંદ પ્રભુ કરૂણામૃત વરખત, ધરત લાલ કર માથ. ૨

રક્ષા બંધનનાં પદ રાગ સારંગ. પદ ૧ લું

રાખી બાંધત હે નંદરાની.
રતન જટિતકી સુભગ બની અતી, મોહનકે મન માની ૧
વિપ્ર બુલાય દેઈ બહુ દક્ષિના, જસોદા મન હરખાની;
કુંભનદાસ ગિરિધર કે ઉપર, સર્વસ વારતિ આની. ૨

પદ ૨ જું.

માત જસોદા રાખી બાંધત, બલિ ઓર શ્રીગોપાલકે.
કંચન થાર મેં અક્ષત કુમકુમ, તિલક કીયો નદલાલકેં. ૧
આરતિ કરત દેત ન્યોછાવર, વારત મુક્તા માલકે;
છીત સ્વામિ ગિરિધર સુખ નિરખત, બલિ બલિ નેન વિશાલકે. ૨



પ્રકરણ ૩ જું.

પરમભક્ત ગોપાલદાસજી કૃત નવાખ્યાન.

આખ્યાન ૧ લુ —રાગ કેદારો.

હુ શ્રીવિઠ્ઠલવર સુદર, નવઘનશ્યામ તમાલ,
ગતિતલ ઉદ્ધાર કરેવા, પ્રગટયા પરમ દયાલ ૧
ીપુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા, લીલા દ્વિજ તનુધારી,
ાત દિવસ ગિરિવર કર ધાર્યો, વાસવ વૃષ્ટિ નિવારી. ૨
પ્રગટયાનું કારણ કહીયે, જો સુરતા મન આણો;
રો કૃપા હું કરૂ વિનતિ, પોતાના કરી જાણો. ૩
ાપક રૂપ અદ્વૈતબ્રહ્મ જે, તેજોમય કહેવાય;
ાર્ય પંથ અધિકારી મુનીજન, તે માહે લય થાય ૪
ાક્ષર આદ્ય અખંડ અનુપમ, ઊપમા કહી ન જાય,
.સ્તિ વસ્તુ સઉકો મળી બોલે, નિગમ નેતિ નેતિ ગાય. ૫

નિર્ગુણનો નિર્દોશ અટપટો, રસના શી પેરે કહીયે;
રૂપ વર્ણ વપુ દ્રષ્ટ પદારથ, ત્યાં એકો નવ લહીયે. ૬
તેહ થકી પુરુષોત્તમ અળગા, લીલા અચળ વિહાર;
બ્રહ્મજ્ઞાનીને મુક્તિ મારગી, સ્વપ્ને નહિં વ્યવહાર. ૭
જ્યા શ્રીવૃંદાવન આદ્ય અચળ શશિ, શરદ રેન બહુ વેશ;
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ. ૮
જ્યાં સરિતા ચામીકર મણિ ગણ, ઉભય બદ્ધ સોપાન;
કમલ કુમુદ નાના અલિ સુંદર, મધુર કરે ત્યા ગાન. ૯
કનકલતા માલતી મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ. ૧૦
પદ્મરાગ મરકતમણિ સ્ફટિક, શ્રીગોવર્દ્ધન સોહે;
બ્રહ્મા રૂદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરીનુ મન મોહે ૧૧
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિં પાર;
વિવિધ પ્રકારે જુજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર. ૧૨
શ્યામા શતદલ નયન સુંદરી, યુથ તણો નહિં પાર,
અનેક રાસમંડલ રચના રચિ, ખેલે શ્રી નંદકુમાર ૧૩
એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્યઝંકાર;
અંગ સ્વેદ મકરંદે મોહ્યા, મધુપકરે ગુંજાર. ૧૪
એ પ્રભુને મન ઇચ્છા ઉપની, જશ થાવા વિસ્તાર,
અધિકારી પાખે એ વાણી, નહિં કોને ઉચ્ચાર. ૧૫
ભૃભંગેથી સૃદિ નીપની, અતિ સુંદર બ્રહ્માંડ,
ચૌદલોક નાના વૈચિત્ર્યે, ભૂમંડલ નવખંડ. ૧૬

પરપોતાની વ્યક્તિ કરેવા સૃષ્ટિ તે દ્વિધા પ્રકાર;
દૈવી આસુરી બે ઊપજાવી, પ્રભુ મન કરી વિચાર. ૧૭
ભક્તિ સુંદરીને માયા દાસી, બે મૂરત પ્રકટાવી;
તેમાં પહેલી નખશિખ સુભગા, શ્રીહરિને મનભાવી. ૧૮
કૃપા કટાક્ષે હુવા અક્ષરમા, ઉપન્યા સત્વ અનંત;
ભક્તિ લીન હુવા સૌભાગી, તે વૈષ્ણવ ગુણવંત. ૧૯
બીજી કટાક્ષે જે જન ઉપન્યા, માયામાં થયા લીન,
કર્મજડ આસુર અન્ય ઉપાસક, ભજન ધર્મથી હીન. ૨૦
એણી પ્રકારે સૃષ્ટિ દ્વિધાગુણ, મિશ્રિત ચાલી જાય;
ભક્તિમારગી જીવ સ્વતંતર, કેવળ ભક્ત ન થાય. ૨૧
શ્રી પુરુષોત્તમે વળી વિચાર્યું, હવે પ્રકાર શો કરીયે;
મારી સેવા અને કથારસ, નિરૂપવા તનુ ધરીયે. ૨૨
ભક્ત જીવના ભાગ્ય વિસ્તર્યા, ઇચ્છા કરી હરિ સાર;
તેણે હેતે આપો પેં પ્રગટયા, શ્રી વલ્લભરાજ કુમાર. ૨૩
પૂર્ણ બ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત, પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલનાથ;
શ્રી ગોકુળમાં પ્રકટ પધાર્યા, સ્વજન કીધા સનાથ. ૨૪

આખ્યાન ૨ જું—રાગ રામકલી.

શ્રી લક્ષ્મણ સુત શ્રી વલ્લભરાયજી;
સ્મરણ કરંતાં દુષ્કૃત જાયજી,
કળિજન તરવા નહિં અવર ઉપાયજી,
યજ્ઞ પુરૂષ હરિના શ્રુતિ ગુણ ગાયજી. ૨

ગાય શ્રુતિ ગુણરૂપ અહર્નિશ ધરી ધ્યાન વિચાર;
આનંદરૂપ અનુપમ સુંદર, પામે નહીં કોઇ પાર. ૧
પ્રાણપતિ પ્રાકટય કારણ, કાંઇક કહું મતિમંદ;
હર સુર વિધાતા નવલહે, સાક્ષાત બ્રહ્માનંદ. ૨
શ્રી વૃંદાવનચંદ મુખરૂચિ, અગ્નિ તે અવતાર;
દ્વિજ તિલક ત્રિભુવન નામ નિરૂપમ, રૂપ અંગીકાર. ૩
દેવલોક દુદુંભી વાગીયાં, આનંદ કરેરે નિઃશંક;
અસુર તિમિર ઉચ્છેદવા, ભૂવિ વલ્લભદેવ મયંક. ૪
પૂરણ પુરૂષ પ્રમાણ પથા, વ્યાખ્યાતા વેદાન્ત,
ગ્રંથ સર્વે રસરૂપ કીધા, પોતાને સિદ્ધાન્ત. ૫
રસિક રસના રસિક વાણી, જાણી નર (સર્વ) નવખંડ;
ઉર્ધ્વ પથે સ્વયશ પ્રસર્યો, વાધીયો બ્રહ્માંડ ૬
એક બ્રહ્માડે જેનો યશ ન માયો, તેના હુવા કોટી અનંત;
તોય ત્યાં થકી વાધીયો, જઇ વશ્યો મુખ ધીમંત. ૭
અતુલ અમલ ઉદ્યોત ઉદયો, ભૂતલ દ્વિજ માર્તંડ,
ભક્તિ મારગ કેસરિ ગજ, માયિક મત શતખંડ ૮
દિગ્વિજય દશ દિશાએ કીધો, પરિક્રમાને વ્યાજ,
તિર્થ સકળ સનાથ કીધા, ચરણ રેણુ સમાજ ૯
પત્રાવલએ પંડિત જીત્યા, માયિક મત માતંગ,
શ્રીકૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા, જેના રૂપ કોટિ અનંગ ૧૦
સ્વમારગ સ્થિર સ્થાપવા, આપવા ભજનાનંદ,
નામ આપ્યાં જીવને, શુભ મિષ્ટ મુખ મકરંદ. ૧૧

અનેક જીવને કૃપા કરવા, દેશાંતર પરવેશ; (પ્રવેશ)
કોમલ પદ જ્યાં કમલ વિલસે, ધન્ય કહું તે દેશ. ૧૨
અંગ બંગ કલિંગ કૈકટ, માગધ મારૂ સૂર સિંધ;
તે તામસનાં અઘ હર્યાં, પ્રતાપ પદરજ ગંધ. ૧૩

કનક સ્નાન શત મણ સૂવર્ણે, કરાવ્યું મહીપાળ;
તે મૂકી વેગે ચાલીયા, રાય દ્રષ્ટિ ન પાછી વાળ. ૧૪
દક્ષિણ પ્રભુજી પાઉધારિયા, પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથ,
નેત્ર મલતાં વાત કીધી, વચન દીધું હાથ. ૧૫
વચન નિશ્ચે શ્રીનાથે માગ્યુ, કીધી શ્રી વલ્લભજીશુ વાત,
અમનેતો ઇચ્છા એહ છે જે, હું નદન તમે તાત. ૧૬
તે પુરુષોત્તમ પ્રકટશે, શ્રીવિઠ્ઠલરૂપ નિધાન,
નેત્ર કમલે નાના ભાવે, દેશે ભક્તને સનમાન ૧૭
ત્યાંથી શ્રી વ્રંદાવન પાઉધારીયા, જ્યા મધુપ કરે ઝંકાર,
કુસુમ દ્રુમ નવ મલ્લિકા, મકરદનો નહિ પાર. ૧૮
તરૂ તમાલ અતિ શોભિતાં, હેમ જુથીકા સઘોડ;
લલના તે સુભગા લટકતા, હીંડે તે મોડા મોડ. ૧૯
તાન ધુનિ મુનિ મયુર રૂપે, સાંભળે ધરી ધ્યાન;
નિત્ય લીલા ગાન શ્રવણે, કરે તે મધુપાન ૨૦
કુંજ સદન સોહામણું, શોભા તણો નહિ પાર;
વિવિધ [1]રાસ લીલા કરે વ્રજમા, ખેલે શ્રીનંદકુમાર. ૨૧

૧ રાસમડળી રચના રચી

રંગે તે રમતા દીઠડા, બલદેવ શ્રીગોવિંદ;
તે પુત્રભાવે પ્રકટશે, મન ઉપન્યો આનંદ. ૨૨
બલદેવ શ્રી ગોપીનાથ કહીએ, શ્રી વિઠ્ઠલ નંદનંદ;
તે વેદ પંથ વિસ્તારશે, જન આપશે આનંદ. ૨૩
ત્યાંથી કેશીઘાટ પાઉધારીયા, કહિ કથાતત્ત્વ સમાધિ;
રસપુંજ પુરુષોત્તમ પ્રમાણ્યા, સરસ્વતિ તજી આધિ, ૨૪
ગિરિરાજને આશ્વાસ દીધો, ધરી કોમલ ચર્ણ;
હરખે તે સામા આવીઆ, શ્રી ગોવર્દ્ધન ઉદ્ધરણ. ૨૫
હળીમળીને ચાલીયા, ચરણાટ જ્યા નિજધામ,
નવરંગ નાગર પ્રકટિયા, મનપુરવા બહુ કામ. ૨૬
તત્ત્વ સંખ્યાયે કહ્યાં, પદ સાર માહે સાર;
હવે કાંઇ એક સ્તુતિ કરૂં શ્રી વલ્લભરાજ કુમાર. ૨૭

આખ્યાન ૩ જું—રાગ ધન્યાશ્રી

આ પોષ મધ્યાન્હે નોમે શ્રી નાથજી, શ્રીઅકકાજી ઉર ઉપન્યો આનંદ.
આ ચંદ શ્રી વ્રન્દાવન તણો પ્રકટીયો એ
આ સૌભાગ્ય સુંદરી મલી ધવલ ગાયે, ગુહાયે રૂડા કંઠના નાદ,
આલ્હાદ ઉપન્યો તે અંગોઅંગ ઘણો એ. ૨
આ સુતિકા સદન સોહામણું, શોભા રૂડી લેહેગ્રે જાય,
આ [1]વાજીંત્ર વાગે તેણે સમેતણા એ. ૩
આ સર્વસ્વ દાન તેણે સમે, કરેરે શ્રી વલ્લભજી ઉદાર;
સકુમારસુત ઉદયો શ્રવણે સુણી એ ૪

---

૧ આ વાય વાદિત્ર તે સમેતણા.

આ પાતાળે શેષ નાગ રીઝીયા, ઉપર ઈંદ્રાદિક દેવ;
તતખેવ સુણી નિશાન વજડાવીયાં એ. ૫
આ બ્રહ્મા મહાદેવ મુનિ હરખીયા, વરખીયા કુસુમ સમૂહ;
આ મોહ ટાળ્યો જગતના જીવનો એ. ૬
આ સિદ્ધ ગાંધર્વ [1]ગુણી અપસરા, ઉલટીયા નૃત્ય ને નાદ;
આલ્હાદ ભર્યા શ્રી વલ્લભજીયે માનીયાં એ. ૭
આ નિગમ સામ સાખા સહસ્રશુ, કરેરે ભલ્લા નિર્ઘોષ;
આ ઘોષપતિ [2]ભગવદી ભેટતા એ. ૮
આ વેદ વિહિત કૃત્ય સર્વે કીધાં, દીધાં બહુ પેરે ગોદાન;
આ માન સું સ્વજન સતોષીયા એ. ૯
આ કનક કચોળા કુમકુમ ભર્યા, અક્ષત દૂર્વા ભર્યારે સુથાળ;
આ માળ પારિજાતની મહમહે એ ૧૦
આ તોરણ પર્ણ સહકારના, ધરણી ચંદન તણાં નીર;
આ વીર શ્રી ગોપીનાથ શ્રી વિઠ્ઠલ પ્રગટીયા એ. ૧૧
આ દધિ દુધ ઘૃત મધુ માંડવે, શેરડીયે વહેરે સુગંધ;
આ સુગંધે મોહ્યા અલિકુલ આવીયા. ૧૨
આ સુત માગધ સાધુ સર્વે મળ્યા, મળીઆ તે માંહોમાંહ;
ઉત્સાહ ભર્યા કો કોને જાણે નહિ એ. ૧૩
આ શુકદેવ સબળ આનંદિયા, વાંદયા શ્રીવલ્લભજીના ચરણ;
ગિરિધરણ શ્રી ભાગવત મારૂં નીરખશે એ. ૧૪

---

૧ ગણ. ૨ ભગવત.

આ સકલ કલા કલીકાળમાં, કલ્પદ્રુમ પ્રકટિયો આજ;
આ કાજ મન વાંછિત પુરવા એ. ૧૫
આ તૈલંગ તિલક ત્રિભુવન ધણી, મણી મરકત ઘનવાન;
સમાન રૂપ નિરખતાં કો નહિ એ. ૧૬
આ ગણુક ગર્ગાદિક આવિયા, ભાવિયા દીયેરે આશિષ;
આ જગદીશ શ્રીવલ્લભ ઘેર પ્રકટિયા એ. ૧૭
આ ધવલ ધન્યાશ્રી ગાન જે કરે, ઉચ્ચરે શ્રી વિઠ્ઠલજી અવતાર,
સારસ્વત લીલા તે જન લહે એ. ૧૮
આ દાસનો દાસ જાય વારણે, બારણે રહયો રે ઉત્સવ જુએ;
કો એક [1]ભગવદી તે સમે એ. ૧૯

આખ્યાન ૪ થું-રાગ ભુપકલ્યાણ.

તે પદ વદુ શ્રી વલ્લભનંદજી, ત્રિભુવન મંગલ પરમાનંદજી,
સકળ જીવનો ટાળ્યો દ્વંદજી, જગમાં વ્યાપ્યો સુખ મકરંદજી.

ઢાળ—સુખદ વંદુ શ્રીવલ્લભસુતના, પદાંબુજ સુકુમાર;
નિગમ રહસ્ય વિચાર કીધો, સકળ જન નિસ્તાર-તે પદ. ૧
બ્રહ્મકુલ હરિ અવતર્યા તે, ટાળવા ભૂમિ ભાર,
શ્રીનાથ શ્રી વિઠ્ઠલ નામ નિરૂપમ, વ્રંદાવન શ્રૃંગાર-તેપદ. ૨
એક રસના કેમ કહું ગુણ, પ્રકટ વિવિધ વિહાર;
નિત્ય લીલા નિત્ય નૌતન, શ્રુતિ ન પામે પાર- તેપદ ૩
સકલ શાસ્ત્ર પ્રમાણ બોલે, સાર માંહે સાર,
તત્ત્વ માંહે તત્ત્વ ત્રિભુવન, ભક્તનો આધાર— તેપદ. ૪

૧ કો એક ભાગ્યવાન તે સમે અથવા કો નહિ ભાગ્યવાન તે સમે.

સર્વ અંગોઅંગ રસ ભર્યા, રસ ભર્યાં લોચન ચાર;
ચલણુ વલણે બાંધ્યા, હૃદે ભાવ અનેક પ્રકાર- તેપદ. ૫
મુખ સુગંધે મોહ્યા અલિ સકળ તે, આવી કરે ઝંકાર;
સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર— તેપદ. ૬
નામ વ્યાજે પ્રગટ કીધો, મુક્તિ શત્રુકાર;
ભુજદંડ પરસે ભય હર્યાં, એવા નાથ અમિત ઉદાર-તેપદ. ૭
સ્વ સ્વરૂપ અર્થે પ્રોજીઆ, કૃત હુતા જે સંસાર,
રાજ કાજે જોડીયા જન, ઉચ્ચાવચ નર નાર— તેપદ. ૮
આગળ અંશે પ્રકટિયા જે, ગ્રંથે કહ્યા બહુવાર;
શ્રી યશોદા ઉત્સંગ લાલિત, પુરણુ અતિ સુકુમાર— તેપદ. ૯
અનેક ધર્મ કહ્યા પ્રભુજીએ, નિગમને અનુસાર;
ગિરિરાજધરનો તાપ ટાળ્યો, શ્રીલક્ષ્મણ સુત નિરધાર—તેપદ
પોતે તે પ્રાગટ્ય પોતાતણો, યશ તણો કર્યોરે ઉચ્ચાર,
પોતે અંગોઅંગ સુખદ શોભા, સદન અંગીકાર— તેપદ. ૧૧
સ્કંધ સંખ્યાએ કહ્યા પદ, શ્રી ભાગવત રસરાજ;
ભક્તજન પદરજ પ્રતાપે, સકલ સરીયા કાજ— તેપદ. ૧૨

આખ્યાન ૫ મું-રાગ સામેરી.

(અનીહાંરે) શ્રી વિઠ્ઠલ સુખકારી, નામે નિષ્પાપ થાય નરનારી,
દુર્ગતિ સકલ નિવારી, પ્રગટ્યા શ્રી વ્રજપતિ રાસ વિહારી ૧
માયિક મત જેણે ખંડયો, ભક્તિ મારગ જેણે બહુ પેર મંડયો.
ઉત્પથ જન સર્વે દંડયો, મુરખ હેતુ કુશબ્દ વિતંડયો. ૨

વદન સુધાકર જોતે, વચન રસિક રસ રાસ ઉદ્યોતે.
નવ જળ ધનવપુ પોતે, સરસ સુધારસ કીધા પ્રભુ હોતે. ૩
ભક્તિપક્ષ દ્દઢ કીધો, વચન સુધારસ જન શ્રતિ પીધો;
અર્થ સકળ તેને સીધો, તે લીલા માહે તાણીને લીધો ૪
ઢાળ–જે લીલામાં અંગીકાર કરીયોરે, તેનો સકલ તાપ નિસ્તરીયોરે;
જેને વિઠ્ઠલનાથ વિચારેરે, તેને પ્રગટ પદારથ ચારે. ૫
ઉપરાંત ભજનફળ આપેરે વ્રજમંડળ સ્થિર કરી સ્થાપેરે;
તેને દેવમુનિ સર્વે ગાયેરે, તેતો સર્વ ઉપરાંત સુહાયેરે ૬
તેને કાળ કર્મ નવ બાધેરે, યમ તે શિર ધનુષ્ય ન સાધેરે;
એવો માર્ગ શ્રીવલ્લભ વરનોરે, જ્યા નહિ પ્રવેશ વિધિ હરનો રે ૭
જયાંહા નિત્ય રાસ બહુ પેરેરે, મધ્ય નાયક નિરતન ઘેરેરે;
જયાહા રત્ન જટિત તટ સરિતારે,ત્યા નવપલ્લવ ભુમિ હરિતારે૮
જયાંહાં રત્ન ધાતુ ગિરિરાજેરે, વાજીંત્ર વિવિધ પેરે વાજેરે;
જયાહા યુવતિ યુથ બહુ માયેરે,શ્રીજી સ્યામલ વર્ણ સુહાયેરે ૯
એણીપેરે શ્રીગુસાઇજીને જાણેરે, જાણી અહર્નિશ ગાય વખાણેરે,
જે જીવ જાતિ હોય કોયરે, તેને તત્ક્ષણ સર્વ સુખ હોયરે ૧૦
સેવકજન દાસ તમારોરે, તેનો રૂપ વિયોગ નિવારોરે ૧૧

આખ્યાન ૬ ઠું રાગ પરજ.

સગુણ સનેહી શામળા વ્હાલા, અહનિંશ દર્શન આપોજી;
પરમ સુખ દેવાને કાજે, વ્રજમંડલ સ્થિર કરી સ્થાપોજી ૧
શ્રીવલ્લભ કુંવર કોડામણા, તમારૂ નામ નિરંતર લીજેજી;
રૂપ સુધારસ માધુરી તે, લોચન ભરી ભરી પીજેજી. ૨

તે પદ ક્યારે દેખીશુ, જે ગોધન પૂઠે ધાયજી,
વ્રજસુંદરી મુખ પામીને તે, વારંવાર અઘાયજી. ૩
દીવસે સર્વ શ્યામા મળી, રસરૂપ તવ જશ ગાયેજી,
ગોપ મંડળી મધ્ય દેખીને, વારવાર સુખ થાયજી. ૪
વાસર નિર્વાહ એમ કરે, સખી સાયકાળે પેખેજી,
અલકમુખ ખુરરજ લાગી તે, કમલ ભ્રમર વિશેખેજી ૫
ગોપબાલક મંડલી મધ્ય, રંગ અનેક ઉપજાવેજી,
મત્ત ગજગતિ મલપતા તે, શ્રીગોકુળમા આવેજી. ૬
લોચન ભૃંગ પીયે ઘણુ તે, પ્રગટ મુખ મકરંદ જી,
કમળપત્ર શી આંખડીતે, જોઈ જોઈ ટાળ્યો દ્વંદજી ૭
જોતા તૃપ્તિ ન ઉપજે પ્રભુ અધર સુધારસ પાયેજી;
ભુજલતા ભીડી ભામિનીના, દિવસ તાપ બુઝાયેજી. ૮
પૂરણ સુખ દઈ ગોષ્ટમા પ્રભુ, આઘેરા પાઉધારેજી,
યશોમતી લે ભામણા સુતને, નીરાજન ઉતારેજી. ૯
વસ્ત્રાંચલ મુખ રજ પોછીને, સકલ રૂપ નિહાળેજી;
ઉભી થાય રોમાવલી કર, કામળ અંગ સંભાળેજી. ૧૦
કરી પેરે પેરે વારણા સુતને, સદન માહે પધરાવેજી,
સુંદરી ગૃહ કારજ મિષેવલી, નિરખવાને આવેજી. ૧૧
ઉષ્ણોદક સોધો ભેળીને, અંગ અંઘોળ કરાવેજી,
અંગવસ્ત્ર કરી સ્વચ્છ વપુને, પછે તેલ લગાવેજી. ૧૨
વિવિધ વસન સુગંધને ભૂષણ, ફુલ અંબોડે ફાવેજી,
ઠણઠણતો જ્હાંઝા લાડકડો તે, ભોજન શાળાએ આવેજી. ૧૩

શ્રીરાધા અધર સુધા વિના પિયુને,બીજું તે કાંઈ નવ ભાવેજી;
પ્રાત પધારે ને નિશાયે આવે, પ્રીત નવી ઉપજાવેજી. ૧૪
માતાનું મન રંજવા પ્રભુ, આરોગ્યા બહુ સ્વાદેજી,
સુગંધ બીડી કર ધરીને, ઉઠયા નૂપુરને નાદેજી ૧૫
સકળ વ્રજમાં પોઢીયા કરે, વિવિધ રસ સુખ દાનજી,
એ લીલા મ્હારે મન વસો જે, ભકત માગે માનજી. ૧૬
શ્રી વિઠ્ઠલ દ્વિજરૂપ તમારી, લીલા એણીપેરે ઝાઝીજી,
ઓળખ્યે કેમ ચાલશે જે, પ્રીત અમશુ બાઝીજી. ૧૭

આખ્યાન ૭ મું–રાગ સામેરી.

આપસેવા કરો શીખવે શ્રીહરિ, ભકિત પક્ષ વૈભવ સુદૃઢ કીધો,
આપની લીલા તે વદન પોતે કહી, ઉચ્ચાર આનંદ અધિક દીધો.૧
વેદદધિ મધ્ય નવનીત જે ભજન રસ,મથિત માધુરી જીવે શ્રવણે પીધો,
તક્રસમ કર્મપથ સ્નેહ રસહીન જે, શ્વેત જાણી વિમુખ તાણી લીધો.
એ ચરણ શરણ વિના લોક દશચારમાં, કહોને કેનો કાંઇ અર્થ સીધો
શુ કહુ ચતુર થઈ થઈ અને વિસ્તરે,ભજે નહિ પશુ જેમ વિષય કીધો ૩
બોલ વલ્લભ સુવન વિમલ વાણી જેની, ગતિ બ્રહ્માદિ દેવે ન જાણી
નંદનંદન રૂપે રાસલીલા કરી, પોતે ન ઉચ્ચરી છાની રાખી,
દિવસ એકાદની ઉત્તરાકુંવરપ્રતિ; વ્યાસનંદન વિમલ વદન ભાખી.
બ્રહ્માદિ મહામુનિ અતિ જ્ઞાનપારંગત, તે મધુસિંધુની કહીયે માખી
ન કોય હુવો ન હોય એ રૂપ સમ, તેના સકળ નિજ નિગમ સાખી.
એ પ્રભુ રસ પુંજ ભૂમિ પગ રૂચિ કરી, ભાગ્યહીન જીવ જેણે
કણિકા ન ચાખી;

તેને દેવ ઉપર રહ્યા ધિક્કાર બોલે, મ દમતિ કહી અને નિ દા દાખી.
વિબુધ વાંછે વાસ વસુમતિ ઉપરે, શ્રીવલ્લભ કુ વરની ટેહેલ કરવા,
ઘોષથી વેગે પાઉં ધારિયા ગિરિભણી, શ્રી ગિરિરાજધરણુનો
તાપ હરવા. ૮
પુલકે ટે ભર્યા વસન વાઘા તણાં, વિવિધ ભૂષણ તે અ ગ ધરવા;
તુરંગ ચાલે વાયુ વેગે ઉતાવળો, જાણે નૌકા ચાલી સિ ધુ તરવા. ૯
દીવસ એકાર્ધનો વિરહતે યુગ સમો, નિરાજન મિષે રૂપ હૃદય ધરવા;
જીવને એ કૃત્ય નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ શ્રી વિઠ્ઠલનાથ એવા ઉચરવા.૧૦
રૂપ બેઉ એક તે ભિન્ન થઇ વિસ્તરે, વિવિધ લીલા કરે ભજન સાર,
વિવિધ વચનાવલી નયન સેને મીલી, સ જ્ઞા સૂચવે નિશિ વિહાર,
વિવિધ મુક્તાવલી પાટ સુત્રે કરી, ગલસરી શોભિતા કરે શૃ ગાર;
વિવિધ કુસમાવલી ગ્રથિત હાથેકરી, એક એકને ક ઠે આરોપે હાર
વિવિધ મેવા ભોગ મધુર મિષ્ટાન્ન રસ,રસમસ્યા અર્પે તે બહુ પ્રકાર,
વિવિધ બીડાં સુગ ધી કર્પુર એલચી લવિ ગ પુંગી અને ખેર સાર.
વ્યંજન શિતલ વાયુ મુકર કરકમલ ધરી,દેખાડતા મોહે સકલ સંસાર,
અહર્નિશ ધ્યાન શ્રી વિઠ્ઠલાધીશનુ, સકલ કલિમલ દુરિત કોટીક્ષાર.
એ પ્રભુ ભુવિ પ્રકટ વિપ્રવર તનુધરી,દીઠડે ત્રિભુવન તણા ચિત્ત ચાલે,
હાવભાવાદિક કોટી કોટી કરે, મદન જ્વર વ્યથાતે વેગે ટાળે ૧૫
જાળરન્ધ્રે સખી જાણે ચિત્રે લખી, વાછિતા નાથની છબી નિહાળે;
કમલ ખંજન મીન મધુપ જ્યા ત્યાં થકાં,વકલોચન પ્રાત પાછાં વાળે ૧૬
દાસનો દાસ ભણે સકળ સજ્જન સુણે,શ્રી વિઠ્ઠલ આપનું બિરદ પાળે ૧૭

આખ્યાન ૮ મુ–રાગ. ધન્યાશ્રી.

લલિત મનોહર, શ્રી વલ્લભ સુવન સુજાણ,
નશશિખ સુંદર, વ્રજ જન જીવન પ્રાણ ૧
વદન કાંતિ, જાણે ઉદયા કોટિક ભાણ,
દ્વિજકુલ મંડન, પ્રગટયા પુરૂષ પ્રમાણ ૨
નામ નિરુપમ, ઉચરે સકળ કલ્યાણ,
તેના સાખી, ચારે વેદ પુરાણ ૩
અસુરહણેવા, બ્રહ્મવાદ [1]કરપાણ,
ભકિત કરે સહુ, વાજતેરે નિશાણ. ૪
વૈષ્ણવ જનને, આપે પદ નિરવાણ;
મારગ મુકતો, કોઈ ન માગે દાણ ૫
ચરણ ચાખડી, વંદે રાણોરાણ;
સરસ કીધા, જે હુતા પ્રેત પાષાણ. ૬
હતિત પતિતનુ, જુઓ તમે પ્રકટ એંધાણ;
શેષ સહસ્ર મુખ, ઉચરે જેનાં વખાણ. ૭
ચાદ લોકમા, વરતે જેની આણ,
ત્રાસ તિમિરનુ, જાણે સકલ વિહાણ, ૮
અધર્મ સકલનુ, પેરે પેરે કીધુ વિત્રાણ;
ધર્મ સકલનુ, પ્રભુજીએ કીધુ ત્રાણ ૯
સન્મુખ કીધા, જે હુતા ભ્રષ્ટ અજાણ;
નિર્ભય કીધા, શિરપર ધરી નિજપાણ. ૧૦

---

૧ તલવાર અથવા "કરીવખાણ" એવો પણ પાઠ છે.

નિગમ તત્વરસ યશ ભર્યા, અમૃત સંધાન,
રૂપ સુંદરતા શુ કહું નહિં કો એ સમાન. ૧૧
પા કરી હરિ, રાખી બહુ વિધિ કાન;
સેવક જનને, રાખી લ્યો એહલાણ. ૧૨
ઢાળ–એવા તે ગુણ નિધી નાથ ગાતાં, બ્રહ્મહત્યાદિક અઘ ટળે;
લીલાતે લહરી સિંધુ ઝીલે, રાસ રસિકને જઇ મળે ૧૩
નિ:સાધન જન હિત કરેવા, શ્રીનાથ વિઠ્ઠલ આવિયા,
વ્રજમાં તે હીંડે મલપતા તે, વ્રજ સખીં મન ભાવીયા ૧૪
કમળ નેણે અમૃત વેણે, વાકય માધુરી રેડતા,
[1]વેદાધ્યયન મિષે ભુજ ચલણે કરી, શોભે સૌને તેડતા. ૧૫
રંગેતે રમતા રસભર્યા, પ્રભુ ઘોષમા લીલા કરે,
અધિક અધિક પ્રતાપ પૂરણ, યશ દશોદિશ વિસ્તરે ૧૬
ભાંતિ ભાંતિ લીલા કરે પ્રભુ, સાત સ્વરૂપ સોહામણા.
એક એકથી અધિક શોભા વ્રજ સખી લે ભામણા ૧૭
પેરે પેરે પરિવાર સોહે, દેવ મોહે નિરખતા
[2]ઉત્સાહ આનંદ ઉલટીયો તે, કુસુમ વરખે હરખતાં ૧૮
પ્રતિ સદન શોભા અતિ ઘણી, ભણી વેદ વર્ને ન જાય,
મકરંદ માતા ભ્રમરગુંજે, પક્ષી નાદ સોહાય ૧૯
અંતઃપુર લીલાકરે સખી, સકલ જન સંતોષતા,
જાણે મત્ત માતંગ છુટયો, નૂપુરને નિરઘોષતાં ૨૦

૧ વેદધ્વનિ મિષે હસ્તચલણે ૨ ઉચ્છાહ આનંદ અધિક વાધ્યો.

ડારકંકણુ કર્ણ ભુષણુ, નાદ નાના હિંડતાં.
ગાન ગાયે સ્વર સુહાએ, શ્રીનવનીતપ્રિયાજીને પોઢતાં. ૨૧
સંધ્યા સમે શૃંગાર નૌતન, ફુલ ગુંથે સૌ મલી;
સદન શોભા નિરખતા તે, લક્ષ્મી મન પામ્યાં રળી ૨૨
વાસ વાંછે વ્રજ વસેવા, એણીપેરે સુખ પામવા;
શ્રી પુરુષોત્તમ ઉત્તમ વરને; સમે જોઇ શિર નામવા ૨૩
લીલાને અનુસાર કલરવ, કુજતા દ્વિજ શોભતા,
સ્વ સ્વભાત્ર ત્યાગી ધ્યાન રાગી, કોઇક ભાવે લોભતા ૨૪
સહચરી રત્ન સુકંઠ નાદે, ગાન સુયશ પ્રકાર,
રસિક જન મન સહચરી, મલિ કરેતે ઉચ્ચાર ૨૫
એણીપેરે લીલા કરે,શ્રી વલ્લભરાજ કુમાર;
ભક્તજનના કોડ પૂરો; આપો ચરણુ વિહાર. ૨૬

આખ્યાન ૯ મું-રાગ બિભાસ.

નિત્ય પ્રિત ક્ષણુ ક્ષણુ સમરીયે, શ્રી વલ્લભનો પરિવારરે રસના,
શ્રી પુરુષોત્તમ પ્રગટિયા, જગત કરેવા ઉદ્ધારરે રસના ૧
કલિમા કારણુ એક એ, બીજુ સર્વે ભૂમિનો ભારરે રસના,
એ વિના બીજુ સરવે બાદલુ, ચૌદલોક શણગારરે રસના ૨
શ્રી ગોપીનાથજી સોહામણા, મણિ મરકત ઘનવાનરે રસના;
સુખદાતા લઘુ ભ્રાતના, પૂરણુ પુરૂષ પ્રમાણુરે રસના. ૩
કમળલોચન કરૂણુ ભર્યા, શ્રી વિઠ્ઠલ સુખ રાસરે રસના,
દીઠડે તાપ ત્રિવિધિ ટળે, સ્મરણુ માત્ર અઘનાશરે રસના. ૪

શ્રીગિરિધર નર ભૂષણુ, ભ્રાત સકળ ધુરિધારરે રસના;
વક્તા વેદ શાસ્ત્રતણા. શ્રીભામિનીજી ભરતારરે રસના. ૫
શ્રીગોવિંદજી આનંદમય, ધર્મ સકલનું ધામરે રસના,
શ્રીરાણીજી રંજન રૂડલા, ભકત સકળ વિશ્રામરે રસના. ૬
શ્રીબાલકૃષ્ણજી બાલુડા, સુંદર ભીનલે વાનરે રસના,
કમળ લોચન કમળાપતી, છબી નહિં કો એહ સમાનરે રસના. ૭
શ્રીગોકુળપતિ અતિ ગુણનિધિ, તાત તણો પ્રતિબિંબરે રસના,
શ્રીપાર્વતીપતી પ્રેમશુ, શોભા સકલ કુટુંબરે રસના, ૮
શ્રીરઘુપતિ અતિ ગજગતી, રતિપતિ કરૂ બલિહારરે રસના,
શ્રીજાનકી જીવન એ સદા, મધ્યમણિરત્નમય હારરે રસના ૯
શ્રીયદુપતી જીવન જગતના, સદા મન પ્રસન્ન ઉલ્લાસરે રસના;
નાહ તે મહારાણીજી તણા, મુખમાધુરી વિલાસરે રસના. ૧૦
શ્રીઘનશ્યામજી સિંચે સુધા, જીવન સકલ બ્રહ્માંડરે રસના,
નાહ તે કૃષ્ણાવતી તણા, લીલા નિત્ય અખંડરે રસના. ૧૧
લક્ષ્મી સત્યભામા બેહુ, અગ્રજની અનુહારરે રસના,
શ્રીનવનીત પ્રિયાજીને રીઝવ્યા, સેવ્યા વિવિધ પ્રકારરે રસના ૧૨
શોભા યમુના કમલા દેવકા, જેને સાત બાંધવ સૌભાગ્યરે રસના,
એમનાચરણ સ્મરણ કરી, શ્રીવિઠ્ઠલ પદ રજરતિ માગ્યરે રસના.
પુત્ર પૌત્રાદિ સુખ શું કહુ જો તું મુખ માંહે એકરે રસના,
શ્રી વિઠ્ઠલ કલ્પ દ્રુમ ફળ્યો, તેની શાખા પ્રસરી અનેકરે રસના. ૧૪

ઇતિ શ્રીવલ્લભાખ્યાન સમાપ્ત.

अथ श्रीमद्गोस्वामी श्री द्वारकेशजी कृत.

मूल पुरुष प्रारंभ.

રાગ બિલાવલ.

મૂળ પુરૂષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સરવજ્ઞ;
શાખા તૈત્તરીય ગોત્ર ભારદ્વાજ, તૈલંગકુલ ઉદિત દ્વિજરાજ.
(છંદ) દ્વિજરાજ તેં હરિ આય પ્રકટે, સોમયજ્ઞ કીયો જબેં,
કુંડતે હરિ કહી બાની, જન્મકુલ તુહ્માારે અબેં
ચકિત તતક્ષણ ભયે સબજન, એસી અબલોં ભઇ કબે,
સુનતહી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહયો સબે. ૧
તિનકે પુત્ર ભયે ગંગાધર, તિનકે ગણપતિ સુત વલ્લભવર,
શ્રીલક્ષ્મણ ભટ્ટ અનુભવદેવ, શુદ્ધ સત્વ જયો શ્રી વસુદેવ.
(છંદ) સત્વગુણ વિદ્યા પયોનિધિ, વિશદ કીર્તિ પ્રકટઇ;
ગામ કાકરવારમે રહી, જાતિ સબ હરખિત ભઇ.
પર્વ પર સકુટુંબ લેકે, ચલે પ્રાગકુ સાથ લે,
સ્નાન દાન દીવાય દ્વિજકુ, ચલી કાશી પાતલે. ૨
કછુક દીન રહીકે ચલે સબ દક્ષણ, આનદીત તનુ સકુન સુલક્ષન;
ચંપારણ્ય મહી જબ આયે, એલમાગારૂ ગર્ભ શ્રવિત જતાયે.
(છંદ) શ્રાવજાનિ ચટો તહાં તેં, નગર ચૌડા મેં બસે;
જગતમેં આનદ ફેલ્યો, દશ દિશા માનો હસે.
ચેન હે સુનિ ચલે કાશી, ફેર વહિ બન આવહિ;
અગ્નિ ચોધા મધ્ય બાલક, દેખી સનમુખ ધાવહિ. ૩

મારગ દિયો જાની જીય માતા, લિયે ઉચ્છંગ મોહે દિયોહે બિધાતા
તાત સુનત દોરી કંઠ લગાયે, તિહિ છિન મંગલ હોત બધાયે.
(છંદ) મંગલ બધાયો હોત તિહુ પુર, દેવ દુદુંભી બાજહી,
જાતસીકો લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહી
ધન્ય સંવત્ પંદ્રહા, પેંતીસ માધવ માસહે;
કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ, પ્રકટ વદન વિલાસહેં. ૪
શ્રીવલ્લભકું લેઆયે કાશી, સુંદર રૂપ નયન સુખરાશી,
સાત વરસ ઉપવિત ધરાયે, તબતે વિદ્યા પઢન પઠાયે.
(છંદ) પઢે ચારોં વેદ અરૂ, ખટશાસ્ત્ર મહિના ચારમેં,
તાતકુ અચરજ ભયો, યહ કોન રૂપ વિચારમેં.
નીંદ આઇ કહ્યો પ્રભુ, સંદેહ કયોં તુમ કરતહો
પ્રથમ બાની ભઇહે સો, પ્રકટ જાનો અબ ભયો. ૫
જાગપરી કહ્યો પત્નિ આગે, યે હેં પૂરણ બ્રહ્મ અનુરાગે;
શ્રીમુખ બચન કહે શ્રી વલ્લભ, માયા મત ખંડન ભયે સુલ્લભ.
(છંદ) સુલભતેં દક્ષિણ પધારે, ગ્યારે વરસકો વપુ ધરે.
દેખ મામા હરખકેં, આદર કીયો આવો ઘરે.
[1]વિદ્યાનગર કૃષ્ણ દેવરાજા, બહુત મતહી જહા મીલે;
જીતકેં કનકાભિષેકસુ, પઢે આવત ઈહાં પહિલે ૬
રામાનુજ અરૂ મધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી [2]નિમાદિત્ય હરિભજ;
શંકરમેં અનુસરત ઓરમત, યુક્તિ બળતેં આજ સબળ અતિ.

---

૧ હાલનુ વિજયનગર (જુઓ અમારૂ "વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો. ૨ નિમાવત.

(છંદ) સબળ સુન આપુહી પધારે, દ્વારપેં પહુંચે જબેં;
ભટ્ટ દૌરિ પ્રતાપ બરન્યો, રાય આવો ઇહા અબે
રાસ આય પ્રણામ કિનો, સભામેં જુ પધારિયે,
સુનહો બનતી કૃપાસાગર, દુષ્ટ મતહિ વિડારીએ. ૭
ગજ ગતિ ચાલ ચલે શ્રી વલ્લભ ઇનકી કૃપા ભયે સબ સુલભ;
રવિકે ઉદય કિરણ જ્યો બાઢી, તૈસી સભા પાત ઉઠી ઠાડી.
(છંદ) ઠાડે સબ સ્તુતિ કરે જબ, કિયો માયામત ખંડન;
શબ્દ જે જે હોત સબ મુખ, ભક્તિ પથ ભુવ મંડન
સ્તુતિ કરેં દ્વિજ હાથ જોરે, રાય મસ્તક નાવહીં,
પરમ મંગલ હોતહે, કનકાભિષેક કરાવહીં ૮
પાછે જલસો ન્હાય બિરાજે, વિનતિ કરી રાયે મન સાજે;
દ્રવ્ય સબે અંગીકૃત કરિયે, પ્રભુ બોલે યહ નાંહી ગ્રહિયે.
(છંદ) ગ્રહિયે નાહિન સ્નાન જલવત્ બાંટ સબકો દીજીયે,
બાર દીનો કરી બીનતી, મોહિ શરણ જુ લીજીએ,
કૃપા કરકે શરણ લીનો, થાર ભરી મહોરે ધર્યો,
[1]સપ્ત લેકે કહ્યો દૈવી, દ્રવ્ય અંગીકૃત કર્યો ૯
તહાંતે પંઢરપુરજુ સિધારે, શ્રીવિઠ્ઠલનાથ મિલનકોં પધારે;
ભીમરથી કે પાર મિલે જબ, દોઉ તનમે આનંદ બઢયો તબ.
(છંદ) બઢયો આનંદ કરી બીનતી, આપકો યહ શ્રમ ભયો;
કહિ શ્રી વિઠ્ઠલનાથજીનેં મિત્રતા પથ પ્રગટિયો.

---

૧ આ સાત મહોરના નેપુર કરાવ્યા છે જે હાલ સુધી પણ શ્રીનાથજી અંગીકાર કરે છે

ફેર શ્રી ગોકુળ પધારે, નિરખ યમુના હરખહીં;
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપારસ બરખહી. ૧૦
એક સમે ચિંતા ચિત્ત આઇ, દૈવી કિહિબિધ જાની જાઈ;
આસુરીસો સબ મિલિત સદાઈ, ભિન્ન હોય સો કોન ઉપાઇ.
(છંદ) ભિન્નકો જબિ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહિં સમેં.
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમે
કરો અબતેં બ્રહ્મકો સબધ દૈવી સૃષ્ટિસો,
પાચ દોષ ન રહે તાકે, નિવેદન કરો વૃષ્ટિસોં ૧૧
વચન સુની હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞા તે પરમ અતિ સુલભ,
કંઠ પવિત્રા લે પહેરાયે, મિસરી ભોગ ધરી મન ભાયે
(છદ) ભયો ભાયો ચિત્તકો તબ, પુષ્ટિ પથકું અનુસરે;
શરણુ જે આવત નિરંતર, કાલ ભય તે ના ડરે
પ્રકટ સબ લીલા દિખાવત, નદ નંદન જે કરી;
અવનિપર પદ્ પદ્મ રાખી, પરક્રિમા મિષ ઉર ધરી. ૧૨
ફેર પંઢરપુર જબ આયે, શ્રી વિઠ્ઠલનાથ કહી મન ભાયે;
કરિ વિવાહ બહુ રૂપ દિખાવો, મેરો નામ સુવનકો ધરાવો.
(છંદ) ધરો ચિત્તમે બાત યહ, કાશી વિવાહ જુ હોયગો,
મેં કહ્યો દ્વિજ આય બીનતી, કરે ચરણુ સમોયગો.
આય વહાતે વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો,
નામ ધર્યો શ્રી મહાલક્ષ્મી, દેખી જોરિ દુખ ગયો. ૧૩
પરિક્રમા ત્રીજી ચિત્ત આઇ, નિકસ ચલે શ્રી વલ્લભરાઇ,
ઝાડખંડમેં પ્રભુને જતાઇ, અબકેં મોહિ મિલો મનભાઇ.

(છંદ) મિલેંગે હરિદાસપેં, જહા તીન દમન કહાવહી;
ઇંદ્ર નાગ જુ દેવ દમન, સો મેરો ૰ામ જતાવહી.
ફેરકે જબ વ્રજ પધારે, પાચ સેવક સંગહે,
સદુ હેં આન્યોરમે, તહા દ્વારપે ઠાડે રહે. ૧૪
સદ્દૂ કહે સ્વામિ કછુ ખેહે, મેઘન કહિ સેવકકો લેહેં,
ઇતને પ્રભુ ગિ૰રં ઉપર બોલે, લાઇ નરો દૂધ અનબોલે
(છંદ) બોલી નરો યહ પાહુને આયે, તીનહીકો બેઠારિયે,
પ્રભુ કહત મોહે બેર લાગત, ભલી ચિત્ત બિચારીયે
લે ગઇ પય ૰યાય આઇ, દેખ શ્રીવલ્લભ કહ્યો,
બચ્યો હે કછુ હમે દીજે, બોલ પેહેલા હી ગહ્યો ૧૫
દેખ નરો બોલી હો વારી, નામ દીજીયે ગર્વ પ્રહારી,
નામ દીનો પૂછી વે કહા હે, કહિ પર્વતપર જાઓ તહાંહે
(છંદ) તહા દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફુલહી.
વહી સમે મુખ કહિ ન આવે, પશુ ગતિ મતિ ભુલહી.
હસિ કહ્યો સકુટુબ આવો, નિકટરહી સેવા કરો;
માની વચન પ્રમાણ કીનો, સાસુરે દિશ પગ ધર્યો ૧૬
કછુક દિન રહી સગલે આયે, બસે અડેલમે નિજ હરખાયે;
સંવતપંદ્રહા સડસઠ આયો આસો વદી દ્વાદશી શુભ ગાયો.
(છદ) ગાયો શ્રી ગોપીનાથજી, જબ જન્મ લીનો આયકેં
જાનિ બલકો રૂપ હરખિત, દેતદાન બઢાયકે
ફેરકે ચરણાટ આયે; કછુક દિન રહે જાનકે;
ધન્ય સંવત્ પદ્રહા ધન બહોતરા શુભ માન કેં. ૧૭

પૌષ કૃષ્ણ નૌમી જબ આઇ, ઘર ઘર મંગલ હોત બધાઇ;
શ્રી વિઠ્ઠલનાથ જન્મ ભયો સુનિકે, કહત ફિરત આનંદ ગુણ ગનિ
(છંદ) આનંદ બાઢયો ચહું દિશા, છબિદેખ શ્રીવલ્લભ હસે;
બેઉ કછુ મુસકાય ચિતયે, દોઉ હસન મેરે મન વસે.
તિલક મૃગમદ છિરયો હરખિત, કહાલો ગુણ ગાઇએ,
કૃપાતે ઉછલિત નિજરસ, છિપત નાહી છિપાઇએ. ૧૮
શ્રી ગોકુલમેં વાસ સુહાયો, રૂકિમણી પદ્માવતી પતિ ગાયો,
શ્રીગિરિવરધર જિનહી છબીલો, શ્રીનવનીતપ્રિય અરવીલો,
(છંદ) પ્રિય શ્રી મથુરેશ શ્રી વિઠ્ઠલેશ શ્રી દ્વારિકેશજી,
શ્રી ગોવર્દ્ધનધર શ્રી ગોકુલચન્દ્રમા શ્રી મધુરેશજૂ
શ્રી મદન મોહન અષ્ટ ઇહિ વિધિ, રમન શ્રી વિઠ્ઠલનાથકે,
તાતકો ચિત્ત જાની સેવા, વિસ્તરી સબ સાથકે ૧૯
પંદ્રહસે સત્તાણુ કાર્તિક, વિમળ દ્વાદશી મંગળ નિત ઢિગ;
પ્રથમ પુત્ર પ્રગટે શ્રી ગિરિધર, ષટગુણ ધર્મી ધર્મ ધુરંધર.
ઉર્જ શામલ અષ્ટમિ શુભ, ગુરૂ સુદીન પ્રકટે જબેં,
ઋતુ વિયત શૃંગાર આશ્વિન, અસિત તેરસ ભ્રાજહી;
શ્રી બાલકૃષ્ણજી મહા પરાક્રમી, વેસુખ સોલે રાજહી ૨૦
કવિસહ સુદિ સાતેં શ્રી ગોકુલપતી, યશ સ્વરૂપ માળા
સ્થાપિત રતી;
સોંરહસેં અગ્યારહ કાર્તિક સિત, અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત.
(છંદ) હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માન કે;

તિથી કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકે.
શ્રી યદુનાથ પ્રકટે રહયો વિરહ શ્રી ઘનશ્યામ સ્વરૂપકે,
સહ કૃષ્ણુ તેરસ રવિજ રિક્ષ, સત કળા શ્રીવિઠ્ઠલ ભુપકે. ૨૧
ભામિની, રાની, કમળા, બખાની, પારવતી, જાનકી, મહારાંની;
કૃષ્ણાવતિ મિલિ સાતો કહાયે યહ અલૌકિક રૂપ મહા યે.
મહા અલૌકિક અગ્નિકુલ સબ અલૌકિક અષ્ટ છાપહે;
અલૌકિક સબ ભકતજન જો, શરણુ લીને આપહે
યથામતિ કછુ બરનિઆઈ, જાનિયો યહ દાસ હેં,
શ્રી દ્વારકેશ નિરોધ માગે, યહી ફલકી આસ હેં.

इति श्री मूळ पुरुष संपुर्ण.

શ્રી વલ્લભાખ્યાન તથા મૂળપુરૂષ નિત્ય નિયમના પાઠમાં બોલાય છે. તેવા બીજા પણ કેટલાક નિત્ય નિયમના પાઠો વાચવા હોય તેમણે અમારૂ વૈષ્ણવો પયોગી નિત્ય નિયમના મુખ્ય પાઠ તથા ધોળ એ નામનુ પુસ્તક જોવુ.

॥ श्री यमुनाजी ॥



પ્રકરણ ૪ થું.

અથ. શ્રીયમુનાજીનાં ૪૦ પદ.

પદ ૧ લુ રામકલી.

પિયસંગ રંગભરિ કરિ કલોલે, પિય૦
સબનકો સુખદેન, પીયસગ કરત સેન,
ચિત્તમેં તબ પરત ચેન, જબહી બોલેં. પિય૦ ૧
અતિહી વિખ્યાત, સબ બાત ઈનકે હાથ,
નામ લેત કૃપા કરે અતોલેં,
હરસકરિ પરસકરિ ધ્યાન હિયમેં ધરે,
સદા વ્રજનાથ ઇનસંગ ડોલે પિય૦ ૨
અતિહિ સુખકરન, દુઃખ સબનકે હરન;
એહી લીનો પરન દે ઝકોલે,

એસી જમુને જાન તુમ કરો ગુન ગાન,
રસિક પ્રિતમ પાએ નગ અમોલે. પિય૦ ૩

પદ ૨ જું.

સ્યામ સુખધામ જહા નામ ઇનકે, સ્યામ.
નિશદિના પ્રાણપતિ આયેં હિયેમેં બસે,
જોઈ ગાવે સુજશ ભાગ્ય તિનકેં. સ્યામ. ૧
યેહિ જગમે સાર, કહત વારવાર,
સબનકે આધાર, ધન નિર્ધનનકે,
લેત જમુને નામ દેત અભે પદ દાન,
રસિકપ્રિતમ પ્રિયા બસ જુ ઇનકે. સ્યામ ૨

પદ ૩ જું.

કહેત શ્રુતિસાર નિર્ધાર કરિકે, કહેત
ઇન બિના કોન એસી કરે હે સખી,
હરત દુખદ્વંદ, સુખકંદ બરખે કહેત. ૧
બ્રહ્મસંબધ જબ હોત યા જીવકો,
તબહિં ઇનકી ભુજા વામ ફરકે,
દોરિકરિ સોરકરિ જાય પિયસોં કહે,
અતિહિ આનંદ મનમેંજુ હરખેં. કહેત ૨
નામ નિર્મોલ નગ લે કોઉ ના શકે,
ભક્ત રાખત હિયે હાર કરકે;
રસિક પ્રિતમજુકી, હોત જાપર કૃપા,
સોઈ શ્રીજમુનાજીકો રૂપ પરખે. કહેત. ૩

પદ ૪ થું.

નેનભરિ દેખિ અબ ભાનુ તનયા નેન.
કેલિ પિયસો કરે ભ્રમર તબહિં પરે;
શ્રમજલ ભરત આનંદ મનયા. નેન૦ ૧
ચલત ટેઢી હોહિ. વેત પિયકો મોહી,
ઈન બિના રહત નહિ, એક છિનયા
રસિક પ્રિતમ રાસ કરત જમુના પાસ,
માનો નિર્ધનનકી હે જુ ધનયા નેન. ૨

પદ ૫ મુ.

સ્યામસંગ શ્યામહે રહિરિ શ્રીજમુને શ્યામ૦
સુરતશ્રમબિંદુતે સિંધુસી વહિ ચલી,
માનો આતુર અલી રહી ન ભવને શ્યામ૦ ૧
કોટિ કામહિ વારો, રૂપ નેનન નિહારો,
લાલ ગિરિધન સંગ કરત રમને,
હરખ ગોવિંદપ્રભુ નીરખી ઇનકી ઓર,
માનો નવદૃલહની, આઈ ગવને. શ્યામ૦ ૨

પદ ૬ ઠું.

ચરણપંકજરેણુ શ્રી જમુનેજુ દેની ચરણ૦
કલિયુગ જીવ ઉદ્ધારણ કારન,
કાટત પાપ અબધાર પેની. ચરણ૦ ૧
પ્રાણપતિ પ્રાણસુત, આયે ભકતન હિત,

સકલ સુખકી તુમ હો જુ શ્રેની;
ગોવિંદ પ્રભુ વિના રહત નહિ એક છિનું,
અતિહિ આતુર ચંચલ જુ નયની. ચરણ૦ ૨

પદ ૭ મું.

શ્રીજમુનાસી નાહીં કોઉ ઓર દાતા શ્રીજ૦
જો ઈનકી શરણ જાતહે દોરિકે;
તાહિકોં તીહિછિનુ કરિ સનાથા. શ્રીજ૦ ૧
એહિ ગુન ગાન રસખાન રસના,
એક સહસ્ત્ર રસના કયોં ન દઇ બિધાતા,
ગોવિંદ પ્રભુ તન મન ધન વારને,
સબહિકો જીવન ઈનહીકેજુ હાથા. શ્રીજ૦ ૨

પદ ૮ મું.

જમુના જસ જગતમેં જોઈ ગાવે શ્રીજ૦
તાકે આધીન વ્હે રહત હેં પ્રાણપતિ:
નેન ઓર બેનમેં રસજુ છાવે શ્રી૦જ ૧
વેદ પુરાનકિ બાત યહ અગમ હે,
પ્રેમકો ભેદ કોઉ ન પાવે,
કહેત ગોવિદ શ્રીજમુનેકિ જાપર કૃપા,
સોઇ શ્રીવલ્લભકુલ શરણ આવે. શ્રીજ૦ ૨

પદ ૯ મુ.

ધાય કે જાય જો શ્રીજમુના તીરે, ધાય
તાકિ મહિમા અબ કહાંલગ બરનિયે,
જાય પરસત અંગ પ્રેમ નીરે. ધાય. ૧
નિશ દિના કેલિ કરત મનમોહન,
પિયાસંગ ભકતનકી હે જુ ભીરે;
છીતસ્વામી ગિરિધન શ્રીવિઠ્ઠલ;
ઇન બિના નેક નહિ ધરત ધીરે ધાય. ૨

પદ ૧૦ મુ

જા મુખતેં શ્રીયમુને યહ નામ આવે, જા મુ૦
તાપર કૃપા કરે શ્રીવલ્લભ પ્રભુ,
સોઇ શ્રીજમુનાજીકો ભેદ પાવે. જા મુ. ૧
તન મન ધન સબ લાલ ગિરિધરનકો,
દેકેં ચરન જબ ચિત્ત લાવે,
છીતસ્વામિ ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
નેનન પ્રગટ લીલા દિખાવે. જા મુ. ૨

પદ ૧૧ મું.

ધન્ય શ્રીજમુને નિધી દેનહારી,
કરત ગુનગાન અજ્ઞાન અઘ દૂર કરિ,
જાય મીલવત પ્રિયા પ્રાનપ્યારી, ધન્ય. ૧
જીનકોઈ સંદેહ કરો બાત ચિત્તમેં ધરો,
પુષ્ટિપંથ અનુસરો, સુખજુ કારી;

પ્રેમકે પુંજમેં, રાસ રસકુંજમે.
તાહી રાખત રસરગ ભારી. ધન્ય. ૨
જમુને ઓર પ્રાણપતિ પ્રાણ ઓર પ્રાણસુત,
ચહું જન જીવપર દયા બિચારી;
છીતસ્વામિ ગિરિધરન શ્રી વિઠ્ઠલ,
પ્રિતકે લીયે અબ સંગ ધારી. ધન્ય ૩

પદ ૧૨ મું.

ગુણ અપાર મુખ એક કહાંલોં કહિયે, ગુણ
તજો સાધન ભજો નામ શ્રીજમુનાજીકો,
લાલગિરિધરનવર તબહિં પૈયે. ગુણ ૧
પરમ પુનિત પ્રિતકી રીત સબ જાનકે,
દ્રઢ કરી ચરણ કમલ જુ ગ્રહીયે,
છીતસ્વામિ ગિરિધરન શ્રી વિઠ્ઠલ
એસી નિધિ છાંડિ અબ કહા જુ જૈયે. ગુણ. ૨

પદ ૧૩ મુ.

ચિત્તમેં શ્રાંજમુના નિસદિન જો રાખો. ચિત્ત
ભક્તકેવશ કૃપા કરતહે સર્વદા;
એસો શ્રીજમુનાજીકો હેજુ સાખો. ચિત્ત. ૧
જા મુખતેં શ્રીજમુને યહ નામ આવે,
સંગકીજે અબ જાય તાકો,
ચતુર્ભુજદાસ અબ કેહેતહેં સબનસો,
તાતેં શ્રીજમુને જમુને જુ ભાખો. ચિત્ત ૨

પદ ૧૪ મું.

પ્રાણપતિ વિહરત શ્રીજમુના કૂલે પ્રાણ.
લુબ્ધ મકરંદકે ભ્રમર જ્યો બસ ભયે;
દેખી રવિઉદય માનો કમલ ફુલે પ્રાણ. ૧
કરત ગુંજાર મુરલીજુ લે સાંવરો,
સુનત વ્રજવધુ તન સુધિ જુ ભૂલે,
ચતુર્ભુજદાસ જમુને પ્રેમસિંધુમેં,
લાલગિરિધરન અબ હરખી ઝુલે પ્રાણ. ૨

પદ ૧૫ મું

વારંવાર શ્રીજમુને ગુણ ગાન કીજે. વારં.
એહી રસનાતેં જો નામરસ અમૃત;
ભાગ્ય જાકે હેં સોઈ જુ પીજે. વારં. ૧
ભાનુતનયા દયા અતિહી કરૂણામયા,
ઇનકી કરિ આસ અબ સદાઇ જીજે;
ચતુર્ભુજદાસ કહે સોઇ પિયાપાસ રહે,
જોઇ શ્રીજમુનાજીકે રસ જુ ભીજે વારં. ૨

પદ ૧૬ મું.

હેતકરી દેત શ્રીજમુને વાસ કુંજે. હેત.
જહાં નિસ વાસર રાસમેં રસિકવર,
કહાં લગ બરનિયે પ્રેમ પુંજે. હેત. ૧

થકિત સરિતાનીર, થકિત વ્રજ વધુ ભીર;
કોઇ ન ધરત ધીર મુરલી સૂનીજે;
ચતુર્ભુજદાસ જમુને પંકજ જાનિ,
મધુપકીનાંઇ ચિત્ત લાય ગુંજે. હેત. ૨

પદ ૧૭ મું

ભકતપર કરી કૃપા શ્રીજમુને એસી. ભકત.
છાંડી નિજ ધામ વિશ્રામ ભૂતલ કિયો,
પ્રગટલીલા દિખાઈ જુ તેસી. ભકત. ૧
પરમ પરમારથ કરતહે સબનકોં,
દેત અદ્ભુત રૂપ આપ જેસી,
નંદદાસ યો જાનિ દ્રઢકરિ ચરણ ગ્રહે,
એક રસના કહા કહો વિસેષી ભકત. ૩

પદ ૧૮ મું

નેહ કારન શ્રીજમુને પ્રથમ આઇ, નેહ.
ભકતકે ચિત્તકી વૃત્તિ સબ જાનહી,
તાહીતેં અતિહિં આતુર જુ ધાઇ નેહ ૧
જાકે મન જેસી ઇચ્છા હુતી તાહિકી,
તેસિહી આય સાધજુ પૂજાઇ;
નંદદાસ પ્રભુ તાપર રીઝિ રહે.
જોઇ શ્રીજમુનાજીકો જસ જુ ગાઇ. હરને.

પદ ૧૯ મું.

તાતેં શ્રીજમુને જમુને જુ ગાવો. તાતેં.
શેષ સહસ્રમુખ નિસદિના ગાવત,
પાર નહિ પાવત તાહિ પાવો. તાતેં. ૧
સકલ સુખ દેન હાર તાતેં કરો ઉચ્ચાર,
કરતહુ વારવાર જીન ભુલાવો, (જમુને ભુલાવો.)
નંદદાસકી આસ શ્રીજમુને પૂરન કરી,
તાતેં ઘરી ઘરી ચિત્ત લાવો.

પદ ૨૦ મું.

ભાગ્ય સૌભાગ્ય શ્રીજમુને જુ દેઇ. ભાગ્ય.
બાત લૌકિક તજો પુષ્ટિ જમુને ભજો,
લાલ ગિરિધરનવર તબ મિલેઇ. ભાગ્ય. ૧
ભગવદીસંગકરી બાત ઇનકી લહે,
સદા સાનિદ્ધિ રહે દેતી મેઇ;
નંદદાસ જાપર કૃપા શ્રીવલ્લભ કરે,
તાકો શ્રી જમુને સર્વસ્વ જો દેઇ ભાગ્ય ૨

પદ ૨૧ મું

નામ મહિમા એસો જો જાનો, નામ.
મર્યાદાદિક કહે લૌકિક સુખલહે;
પુષ્ટિકો પુષ્ટિપથ નિશ્ચે બાનો. નામ. ૧

સ્વાતિ જલ બુંદ જબ પરતહે જાહિમે,
તાહિમેં હોત તેસો જુ વાનો;
શ્રીજમુને કૃપા સિંધુ જાનિ, સ્વાતિ જલ બહુ માનિ,
સુર ગુણ પૂર કહાંલો બખાનો. નામ. ૨

પદ ૨૨ મું.

ભકતકો સુગમ શ્રીજમુને અગમ ઓરેં, ભકત.
પ્રાતહી ન્હાત અઘ જાત તાકે સકલ,
જમ હું રહત તાહી હાથ જોરે ભકત. ૧
અનુભવિ બિના અનુભવ કહા જાનહી,
જાકો પિયા નહિ ચિત્ત ચોરેં.
પ્રેમકે સિંધુકો મરમ જાન્યોં નહિ,
સુર કહે કહા ભયો દેહ બોરે. ભકત. ૨

પદ ૨૩ મું

ફલફલિત હોત ફલરૂપ જમુને, ફલ.
દેખીહુ ના સુની તાહાકી આપુની;
તાકી બાત કહો કેસે જુ માને. ફલ. ૧
તાહિકે હાથ નિર્મોલ નગ દીજીયે,
જોઇ નીકે કરી પરખી જાને,
સુર કહે કૂરતે દૂરિ બસિયે સદા;
શ્રીજમુનાજીકો નામ લિજે જુ છાને. ફલ, ૨

પદ ૨૪ મું

શ્રીજમુને પતિ દાસકે ચિન્હ ન્યારે, શ્રીજ૦
ભગવદીકો ભગવદસંગ મિલિરહે;
જાકે હીયે બસત પ્રાણ પ્યારે. શ્રીજ. ૧

ગુઢ જમુને બાત સોઇ અબ જાનિયે,
જાકે મન મોહન નેનતારે,
સુર સુખસાર નિરધાર વે પાવહી,
જાપર હોય શ્રીવલ્લભ કૃપા રે શ્રીજ. ૨

પદ ૨૫ મું.

શ્રીજમુને રસખાનકોં સીસ નાંઊ, શ્રીજ.
એસી મહિમા જાની ભકતકોં સુખદાન;
જાઈ માગો સોઈ જુ પાઊં. શ્રીજ. ૧

પતિત પાવન કરન નામ લિનો તરન.
દ્રઢ કરિ ગ્રહી ચરન, કહું ન જાઊ,
કુંભનદાસ લાલ ગિરિધરનમુખ નિરખત,
યહિ ચાહત નહિ પલક લાઉં. શ્રીજ ૨

પદ ૨૬ મું.

શ્રી જમુને અગનિત ગુન ગને ન જાઇ, શ્રીજ.
જમુને તટ રેણુતેં હોત હે નવિન તનુ;
ઇનકે સુખદેનકી મે કરો બડાઇ. શ્રીજ. ૧

ભકત માંગત જોઇ દે તેહી છિનું,
સો એસી કો કરે પ્રણુ નિવાઇ.
કુંભનદાસ લાલ ગિરિધરનમુખ નિરખત,
કહો કેસે કરિ મન અઘાઇ શ્રીજ. ૨

પદ ૨૭ મું

શ્રીજમુનેપર તન મન ધન પ્રાણુ વારોં, શ્રીજ.
જાકી કીરતિ કોન અબ કહિસકે,
તાહી નૈનનતે ન નેક ટારોં. શ્રીજ. ૧
ચરન કમલ ઇનકે જુ ચિંતત રહો,
નિસ દિના નામ મુખ તે ઉચ્ચારો;
કુંભનદાસ કહે લાલગિરિધનમુખ,
ઇનકી કૃપા ભઈ તબ નિહારો શ્રીજ૦ ૨

પદ ૨૮ મું.

ભક્તકી ઇચ્છા પૂરન શ્રીજમુનેજુ કરતા. ભક્ત૦
બિના માગે હુ દેત કાહાંલોં કહો હેત,
જેસે કાહુકો કોઉ હોય ધરતા ભક્ત૦ ૧
શ્રીજમુના પુલિન રાસ વ્રજ વધુ લિયે પાસ,
મં મંદ હાસકર મનજુ હરતા,
કુંભનદાસ લાલગિરિધનમુખ નિરખત
યહી ઙાય લેખત શ્રીજમુનેજુ ભરતા ભક્ત૦ ૨

પદ ૨૯ મું

રાસરસસાગર શ્રીજમુને જુ જાની,
બહેત ધારા તન પ્રતિછિનુ નૌતન,
રાખત અપને ઉરમાજુ ઠાની. રાસ૦ ૧
ભક્તકો સહિ ભાર, દેત જુ પ્રાનઆધાર,
અતિહી બોલત મધુર મધુરિબાની;
શ્રી વિઠ્ઠલ ગિરિધરનવર બસ કીયે,
કોનપેંજાત મહિમા બખાની. રાસ૦ ૨

પદ ૩૦ મું.

ભક્તપ્રતિપાલ જજાલ ટારે, ભક્ત૦
અપને રસરગમે સંગ રાખત સદા,
સર્વદા જોઇ શ્રીજમુને નામ ઉચ્ચારે. ભક્ત૦ ૧
ઇનિકી કૃપા અબ કહાલગ બરનિયે,
જેસે રાખત જનની પુત્ર વારે
શ્રીવિઠ્ઠલ ગિરિધરનસગ વિહરત,
ભક્તકો એક છિન ના બિસારે. ભક્ત૦ ૨

પદ ૩૧ મું

શ્રીજમનાજીકો નામ લે સો સભાગી. શ્રી૦
ઇનકે સ્વરૂપકો સદા ચિતન કરત,
કલ ન પરત જાય લેહ લાગી શ્રી૦ ૧
પુષ્ટિમારગમરમ અતિહી દુર્લભ કરમ,
છાંડી સગરે પરમ પ્રેમપાગી;

શ્રી વિઠ્ઠલ ગિરિધરન એસી નિધી,
ભકતકો દેત હે બિના માગી શ્રીજ૦ ૨

પદ ૩૨ મું

કોનપે જાત શ્રીજમુને જુ બરની,
સબહીકો મનમોહત મોહન,
સો પીયાકો મન હેજુ હરની, કોન૦ ૧
ઇનબિના એકછિન રહેત નહિ જીવન,
ધન્ય વ્રજચદમન આનંદ કરની
શ્રીવિઠ્ઠલ ગિરિધરન સહિત આયે
ભકતકે હેત અવતાર ધરની કોન૦ ૨

પદ ૩૩ મું

શ્રીજમુને તુમસી એક હો જુ તુંમહીં શ્રીજ૦
કરિ કૃપા દરસ નિસવાસર દીજિયે,
તિહારે ગુન ગાનકો રહે ઉદ્યમહી શ્રીજ૦ ૧
તિહારે પાયેતે સકલનિધિ પાવહી,
ચરણકમલ ચિત ભ્રમર ભ્રમહી,
કૃષ્ણદાસનિ કહે કોન યહ તપ કિયો,
તિહારે ઢિગ રહેનકે લતા દ્રુમહી શ્રીજ૦ ૨

પદ ૩૪ મુ

એસી કૃપા કીજે લીજીયે નામ; એસી૦
જમુને જગવદની ગુણ ન જાત કાહુ ગિની,
જિનકે એસે ધણી સુદરસ્યામ એસી૦ ૧

દેત સંયોગરસ એસે પિયુ હેજુ બમ,
સુનત તિહારો સુજસ પૂરે કામ;
કૃષ્ણદાસનિ કહે ભકતહિત કારને,
શ્રીજમુને એકછિન નહિ કરે વિશ્રામ. એસી૦ ૨

પદ ૩૫ મુ.

શ્રી જમુનાકે નામ અઘ દૂરિ ભાજે.
જિનકે ગુન સુનનકો લાલગિરિધરનપિય,
આય સનમુખ તાકે બિરાજે શ્રીજ૦
તિહિછિંનુ કાજ તાકે સગરે સરે,
જાય કે મિલત વ્રજ વધુ સમાજે,
કૃષ્ણદાસનિ કહે તાહિ અબ કોન ડર,
જાકે ઉપર શ્રીજમુને સી ગાજે. શ્રીજ૦

પદ ૩૬ મું

શ્રીજમુનાજીકો નામ તેઇજુ લેહે, શ્રીજ૦
જાકી લગન લાગી નદલાલસોં,
સરવસુ દેકે નિકટ રહેહે. શ્રીજ૦ ૧
જિનહી સુગમ જાનિ વાત મનમેજુ માનિ,
બિના પહેચાનિ કેસેજુ પૈયે;
કૃષ્ણદાસનિ કહેં શ્રીજમુનેનામ નૌકા
ભકત ભવસિંધુતેં ચોહી તરિયે. શ્રીજ૦

પદ ૩૭ મું.

શ્રીજમુનેકી આસ અબ કરતહેં દાસ, શ્રીજ૦
મન કર્મ બચન કર જોરી કે માગત,
નિસદિના રાખીએ અપનેજુ પાસ, શ્રીજ૦ ૧
જહા પિય રસિકવર રસિકની રાધિકા,
દોઉ જન સંગમિલિ કરત રાસ;
દાસ **પરમાનંદ** પાયે અબ વ્રજચંદ,
દેખી સીરાને નેન મંદહાસ. શ્રીજ૦ ૨

પદ ૩૮ મું

શ્રીજમુનેકે સાથ અબ ફિરતહેં નાથ, શ્રીજ૦
ભકતકે મનકે મનોરથ પુરન કરત,
કહાલો કહિયે ઇનકીજુ ગાથ શ્રીજ૦ ૧
વિવિધસિંગાર આભુખન પહેરે,
અંગ અંગ શોભા બરનિ ન જાત,
દાસ પરમાનંદ પાયે અબ વ્રજચંદ,
રાખે અપને શરન બહે જુ જાત શ્રીજ૦ ૨

પદ ૩૯ મુ

શ્રી જમુને પિયકો બસ તુમજુ કિને. શ્રીજ૦
પ્રેમકે ફંદતે ગ્રહિજુ રાખે નિકટ,
એન નિર્મોલ નગ મોલ લિને. શ્રીજ૦ ૧
તુમજુ પહાવન તહા અબ ધાવત,

તિહારે રસરંગમેં રહત ભીને;
દાસ પરમાનંદ પાયે અબ વ્રજચંદ,
પરમ ઉદાર શ્રીજમુનેજુ દીને શ્રીજ૦ ૨

પદ ૪૦ મું

શ્રીજમુને સુખકારની પ્રાણપતિકે, શ્રીજ૦
જીને ભુલિજાત પિયા તિને સુધિકરિદેત,
કહાલો કહિયે ઇનકેજુ હિતકે શ્રીજમુ ૧
પિયસંગ ગાન કરે, ઉમગી જો રસ ભરે,
દેત તારી કર લેત ઝટકે,
દાસ પરમાનંદ પાયે અબ વ્રજચંદ,
એહી જાનત સબ પ્રેમગતિકે. શ્રીજમુ ૨

ઇતિ શ્રી યમુનાજીકે ૪૦ પદ સમાપ્ત.

શ્રી યમુનાજીનાં પદ.

પદ ૧ લું.

શ્રી યમુના કરત કૃપાકો દાન,
જો કોઉ આવત દરશ તિહારે, સબકે રાખત માન ૧
કલિકે જીવ દોષ ભડારી, કરત તિહારો પાન,
ભયે અનન્ય સબહી ઓરતે, સુર મુની કરત વખાણ ૨
જે જન હરિ લીલા અધિકારી, કરત તીહારો ગાન,
મે મતિ મદ કહાલો વરનો, **રસીકદાસ** જન જાન ૩

પદ ૨ જું

શ્રી યમુના પરમ કૃપાલ કહાવે
દર્શન તે અઘ દૂર જાતહે, હરી લાલા સુધ આવે. ૧
જે જન તેરે નિકટ બસતહે, નદ નંદન રસ પાવે;
જીવ કૃત્ય દેખત નહિ કબહુ, અપનો પક્ષ દ્રઢાવે ૨
કરતુ અકરતુ અન્યથા કરતુ, યહ સુન મન લલચાવે,
રસીકદાસકો દાસ જાનીયો, તાતે યહ જસ ગાવે ૩

પદ ૩ જું.

શ્રી યમુનાજી તુમસી ઓર ન દાતા.
તનુ નવ દાન કરત સેવા હીત, સકુચ રહત વિધાતા. ૧
ગોપ કુમારિ કીયો વ્રત પુરન, કીરતી જગ વિખ્યાત;
રસીકદાસ જન સોઈ માગતહે, કરો કૃપા મન માતા. ૨

પદ ૪ થું.

રસના એક ગુણુ કહાલોં વખાનો
સપ્ત સમુદ્ર કલ્પદ્રુમ લેખન, પત્ર ભૂમિ તિહું લોકકી આનો.
શ્રી વલ્લભ વ્રજવલ્લભ જન વલ્લભ, સકલ સુખ સાન્યો;
મેં મતિ મંદ કહાલો વરનો, **રસીક**દાસકો દાસહી જાનો ૨

પદ ૫ મું.

દીન જાન મોહે દીજે શ્રી યમુનાજી,
નંદ કુમાર સદા વર માગો, ગોપીનકી દાસી મોહી કીજે. ૧
તુમતો પરમ ઉદાર કૃપાનિધી, ચરણુ શરણુ સુખકારી;
તિહારે વશ સદા લાડીલી વર, તુવત્રટ ક્રિડત ગિરિધારી ૨
સબ વ્રજજન વિહરત સંગ મિલ, અદ્ભુત રાસ વિલાસી,
તુમ્હારે પુલિન નિકટ કુંજન દ્રુમ, કોમલ શશી સુવાસી. ૩
જ્યો મંડલમે ચંદ બિરાજત, ભર ભર છીરકત નારી,
શ્રમજલ હસત ન્હાત અતિ રસભર, જલ ક્રિડા સુખકારી. ૪
રાનીજીકે મંદિરમે નિત ઉઠ પાય, લાગ ભુવનકાજ સબ કીજે;
પરમાનંદ દાસ દાસી વ્હે, નંદ નંદન સુખ દીજે ૫

પદ ૬ ઠું.

પ્રફુલ્લિત બન વિવિધ રંગ ઝલકત,
યમુના તરંગ સોરભ ઘન, મુદિત અતિ સુહાવનો ૧
ચિંતામણી કનકભૂમી છબી, અદ્ભૂત લતા ઝુમી,
સિતલ મંદ અતિ સુગંધ, મરૂત આવનો ૨

સારસ હંસ શુક ચકોર, ચિત્રિત નૃત્યત સુમોર,
કલ કપોત કોકિલા કલ, મધુર ગાવનો. ૩
યુગલ રસિકવર વિહાર, **પરમાનંદ** છબિ અપાર,
જયતિ ચારૂ વૃંદાવન પરમ ભાવનો. ૪

પદ ૭ મું.

શ્રી યમુનાજીકી મહિમા, મોપે વરણી ન જાઈ.
સુર સુતા ઘનશ્યામ વરણ પ્રફુલ્લિત રૂપ નિકાઈ. ૧
શ્રી હરિ ગોપ વધુ દ્વિજ સબ, શ્રી ગોકુલકે લરકાઇ,
વ્રજાધીશ પ્રભુ આદિ ભકતનકો, સકલ સિદ્ધિ સુખદાઇ. ૨

પદ ૮ મું

શ્રી યમુના યમુના નામ ભજો.
હરખત કરો આરાધન ઈનકો, ઓરકો પથ તજો. ૧
દેહેં સકલ પદારથ તુમ કો, ઇનકે નામ રજો,
વ્રજપતિકી અતિહી પ્યારી, તાતેં સકલ શૃંગાર સજો. ૨

પદ ૯ મું

નિરખતહી મન અતિ આનંદ ભયો, દેખ પ્રભાત પ્રભાકર કન્યા.
જલ પરસતહી સકલ અઘ ભાજે, જયા હરિ દેખ હરણુકી સિન્યા.
ઓર જીવનકો ઓરનકી ગતિ, મેરી ગતિતો તુમહી અનન્યા;
વ્રજપતિકી તુમ અતિહી પ્યારી, તુમ સંગમતે જાન્હવી ધન્યા. ૨

પદ ૧૦ મું.

શ્રી યમુનાજી તિહારો પુલિન મોહિ ભાવે
સુર બ્રહ્માદિક ધ્યાન ધરત હે, સો સુપને નહિ પાવે ૧

બીચ બીચ કુંજ સદન અતિ સુંદર શ્યામા શ્યામ સુહાવે;
ચહું દિશ સકલ ફૂલ અતિ ફૂલે. ગુહી ગુહી કઠ ધરાવે. ૨

કુસુમનકે વીજના જો સંવારે, સખીયન વહી ઢુરાવે;
સુરદાસ પ્રભુ સબ સુખ સાગર, દિનદિન શોભા ભાવે. ૩

પદ ૧૧ મુ.

જયતિ ભાનુ તનયા ચરણ યુગલ વદે
જયતિ વ્રજરાજ નદ પ્રીયે સર્વદા, દેત આનંદ જયુ શરદ ચંદે ૧
જયતિ સકલ સુખ કારિણી, કૃષ્ણ મન હારિણી,
શ્રી ગોકુલ નિકટ વહત મંદે,
જાકે તટ નિકટ હરિ રાસમ ડલ રચ્યો,ત્યાહા નૃત્યત તાતા થેઇ થંદે ૨
જયતિ કલિદ ગિરિ નદિનિ દેત આનંદિનિ,
ભકત કે હરત સબ દુખ દ્વદે,
ચિત્તમેં ધ્યાન ધર મુદિત વ્રજપતિ કહે, જયતિ યમુને જયતિ નદનદે. ૩

પદ ૧૨ મુ.

શ્રી યમુનાજી પરમ કૃપાલ, જગતમેં.
વિનતિ કરત તરત સુનીલિની, ભયે મોપેં દયાલ. ૧

જો કોઉ મજ્જન કરત નિરંતર, તાતે ડરપતહેં યમકાલ,
વ્રજપતિકો અતિ પ્યારી કાલિંદિ, સ્મરત હોત નિહાલ. ૨

પદ ૧૩ મું.

શ્રી યમુનાજી યહ વિનતિ ચિત્ત ધરીએ
ગિરિધરલાલ મુખારવિંદ રતિ, જન્મ જન્મ નિત કરીયે. ૧
વિષ સાગર સંસાર વિષમ, સંગતે મોહિ ઉદ્ધરિયે;
કામ ક્રોધ અજ્ઞાન તિમિર અતિ, ઉર અંતર તે હરિયે ૨
તુમ્હારે સંગ વસો નિજજન સંગ, રૂપ દેખ મન ઠરીયે;
ગાઉં ગુણ ગોપાલ લાલકે, અષ્ટ વ્યાધિ તે ડરીયે. ૩
ત્રિવિધ દોષ હરકે કાલિંદિ એક કૃપા કર ઢરીયે;
ગોવિંદદાસ યહ વર માગે, તુમારે ચરણ અનુસરીયે, ૪

પદ ૧૪ મું.

જયતિ શ્રી યમુને પ્રગટ કલ્પ લતિકે
અષ્ટસિદ્ધિ અદ્ભુત વૈભવ સકલ,સ્વજન વિખ્યાત સ્વાધિન પતિકે. ૧
કેલિશ્રમ સુરત પયરૂપ વ્રજભુપકો, પુત્ર પયપાન દે વિશ્વ માતા;
અંગ નૂતન કરત પુષ્ટી તબ અનુસરત,ત્રિદલ રસકેલિકી અમિત દાતા,
રહત યમ દ્વારતે, મુકત સુખ ચારતે, નામત્રય અક્ષર ઉચ્ચાર કીને;
ઉભય લીલા વિષ્ટ વ્રજ પ્રિય કુમારિકા,તુર્યપ્રિયા વદત રસ રંગભીને.
અનાવૃત બ્રહ્મતે સદાવૃત વ્હે રહી કનક છાયા વિટપ શામ વલ્લી;
સદા પ્રફુલ્લિત દ્વારકેશ અવલોકકે નિત્ય આનંદ આભીર પલ્લી. ૪

પદ ૧૫ મું.

શ્રી યમુનાજી અધમ ઉદ્ધારની મે જાની,
ગોધનસંગ શ્યામ ઘન સુંદર, તીર ત્રિભંગી દાની ૧.

ગંગા ચરન પરસતેં પાવન, હર શીર ચીકુર સમાની;
સાત સમુદ્ર ભેદ યોં ભગિની, હરિ નખ શીખ લપટાની. ૨.
રાસરમણમાં નિત્ય પરાયણ, પ્રેમપુંજ ઠકરાની;
આલીંગન ચુંબન રસ બીલસન, કૃષ્ણ પુલીન રજધાની. ૩.
ગ્રીષ્મ ઋતુ સુખ દેત નાથકો, સંગ રાધીકા રાની;
ગોવિંદ પ્રભુ રવિતનયા પ્યારી, ભક્તિ મુકિતકી ખાની.. ૪

રાગ દેવગંધાર. પદ ૧૬ મું

તુમસે ઓર ન કોઈ શ્રી યમુનાજી.
